કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૯મું · અંક ૧૧મો

નવેમ્બર ૧૯૭૨

સળંગ અંક

૫૮૭

તંત્રી

બચુભાઇ રાવત



તુલિકાપાટવ

કલાકાર: મહેન્દ્ર જે. વાડિયા

('ઑ. ઈ. ફાઈન આર્ટસ ઍન્ડ ક્રાફ્ટ્સ સો.'ના સૌજન્યથી)

કુમાર

નવેમ્બર ૧૯૭૨ • અંક ૫૮૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર-કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫

વાચકો લખે છે...

'તા. ૪ (૫૯૦): હૂણોનાં આક્રમણોને પાછાં વાળનાર, ભારતના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસના સુવર્ણયુગ ગુપ્ત કાળના સમ્રાટ હર્ષવર્ધનનો જન્મ.' એ બાબતમાં જણાવવાનું કે હર્ષવર્ધન ગુપ્ત કુળનો ન હતો. તે થાણેશ્વરના રાજા પ્રભાકરવર્ધનનો પુત્ર. અને તેના વંશનું નામ 'પુષ્યભૂતિ' હતું. હિંદમાં હૂણોનાં આક્રમણોને ખાળનાર અને તેમને છેવટની હાર આપનાર ગુપ્ત રાજવી નરસિંહ ગુપ્ત અને માળવાનો રાજા યશોધર્મન હતા (ઈ. સ. ૫૩૦). વળી હર્ષવર્ધને કોઈ પણ હૂણ સરદાર સાથે યુદ્ધ કર્યાનું ઇતિહાસમાં નોંધાયું નથી. છેલ્લો હૂણ સરદાર મિહિરકુલ કાશ્મીરમાં સ્થિર થયો હતો. તેના મૃત્યુ પછી હૂણ સત્તા છિન્નભિન્ન થઈ ગઈ હતી. બાકી રહેલા હૂણો ભારતીય સમાજમાં ભળી ગયા હતા. આમ, હર્ષવર્ધન ન તો ગુપ્ત યુગનો સમ્રાટ હતો કે ન તો એણે હૂણોને હરાવ્યા હતા.

તા. ૨૦ (૧૭૧૨): રાજા દાહિરનો વધ. આ બનાવની વિગતો સાચી છે. પરંતુ સમય ખોટો છે. તે ઈ. ૭૧૨ હોવી જોઇએ, ૧૭૧૨ નહિ.

(ખોલવડ) —જી. જે. દેસાઈ

∞

અંક ૫૭૬માં શ્રી અશ્વિન દેસાઈ કૃત ટૂંકી વાર્તા 'પુલિન નામે છોકરો' વાંચી અત્યંત આનંદ અનુભવ્યો. સ્વચ્છ, સુંદર, છતાં ગાગરમાં સાગર પેઠે સમાવીને રજૂ કરેલા ઉમદા વિચારો, વાચકને સ્વપ્ને પણ ખયાલ ન હોય તેવી રીતે વાર્તાનો વિકાસ પેશ કરવાનો તરીકો, અને અણકલ્પેલ કે અણધાર્યો અંજામ, ખરેખર ધન્યવાદને પાત્ર છે. 'સેક્સ' અને 'લવ' સિવાય વાર્તા આકર્ષક અને અસરકારક ન થઈ શકે, તેમ જ તેવાં તત્ત્વોને પ્રાધાન્ય આપવું જોઈએ, એવા વિચારના હિમાયતીઓનો ભ્રમ ભાંગી નાખવા માટે આ વાર્તા એક જડબાતોડ જવાબ છે. સેક્સ વગેરેને લગતું સાહિત્ય એ લેખકના વિચારોનું પ્રતિબિંબ છે, અને વ્યાપારી દૃષ્ટિએ એનો પ્રચાર કરવામાં આવે છે. 'કુમાર' આવી વાર્તા માટે હાર્દિક દાદ અને ધન્યવાદ માગી લે છે. આવી કોટિનું સાહિત્ય પીરસવાથી જ સાચા નાગરિકનું ઘડતર થઈ શકશે.

(ભાવનગર) —મ. તા. કુરેશી

∞

જૂન અંકમાં કાકાસાહેબ કાલેલકરના મનોમંથન (૨૫)માં છેવટના પૅરેગ્રાફમાં ઉપનિષદનો મંત્ર છાપવામાં બે ભૂલો રહી ગઈ છે. એ આખો મંત્ર સુંદર છે અને તૈત્તિરીયોપનિષદ (૨-૯-૧) માં નીચે મુજબ છે:

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।
आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चनेति

'મન સાથે જ્યાં શબ્દો (તેને) પામ્યા વિના જ પાછા ફરે છે: બ્રહ્મના આનંદને જાણનારો પછી કશાથી બીતો નથી.' ઉપરના મંત્રનું અંગ્રેજી પદ્યમાં કરેલું ભાષાન્તર પણ બહુ જ સુંદર છે:

'He before whom words recoil,
And thought, failing to find him,
Who knows this bliss of Brahman,
He no longer fears aught.'
(Paul Deussen)

(મુંબાઈ) —નાથાલાલ શ્રૉફ

∞

અંક ૫૭૫, પૃ. ૪૭૩ પર મુંબાઈના 'હમદર્દી મંદિર' અંગે ઉલ્લેખ છે. તેના અનુસંધાને અહીં ભુજમાં પણ તેવા જ ઉદ્દેશવાળી અને પ્રવૃત્તિઓવાળી સંસ્થા શ્રી 'ભારતીય સેવા મંડળ' છે. ઈ. ૧૯૪૭ના જૂનની પહેલી તારીખથી તે ચાલે છે. તેની રજતજયંતી હમણાં ઊજવાઈ. સંસ્થા તરફથી જરૂરતમંદોને કપડાં, પેટન્ટ દવાઓ આદિની સહાય સંજોગોની નજરે કરવામાં આવે છે. અહીંની ઑસ્પિટલના કમનસીબ દર્દીઓને મળી આશ્વાસનના બે મીઠા શબ્દો સાથે તેમને જરૂરી સહાય છેલ્લાં ૨૫ વર્ષોથી કરવામાં આવે છે. સંપર્કસ્થાન: ઍડવૉકેટ શ્રી ઉમિયાશંકર કું. ગોર, સંતોષ સોસાએટી, ભુજ (કચ્છ).

ભુજ (કચ્છ) —ધનજી ખી. ગજરા

∞

'કુમાર'ના ૫૫૩મા અંકમાં સો વર્ષનું કૅલેન્ડર જોઈને સહજ કુતૂહલથી '૭૨નું કૅલેન્ડર જ જોવા લાગ્યો, તો તેમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧૯૭૨ના દિવસો તો બરાબર મળી જાય, છે પણ ત્યાર બાદ માર્ચથી ડિસેમ્બર સુધીના દિવસોમાં કંઈક ભૂલ લાગે છે.

(કલકત્તા) —શ્રવણ સોની

(કાલાવડ) —પ્રસાદ મહેતા

[* આપની વાત ખરી છે. જોકે ૧૯૭૩નાં વાર-તારીખ મેળવવામાં આ ભૂલનો ધક્કો લાગતો નથી, જ્યારે ૧૯૭૨ના માર્ચથી ડિસેમ્બર માટે 'ચ' ખાનામાં એ મેળ બેસી રહે છે.]

∞

'આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં' વિભાગમાં એક વાતનું આશ્ચર્ય થયું કે હેન્રી આઠમાએ ઍન ઑવ ક્લેવ્ઝ સાથે લગ્ન કર્યાં તે ઐતિહાસિક બીના સ્થાન પામી, પરંતુ ૨૬-૧-'૩૦ કે ૨૬-૧-'૫૦ના ભવ્ય દિવસો વિશે અક્ષર પણ દેખાયો નહિ. પ્રકાશ નાખશો.*

મારી નીચેની મૂંઝવણની, જરૂર લાગે તો શ્રી હરિવલ્લભભાઈ ભાયાણી જેવાનો સહકાર મેળવીને, છણાવટ કરી ઉપકૃત કરશો.

'શિરચ્છેદ' શબ્દની સંધિ છૂટી પાડતાં શું થાય? શિર + છેદ કે શિરસ + છેદ? કોઈક વ્યાકરણ અને કેટલીક ગાઈડમાં 'શિરસ + છેદ' મળે છે, પણ મને નીચેના નિયમને આધારે, 'શિર + છેદ' સાચું લાગે છે.

નિયમ: 'છ'ની પૂર્વે હ્રસ્વ સ્વર હોય તો 'છ'નો ચ્છ થાય છે. દા. ત. શિર + છત્ર = શિરચ્છત્ર; તરુ + છાયા = તરુચ્છાયા; પદ + છેદ = પદચ્છેદ; વિ + છેદ = વિચ્છેદ વગેરે

તો શું સાચું છે તે નિયમને આધારે બતાવશો.

(મહેસાણા) —ગોપાલભાઈ જે. પટેલ

[*આખા માસની બધી જ તારીખોના બધા જ બનાવો નોંધવા જતાં વિસ્તાર થતો હોવાના ભયથી દર વર્ષે નવી ને વિવિધ તારીખો અપાય છે. ભારત ગણતંત્રદિન અને સ્વાતંત્ર્ય-ઘોષણાદિન વિશે અગાઉ ઉલ્લેખ થઈ ગયો છે.]

∞

'કુમાર'માં પીરસાતું સાહિત્ય એવું ચિરંજીવ અને નિત્યનૂતન છે કે બાળકોને તે વારસામાં આપી જવા માટે તેની ફાઈલો બંધાવી હું સાચવું છું. પણ 'મફતિયા વાચન'ની આપણી પ્રજાકીય ટેવે 'કુમાર'ના મારા અમુક અંકો ગુમ કર્યા છે, જે મેળવવા માટે પ્રયત્ન કરતાં કરતાં હજુ નીચેના અંકો મને મળી શકયા નથી. કોઈ વાચક મિત્ર પાસે એ અંકો વધારાના હોય તો તે હું યોગ્ય કિંમતે લેવા ઇચ્છું છું:

ઈ. સ. ૧૯૩૯: એપ્રિલ–નવે. સિવાયના બધા અંકો; '૪૦ના મે માસ સિવાયના બધા અંકો. '૪૧ થી '૪૫ પાંચે વર્ષોના બધા માસના અંકો; '૪૬ નવે. '૪૭ ફે. મા. એ. મે. જુલા. સપ્ટે. ઑક્ટો; ૪૮ જાન્યુ. થી નવે. ૧૧ અંકો; '૪૯ જા. મા. જૂન જુલાઈ સપ્ટે. ઑ. ડિસે; '૫૦ જાન્યુ. થી ડિસે. પૂરા વર્ષના બધા; '૫૧. ડિસે. '૫૨ જૂન. ઑક્ટો. નવે. ડિસે; '૫૩. જા. ફે. ડિસે.

'કુમાર'ના વર્ષ ૧ થી વર્ષ ૧૫ સુધી સંવત પ્રમાણે તે નીકળતું હતું. તે પંદર વર્ષોની તમામ ફાઈલો જોઈએ છે.

મારી પાસે નીચેના અંકો વધારાના છે, જે જરૂરિયાતવાળાને વિના મૂલ્યે આપવા ઇચ્છું છું (પોસ્ટેજ મોકલવું જોઇએ): '૪૬ ફે. મા. ઑગસ્ટ; '૪૯ મે; '૫૩ જુલાઈ; '૫૪ જાન્યુ; '૫૫ ઑગસ્ટ;' ૫૬ જા. જુલાઈ, ડિ.; '૫૭ જૂન; સંવત ૮૮ પોષ-ફાગણ; સંવત ૮૯ શ્રાવણ; સંવત ૮૩. ભાદરવો-આસો.

—દલસુખભાઈ વિ. દવે, ૪ વિજય પ્લૉટ, રાજકોટ-૨

∞

'કુમાર'માં નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમજ કવનનો જે ટૂંકો પરિચય આપવામાં આવે છે તે ઘણો જ ગમે છે. શેક્સપીઅરની કથાઓ જેમ ગ્રંથસ્થ થઈ તેમ આ પરિચયો પણ ગ્રંથસ્થ થાય તો ગુજરાતને ગઝલકારો

બે પત્રો

થોડા સમય પર અમને મળેલો એક પત્ર તથા અમે લખેલો ઉત્તર આ નીચે સામસામા આપ્યા છે:

રાયપુર ચકલા, અમદાવાદ, તા. ૧૪-૮-૭૨

તંત્રીશ્રી 'જનસત્તા'

'કુમાર' જેવા પ્રસિદ્ધ માસિકમાં પણ હમણાં છપાયલી લઘુકથા થોડાં વરસો અગાઉ એક જાણીતા માસિકમાં આવેલી હસિત બુચની વાર્તા પરથી લેવાઈ જણાય છે, તેથી દુઃખ થયું. હજી આપણે ત્યાં આવું બધું નભે છે ને ચોકસાઈ માટે પ્રખ્યાત 'કુમાર'માં પણ તેને તક મળે છે તે વિચિત્ર છે. હસિત બુચની વાર્તા 'યામિની' નામે હતી. નામો બદલીને છેલ્લે લીટી બદલીને 'કુમાર'ની લઘુકથા આવે તેથી કંઈ સાચી હકીકત ઢંકાતી નથી. હવે બચુભાઈ ઘરડા થયા.

લિ.

ભૂપેન્દ્ર વિ. પંડયાના નમસ્કાર

'કુમાર', રાયપુર, અમદાવાદ, તા. ૧૭-૮-૭૨

ભાઈશ્રી,

'કુમાર'માં આવેલી એક લઘુકથા અંગે 'જનસત્તા'ના તંત્રીશ્રીને આપે લખેલો પત્ર અમને મોકલવામાં આવ્યો છે. એમાં આપે 'કુમાર'ની કઈ લઘુકથા, તેનો નિર્દેશ કર્યો નથી. એ નિર્દેશ હોય તો એ વિષે યોગ્ય કરી શકાય. અમે ઇચ્છીએ છીએ કે આ પત્ર આપે સીધો અમને જ લખ્યો હોત તો સારું થાત. વળી, આપ તો રાયપુર ચકલામાં જ રહો છો, એટલે રૂબરૂ મળવાનો પણ અવકાશ હતો. આશા છે કે આ પત્ર સાથે આપ અમને રૂબરૂ જ મળશો જેથી ખુલાસાથી નિખાલસપણે વાત થઈ શકે.

ભવદીય, બચુભાઈ રાવત

* અમારા જ લત્તામાં રહેનાર માણસ અમને સીધા મળવા કે લખવાનું સૌજન્ય કે નૈતિક હિંમત દાખવવાને બદલે અન્ય પત્રના તંત્રીને લખે એ વિચિત્રતા વિષે અમને સખેદ આશ્ચર્ય સાથે હેતુ વિષે થોડી શંકા પણ જાગી હતી; અને તે સાચી પડી. અમે લખેલો પત્ર 'Not known' (એ નામના કોઇ માણસની જાણ ન હોવા)ના શેરા સાથે ટપાલખાતા તરફથી અમને પાછો મોકલાયો છે. અહીં એ બંને પત્રો પ્રકટ કરવા પાછળનો અમારો હેતુ તો ઉપર્યુક્ત આક્ષેપ અંગે સત્ય શોધવાનો જ છે. અમારી વિનતિ છે કે સદરહુ પત્રના લેખક (અથવા અન્ય કોઈ જાણકાર વાચક), નિર્દેશેલી લઘુકથા તે કઇ, તેની માહિતી અમને મોકલશે તો (ઘરડા થયા હોવા છતાં પણ) ઘટતું કરીશું.

અને તેમની ચુનંદી શાયરીનો રસાસ્વાદ બંને મળી રહે. એ કરવાની મારી વિનંતી છે.

(વલસાડ) —લલ્લુભાઈ મકનજી પટેલ

[*એ વિભાગના સંપાદક એવું વિચારે છે ખરા.]

ઑગસ્ટ 'કુમાર'ના પૃ. નં. ૨૯૬ સામે આઝાદી પરસ્તોને સ્મરણાંજલિના અનુસંધાનમાં 'પાયાના પુરાએલા' મહાપુરુષોના સ્કેચ છાપ્યા છે. તેમાં સરદાર પટેલનો સ્કેચ જોવામાં આવતો નથી તે ખરેખર દુઃખદ બીના છે. આચાર્ય કૃપલાની ને કાકા કાલેલકર જેવી જીવંત પ્રતિષ્ઠિત વ્યક્તિ જો આપી શકતા હો તો સરદાર વલ્લભભાઈ પટેલનો તમે તેમાં સમાવેશ કેમ ન કર્યો? તેમનો સદંતર નામોલ્લેખ સુધ્ધાં નથી તે ઘણી જ દુઃખદ બીના છે.

(રાધનપુર) —પ્રવીણ દવે

[*એના મથાળા 'પાયામાં પુરાએલા' અનુસાર એ સ્મરણાંજલિ ઈ.સ. ૧૯૧૯માં ગાંધીજીએ અસહકારનો આખરી મુક્તિસંગ્રામ શરૂ કર્યો તે અગાઉના પ્રયત્નો કરનારાઓને લગતી છે. કાકાસાહેબ, કૃપલાની તો છેક કૉલેજકાળથી ક્રાંતિકારી થઈ ચૂક્યા હતા, જ્યારે સરદારશ્રી ગાંધીજીની લડતથી જોડાયા. એમનું સ્થાન તો સુવર્ણકળશ ચડાવનારાઓમાં મોખરે શોભે છે.]

સપ્ટે૦ અંકમાં 'ગણપતિ'ની સુંદર માહિતી કનુભાઈએ આપી. ગણેશમૂર્તિનું વૈવિધ્ય સૌરાષ્ટ્રમાં બહુ જોવા મળે. તેમાંથી પ્રભાસપાટણના ત્રિવેણી પાસેના શીતળામંદિરના ઓટા ઉપર ગણેશની એક બહુ રસિક પ્રતિમા આવેલી છે: ખોળામાં બેઠેલી શક્તિના સ્તન સૂંઢ વતી ગણેશે ગ્રહેલા છે, અને બહુ રસિક ભંગિ છે!

ગણેશની ઉત્પત્તિ વિષે કોઈ ઐતિહાસિક ગ્રંથમાં એવું વાંચ્યાનું સ્મરણ છે કે મનુષ્યદેવના પૂજક આર્ય કોઈ હાથીદેવ-પૂજકઆર્યેતર જાતિના સંઘર્ષમાં આવ્યા અને સંધિના પ્રતીક તરીકે મનુષ્યદેવ + હાથીદેવ = ગણેશ. આર્ય-અનાર્ય સંધિનું ગણેશ પ્રતીક છે એવું તો લાગે જ છે ને?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ત્રણ વર્ષોથી 'બોર' થઈ મૂગા મૂગા માથું કૂટતા 'કુમાર'ના વાચકોએ ૫૮૫મા અંકમાં 'વેતાળ પચ્ચાસી'ની ૨૯મી અને છેલ્લી વાર્તા છે એવી નોંધ વાંચી રાહતનો દમ લીધો હશે.

પણ ત્યાં તો 'ચૂપ કર હરામખોર, પચ્ચીસ પચ્ચીસ દિવસો સુધી (બંડલ) વારતાઓ સંભળાવીને તેં બચુભાઈને તો કોણ જાણે પણ બીચારા 'કુમાર'ના વાચકોને સારા એવા 'બોર' કર્યા છે, આજે એ તક મને લેવા દે' એમ વિક્રમ-રાજાને બદલે કહી, એક બીજું જ મડું 'કુમાર'ના વાચકોની ખાંધે એ જ અંકમાં ચડી બેઠું, અને ફાવે તેમ બકવાસ શરૂ પણ કરી દીધો!

તો 'કુમાર'ના હે સ્થિતપ્રજ્ઞ તંત્રીશ્રી, 'જંગલ બંધી'માં શ્રી સુનીલ કોઠારી નામના કષ્ટદાયક ભારને કયાં સુધી વહન કરવાનો છે તે અગાઉથી જણાવશો તો 'કુમાર'ના વાચકો માનસિક રીતે એ ભાર ઉપાડવા તૈયાર રહે.

(વડોદરા) —બાબુભાઈ છાડવા

શ્રી વિનોદભાઈ તથા તંત્રીશ્રી,

સપ્ટેમ્બરનું 'કુમાર' વાંચ્યું. તેમાં 'વૈતાળ પચ્ચાસી' વાંચી. આ પત્ર આપને ગયા અંક પછી જ લખવાનો હતો, પણ આપ આમ અચાનક અદૃશ્ય થવાનું નહિ જ વિચારો તથા તંત્રીશ્રી પણ આપને આમ જાકારો નહિ આપે.

મને ખાત્રી છે કે વાચકો વૈતાળ પચ્ચાસીથી 'બોર' તો થયાજ નથી. માટે ગમે તેમ કરી વાર્તાનો અંત બદલી મડાને સિદ્ધવડ પર પાછું ટીંગાડી વાર્તા ફરીથી શરૂ કરવા મહેરબાની કરશો અને તે માટે તંત્રીશ્રી પણ આપને નન્નો નહિ જ ભણે. આશા છે, ના ખાત્રી જ છે કે ઑક્ટોબરના 'કુમાર'માં મને વૈતાળ (એકસો) પચ્ચાસી'ની નવી સીરીઝની નવી વાર્તા વાંચવા મળશે

(અમદાવાદ) —હર્ષદ વ્યાસ

વિનોદ ભટ્ટને 'વૈતાળ પચ્ચાસી'ને ફક્ત 'છવ્વીસ'માં જ આટોપવાની પરવાનગી શા માટે અપાઈ હશે? મારી જેમ ઘણાય વાચકો 'કુમાર' ઉઘાડી પહેલાં એ જ ગોતી લેતા હશે એની તમને કદાચ ખબર નહિ હોય! કારણ ટૂંકમાં, હળવી ભાષામાં પણ ચોટદાર ચાબખા વિનોદભાઈ દેશના દંભીઓને ફટકારતા ત્યારે મઝા પડતી: જેમ ચલચિત્રમાં કોક ખલનાયકને પાઠ પડતાં પ્રેક્ષકોને આવે છે તેમ. માટે 'પચ્ચાસી' સુધી ખેંચવાની વિનોદભાઈને વિનંતી.

(મુંબાઇ) —શબ્બીર દિલેર

ફોટોગ્રાફી-હરીફાઈ નવા સ્વરૂપે

'કુમાર'ની ફોટોગ્રાફી હરીફાઈ પુનઃ જારી કરવાની ગયા અંકમાં આપેલી જાહેરાતથી પ્રેરાઈ તેને વધુ ઉત્તેજન આપવાની ભાવનાથી વિલેપાર્લેના શ્રી લાલચંદ ગગલાણીએ ચાલુ હરીફાઈમાં ઈનામને પાત્ર ઠરેલાં ચિત્રોની એક વાર્ષિક હરીફાઈ યોજવા તથા તેમાં આ વિષયના પ્રોત્સાહક તરીકે પોતાના તરફથી ૧૦૦/ રૂપિયાનાં ખાસ ઈનામો આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આનંદ સહ તેનો સાભાર સ્વીકાર કરતાં ચાલુ હરીફાઈ અંગે થોડા જરૂરી ફેરફાર સાથે તેના નિયમો ફરીથી પ્રકટ કરીએ છીએ.

(૧) આ હરીફાઈ હવેથી દર બે માસે, એટલે કે વર્ષમાં છ વખત યોજાશે. (૨) હરીફાઈ માટેનાં ચિત્રોનો વિષય અગાઉથી જાહેર કરવામાં આવશે. અને એ વિષયનાં (૩) નાનામાં નાના ૮ × ૧૦ સે.મી. તથા મોટામાં મોટા ૧૫ × ૨૦ સે. મી.ના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને માત્ર ગ્લૉસી પ્રિન્ટ જ મોકલવાના રહેશે. (૪) બેથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૫) દરેક ફોટો પાછળ મોકલનારનું પૂરું નામ-સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઈનામ ૧૫ રૂ., બીજું રૂ. અને ત્રીજું ૫ રૂ.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઈનામ પણ અપાશે.) **(૯) આ દ્વિમાસિક હરીફાઈમાં જે ચિત્રો જે કક્ષામાં ઈનામ પામ્યા હશે તે તે કક્ષામાં એ ચિત્રોને વર્ષને અંતે વાર્ષિક હરીફાઈ માટે લેવામાં આવશે અને તેમાં પ્રથમ ઈનામ રૂ. ૫૦, બીજું રૂ. ૩૦ અને ત્રીજું રૂ. ૨૦નું અપાશે.** (૧૦) જે ફોટો 'કુમાર'માં પ્રકટ થશે તે પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે (ચિત્રના કૉપીરાઈટ ફોટોગ્રાફરના જ રહેશે). અને (૧૧) એ સિવાયના પ્રિન્ટ, જો મોકલનારે પૂરતું પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે. તે સિવાય બાકી રહેતા પ્રિન્ટની કોઈ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ.

આગામી હરીફાઈનો ચિત્રવિષય : નિસર્ગદૃશ્ય
ફોટો મોકલવાની છેલ્લી તારીખ : ૩૦ નવેમ્બર ૧૯૭૨

સપ્ટેમ્બર અંકમાં વાંચવા મળ્યું કે 'વૈતાળ પચ્ચીસી'ની ટૂંકી પણ ખૂબ જ મજેદાર વાર્તાઓ આ અંકથી બંધ થાય છે. તેમાં તંત્રીનોંધ વાંચી ખેદ થયો. વાર્તા વાંચતા 'બોર' જરા પણ થવાતું નથી, તેમજ થયા પણ નથી. કુમાર હાથમાં આવતા જ 'વૈતાળ પચ્ચીસી'નો કટાક્ષ પહેલામાં પહેલો જોતા હોઈએ છીએ. આશા છે કે આ વાર્તાઓ ચાલુ રાખશો.

(નાની મેંગની) —કે. ન. વીટંકિયા

ઑગસ્ટ '૭૨ના અંકમાં શ્રી કનુભાઈ જાની દ્વારા એક ઘણું જ માહિતીપ્રચુર ને આસ્વાદ્ય ચરિત્ર મળ્યું. ઢસા, લાઠી, બગસરા ને હડાળાને સાહિત્યતીર્થો કરીને તેમણે જે નૂતન કોણ બતાવ્યો તે તો ઘણો જ તૃપ્તિકર થઈ પડ્યો. પૃ. ૨૮૪ પર આપેલા દુહામાં આ બાજુ જરા આ પાઠફેર સાંભળ્યો છે: તે 'જળ સસા' ને બદલે 'જળ જસા'. 'સસલા જેવા પાણીદાર' નહિ પણ 'પાણીના વેગ જેવા' 'પાણીપંથા' એવો અર્થ વધુ ઔચિત્યભર્યો નથી લાગતો?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ઈતના સુંદર ઔર વિવિધજ્ઞાનપૂર્ણ 'કુમાર' દેખને સે મન પ્રસન્ન હુઆ. મરાઠી મેં બહુત માસિક નિકલતે હૈં, લેકિન ઉન સબકા ધ્યાન કેવળ કહાનીઓં પર કેન્દ્રિત હોતા હૈ—ઔર આજકલ કી કહાની કૈસી હોતી હૈ? ઉનમેં જ્યાદા તર કિસ પ્રકારકા 'મસાલા' મિલાયા જાતા હૈ, કહનેકી જરૂરત હૈ નહીં. આપકો વિશેષતઃ ધન્યવાદ.

(બંબઈ) —શ્રી. રા. ટિકેકર

ઘણા મહિનાઓથી હું કબજિયાતથી પીડાતો હતો. ઘણા ઉપાય કર્યા પણ કંઈ મેળ ખાય નહિ. મોઢું સખત આવી જાય અને બેચેની રહે. છેવટે 'શિવાંબુ'નો કુદરતી ઉપચાર અજમાવ્યો. બે દિવસ નકોરડા ઉપવાસ કર્યા. માત્ર સ્વમૂત્ર અને પાણીનું સેવન કર્યું. ત્રીજે દિવસે મોઢું તદ્દન સારું થઈ ગયું અને હવે દસ્ત એકદમ સાફ આવે છે. હજી રોજ પાંચ ઔંસ જેટલું સ્વમૂત્ર સવારમાં લઉં છું.

'શિવાંબુ'નો કુદરતી ઉપચાર ઘણા મોટા રોગો પણ મટાડી શકે છે એવો એના પ્રચારકોનો દાવો છે. એ વિષેની માહિતીપુસ્તિકા તથા જરૂરી માર્ગદર્શન ડૉ. પરાગજી દેસાઈ, નાની મ્હેતવાડ, વલસાડ, પાસેથી જિજ્ઞાસુઓને મળી શકશે.

બીજા ઉપચારોથી હારેલા દર્દીઓએ આ કુદરતી ઉપચાર અજમાવી જોવા જેવો છે.

(સાન્ટાક્રુઝ) —અશ્વિન દેસાઈ

થોડા સમય પહેલાં કેટલીક નવોન્મેષી ને ઘડાતી કલમોની કાવ્યરચનાઓને સંગ્રહી તથા સંપાદન કરી મેં ત્રણેક પુસ્તિકાઓ પ્રગટ કરી છે. આ ત્રણ પુસ્તિકાઓનું કુલ મૂલ્ય આમ તો ત્રણ રૂપિયા ઉપર થવા જાય છે, પણ હવે જે થોડી નકલો મારી પાસે બાકી રહી છે તે હું જાહેર સંસ્થાઓ, પુસ્તકાલયો, તથા કાવ્યરસિકોને આપી દેવા ઈચ્છું છું. તો કાવ્યરસિકોએ તથા સંસ્થાઓએ નીચેના મારા સરનામે માત્ર ૫૦ પૈ.ની પોસ્ટલ ટિકિટો મોકલી આ ત્રણ પુસ્તિકાઓ મેળવી લેવાં વિનંતી છે.

(જવાહર રોડ-ઓખા) —જયંતી ચોકાઈ

'કુમાર'માં આકાશ-દર્શન આપો છો તે તારા-નક્ષત્રોનાં સ્થાનનું પ્રાથમિક જ્ઞાન મેળવવા માટે કેટલેક અંશે ઉપયોગી થઈ પડે છે. એક રીતે આને અમે અમારું પ્લૅનેટોરિયમ માનીએ છીએ: આ રીતે બારેબાર મહિનાઓનું આકાશ દર્શન મળી રહેશે. આ આકૃતિઓને આધારે પતરા ઉપર આકાશ-દર્શન તૈયાર કરવામાં આવે તો તે શાળાઓ માટે ભૂગોળ તથા ખગોળના શિક્ષણના એક સસ્તા શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી થઈ પડે. જાન્યુ. '૭૧માં સૂરત જિલ્લાના વિજ્ઞાન-મેળામાં અમે જાન્યુઆરીનું આકાશ-દર્શન ૬'×૬'ના પરદા ઉપર લાકડાની ફ્રેમ સાથે રજૂ કરેલું. તેની ઉપર ઘેરો ભૂરો રંગ લગાડેલો. તારાઓ-ગ્રહોનાં નામ કેસરી (ફ્લોરોસેન્ટ) રંગથી લખેલાં ને તેની બાજુમાં તારાના આકારો પતરામાં કાપેલા. આ રીતે પાછળના ભાગમાંથી સૂર્યનો પ્રકાશ આપવાથી આકાશ-દર્શનનું અસરકારક દૃશ્ય સાધન બનાવી શકાશે.

(અમરોલી, જિ. સૂરત) —ભૂપેન્દ્ર વકીલ

તૂલિકા-પાટવ

આ અંકના પૂઠા પરની એક જ આલેખનની અવળીસવળી છાપમાં અસલ તો નીચેની આકૃતિ છે. પૂઠાની રચનામાં ભારસામ્ય યોજવા માટે એને અવળી કરીને ઉપર મૂકી છે. સંગીતના કોઈ અટપટા પણ કર્ણમધુર સ્વરાલાપને મૂર્ત કર્યો હોય એવી એ આકૃતિમાં કલાકારે માત્ર પોતાના પીછી પરના કાબૂ વડે કરેલી એક ચાતુરીયુક્ત રેખા-રમત જ છે. એમાં કોઈ અર્થ અપેક્ષિત નથી, પણ અટપટા વળાંકો પાછળ રહેલું અટવાતા-ગૂંથાતા એક સળંગ રેખાગુચ્છનું મધુરું ગુંફન આંખને ગમે છે—સંગીતની તાન જેમ કાનને ગમે છે તેમ.



નવપ્રભાતની ખુશનુમા તાઝગીની અભિવ્યાપ્તિનું દર્શન

ફોટો · અશ્વિન મહેતા



ધણ · ચિત્રકાર: જગજીવન શાહ

સુમુક્ષા / હરિકૃષ્ણ પાઠક

· શિખરિણી ·

હશે જો એ કાળે ઘર સમ કશું, તો ઘર તજી
ફરી જાશું પાછા અરવ પગલાંનો પથ સજી.
પછી ધીરે ધીરે તનમન તણો બોજ વસમો
સરી જાશે, કાળે પળ-વિપળમાં એકજ સમો.

અને જે કો'રહેરા દિશદિશ થકી આવી મળશે
અજાણ્યા-જાણીતા સકલ સરખો રંગ ધરશે.
દિશા આ કે પેલી સકલ ધરશે એક જ ગતિ,
અસંગી હૈયું ને અટલ મરમી એક જ મતિ.

પછી કો' એકાકી વિજન વનમાં દેહ પડશે,
નરી શાંતિ; ભ્રાંતિ પણ ન યમની; કો' ન રડશે.

ગામ / કિશોરસિંહ સોલંકી

· શિખરિણી ·

પ્રભાતે હહેરાતાં તિમિર પરણો ઝાડ પરથી
ખરે મૂગાં મૂગાં;
હસે સ્પર્શે કૂવો નવવધૂ તણા; તાલ મચવી
કરે સાહેલીઓ નયનપલકે વાત મધુરી;
વહે માર્ગે ગાડાં, હળ; ધણ થકી ધૂળ કિરણે
નહાતી; સીમાડો હળવું મલકે; સૌ હરખથી
પરોવાતાં કામે; લહલહ થતો સૂરજ તહીં
બપોરી આંખોમાં તરસ છીપવી ખેતર પીતો.

ઢળે સંધ્યા ત્યાં તો સજીવન બને પાદર વળી
વિતા'વા રાત્રીને કલરવ શમે વૃદ્ધ વડલે;
રહ્યા ચાંખા-પાંખા ઝલમલ થતા દીપ ઝગતા;
થતાં બંધ દ્વારો ઉર ધબકતાં ક્યાંક નવલાં.
અને! આખો દા'ડો વલવલ કરી, થાક લઇને
શિશુની આંખો શું ઢળતું હળવે ગામ સઘળું.

નહિ આવે / જલન માતરી

દુ:ખી થાવાને માટે કોઈ ધરતી પર નહિ આવે,
હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહિ આવે.

છે મસ્તીખોર કિંતુ દિલનો છે પથ્થર, નહિ આવે,
સરિતાને કદી ઘરઆંગણે સાગર નહિ આવે.

અનુભવ પરથી દુનિયાના તું જો મળશે કયામતમાં,
તને જોઈ ધ્રુજારી આવશે, આદર નહિ આવે.

દુ:ખો આવ્યાં છે હમણાં તો ફક્ત બે-ચાર સંખ્યામાં,
ભલા શી ખાતરી કે એ પછી લશ્કર નહિ આવે?

ચમનને આંખમાં લઇને નીકળશો જો ચમનમાંથી,
નહિ આવે નજરમાં જંગલો, પાદર નહિ આવે.

હવે તો દોસ્તો, ભેગા મળી વહેંચીને પી નાખો,
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહિ આવે!

કરીને માફ સ્નેહીઓ ઉઠાવો એક બાબત પર
'જલન'ની લાશ ઊંચકવા અહીં ઇશ્વર નહિ આવે.

હું મેંદી છું કે મોર? / અરવિંદ ભટ્ટ

· ગાન ·

હું મેંદી છું કે મોર?

મારામાંથી કંઈક ખર્યું તે પીછું છે કે પાન?
આ તે મારી મર્મર છે? કે છે ગ્હેકાતું ગાન?
હું આમ-તેમ ઝૂલું છું? કે ઊડું છું ચારે કોર?
હું મેંદી છું કે મોર?

મને કોઇ પીસે છે? કે મારે સણસણતાં તીર?
લાલ રંગ નીંગળતો? કે નીકળતું મને રુધિર?
કળા કરું છું હું કે? થાતી ડાળ-ડાળ ઘનઘોર?
હું મેંદી છું કે મોર?

હાઇકુ / મીનાક્ષી દોશી

તળિયે બેઠી
માટી; પછી જંપ્યાં
જળ ધીમેથી.

તરંગો ભેળાં
દોડે ખાલી છીપલાં;
રહે કિનારે.

આભમાં ગર્જે
મેઘ; ધરાને અંકે
શમતાં મૌન.

સુમુક્ષા: સંસારી જંજાળોથી મુક્ત થઇને; માણસ મોક્ષની ઇચ્છા કરે ત્યારે તેના મનમાં જે ભાવ જાગે—ઘર ત્યજી, દુનિયાદારીના બોજથી હળવા ફૂલ થઈ, અરવ પગલે-કશી ધાંધલ ધમાલ વિના વિરક્તપણે ચાલી નીકળીને વિવિધ માનવતાની વચ્ચે પણ અલિપ્તપણે કેવળ પરમ તત્ત્વના ચિંતનમાં જ રહી અંતે કોઈ વિજન વનમાં દેહ પડે ત્યારે, કોઈ શોક કરનાર પણ પાસે ન હોય અને મનમાં યમની પણ ભ્રાંતિ સુધ્ધાં ન હોય એવી શાંતિ હોય—એવી મનોદશાનું, તેને ઉચિત ધીર-ગંભીર શિખરિણી છંદમાં આલેખન. ◖ ગામ: સવારથી રાત સુધીનું ગ્રામજીવનનું મધુર આલેખન 'ખરતાં તિમિરપર્ણો', 'કિરણે નાહતી ધણની ધૂળ', 'ખેતર પીતો બપોરી સૂરજ' અને અંતમાં 'શ્રમિત શિશુની આંખશું ઢળતું ગામ વગેરે નવીન કલ્પનામઢ્યાં ચિત્રો એક આશાસ્પદ ઊગતી કલમની આગાહી કરે છે. ◖ નહિ આવે: પ્રસાદયુક્ત ચોટદાર બાનીમાં ભાવોને વેધ કરીને હૈયામાં ઉતારવાની ગઝલની શક્તિનું એક ઉમદા ઉદાહરણ, જેમાં દુનિયાની પ્રવર્તમાન દુ:સ્થિતિ આલેખીને અંતે તો જાતે જ ઝેર પીવાનો-ઈશ્વર પર આધાર રાખ્યા વિના ખભેખભા મિલાવીને પુરુષાર્થ ખેડવાનો ખુમારીભર્યો પ્રબોધ આપ્યો છે. ◖ મેંદી અને મોરનાં પ્રતીકો દ્વારા સુંદર તત્ત્વની સૂચક-અને ક્યાંક એ સુંદરતાનો હ્રાસ કરતી પ્રવૃત્તિની વેધક વ્યંજના.

અદ્‌ભુત આત્મશ્રદ્ધા, નિર્ભ્રાન્ત નિરધારશક્તિ અને અજોડ અભ્યાસનિષ્ઠાવાળી યશસ્વી વિદ્યાર્થીઅવસ્થા ગાળીને આજીવન અપરિણીત રહી નિર્ધારિત ધ્યેયને જીવન અર્પણ કરનાર



સમર્થ
અર્થશાસ્ત્રી
કુશળ
વહીવટકાર
અને પ્રચંડ
મનોઘટનાશાળી
પુરુષ

મહામાનવ મનુ સુબેદાર

ત્યાશીવર્ષની જૈફ ઉંમરે નિધન થયું એ એક કુટુંબ માટે સ્નેહજન્ય અંગત આઘાતક પ્રસંગથી ખાસ વિશેષ હોતું નથી; પણ જે વ્યક્તિ વિશાળ સમાજને કુટુંબ બનાવીને બેઠી હોય તેનું પૂરી પાકટ વયે થએલું અવસાન પણ મોભ ગુમાવ્યાની અસહાયતાનો અવસાદ જન્માવી જાય છે. શ્રી મનુ સુબેદારનું ગઈ ૧૦મી ઑક્ટોબરને મંગળવારે રાત્રે સાડા દસ કલાકે મુંબાઈમાં વરલી ખાતેના તેમના નિવાસસ્થાને ૮૩ વર્ષની વયે અવસાન થયું ત્યારે સમાજ અને કેટલીક સંસ્થાઓએ ભારે ઓથ ગુમાવ્યાની આવી જ દુઃખદ લાગણી અનુભવી.

એમનો જન્મ ઈ. ૧૮૮૯ની પાંચમી મેના રોજ ભાવનગર ખાતે થએલો. માત્ર સાત જ માસની વયે એમણે પિતૃચ્છાયા ગુમાવી. પછી તો એ મુંબાઈમાં કાકાને ત્યાં ઊછરવા લાગ્યા. વહાણવટાના વ્યવસાયમાં હોવા છતાં પિતા મૃત્યુ સમયે સંતાનો માટે કશી મૂડી મૂકતા ગયા નહોતા. એમાં યે મનુભાઈ તો ચાર ભાંડુમાં સૌથી નાના, એટલે એમને તો એ પરિસ્થિતિનો ખયાલ સુધ્ધાં આવી શકે તેમ નહોતો.

મુંબાઈની ઍલ્ફિન્સ્ટન સ્કૂલમાં તેમજ ભરડા ન્યૂ હાઈસ્કૂલમાં એમનો શાળાભ્યાસ. કિશોર-કુમાર કાળથી જ એમની પ્રતિભાએ તેજ પ્રકાશેલું. તેની પ્રતીતિ મૅટ્રિકમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈને એમણે કરાવી આપી. પછી ઈ. ૧૯૦૬માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં એ દાખલ થયા ને સમગ્ર કૉલેજકાળ દરમિયાન સ્કૉલર તરીકેની નામના જાળવી રાખી.

આ કૉલેજકાળ દરમિયાન જ એમના સ્વતંત્ર વ્યક્તિત્વનો સૂચક એક પ્રસંગ બની ગયો. કોઈ બાબતમાં કાકા સાથે મતભેદ પડતાં એમણે કાકાનું ઘર છોડી હોસ્ટેલવાસ સ્વીકાર્યો. અને એ જ પ્રસંગે એમની અમોઘ આત્મશ્રદ્ધા પણ ઝળકી ઊઠી. હોસ્ટેલમાં રહેવા ગયા ત્યારે એમની પાસે ફી ભરવાના પણ સાંસા હતા. એ પોતાના અંગ્રેજ પ્રિન્સિપલ કૉવર્નટનને મળ્યા અને ફી ભરવા માટે થોડી મુદત માગી. પ્રિન્સિપલે પૃચ્છા કરી કે પૈસા ક્યાંથી આવવાના હતા. જવાબમાં મનુભાઈએ જણાવ્યું કે કૉલેજની નિબંધ હરીફાઈમાં પોતે ભાગ લીધો છે અને તેનું રૂ. ૧૨૦નું પારિતોષિક પોતે જ મેળવશે એવી શ્રદ્ધા છે. આ સાંભળીને આચાર્યને કદાચ આશ્ચર્ય થયું હશે. પણ વિદ્યાર્થી મનુ સુબેદારની શ્રદ્ધા ફળી: એ હરીફાઈમાં ભલભલા સ્નાતકોએ પણ ભાગ લીધો હોવા છતાં સૌને બાજુએ રાખી મનુભાઈ જ ઈનામ જીતી ગયા અને એ રકમમાંથી એમણે ફી ભરી દીધી. એ વર્ષના કૉલેજ મૅગેઝીનમાં પ્રિન્સિપલે સુબેદારની બુદ્ધિશક્તિને બિરદાવતી પ્રશંસાપૂર્ણ નોંધ લખી ને પછી તો એ પ્રિન્સિપલ કૉવર્નટનના પ્રીતિપાત્ર બની રહ્યા.

એ જ્યારે ઈન્ટરના વર્ષમાં આવ્યા ત્યારે નબળી આંખોએ એમના અભ્યાસમાં વિઘ્ન ઊભું કર્યું. ડૉ. ફ્રેઝરે એમને વાંચવાની ના પાડી અને અભ્યાસ છોડી દેવાની સલાહ આપી. એમને આથી નિરાશા તો વ્યાપી; પણ આંખોની માવજત લેવાનું તત્કાલ શરૂ કરી દીધું, વાચન તદ્દન બંધ કર્યું અને કેવળ અધ્યાપકોનાં વ્યાખ્યાન સાંભળીને જ તેને આધારે એમણે અભ્યાસ જારી રાખવાનો નિરધાર કરી લીધો. પછી તો પરીક્ષા સમયે એમના મિત્ર સ્વ. કે. ટી. શાહ (પાછળથી એવા જ તેજસ્વી નીવડેલા ખુશાલ તકલશી શાહ) એમની પાસે મોટેથી વાંચતા અને મનુભાઈ એ બધું ધ્યાનપૂર્વક સાંભળીને એવું જડબેસલાક સ્મૃતિમાં સંઘરી લેતા કે એમણે ઈન્ટર આર્ટ્સની પરીક્ષામાં પણ પ્રથમ નંબર મેળવ્યો અને બધાં જ પારિતોષિકો જીતી ગયા! એમની અદ્‌ભુત આત્મશ્રદ્ધા, યશસ્વી યાદદાસ્ત, નિર્ભ્રાંત નિરધારશક્તિ અને અજોડ અભ્યાસનિષ્ઠાનાં અહીં દર્શન થયા વગર રહેશે નહિ. અભ્યાસમાં એઓ અગ્રિમ રહેતા તેનું રહસ્ય જણાવતાં પોતે કહેતા કે અભ્યાસમાં તો લગીરે પાછળ રહેવું નહિ. એક ઈંચ પણ પાછળ રહી ગયા તો એકદમ નીચે જ ગબડી પડ્યા જાણો! વળી અભ્યાસમાં એ એકલાં પાઠ્ય પુસ્તકો પર જ આધાર ન રાખતા. (અત્યારે તો પાઠ્યપુસ્તકો પણ પૂરાં વંચાતાં નથી!) અનેક સંદર્ભગ્રંથોનો પણ એ આશ્રય લેતા. અઢાર વર્ષની વયે તો એમણે મુંબાઈના દૈનિક 'સાંજ વર્તમાન'માં રાજકારણને લગતા અગ્રલેખો પણ લખવા માંડ્યા હતા. આવા પ્રત્યેક લેખના એમને જે ચાર ચાર રૂપિયા મળતા તે એમની આર્થિક ભીંસને હળવી કરતા.

આ સંજોગોમાં ઇતિહાસ ને અર્થશાસ્ત્રના વિષયો લઈ એ બી.એ.માં સમગ્ર કૉલેજમાં પ્રથમ આવ્યા અને ફેલો નિમાયા. એમની આ તેજસ્વી કારકિર્દીને લઈ એ સ્નાતક થયા ત્યારે, ગોકુળદાસ તેજપાલ ચૅરિટીઝ તરફથી રૂપિયા પાંચ હજારની શિષ્યવૃત્તિ અને શ્રી લલ્લુભાઈ શામળદાસ તરફથી બે હજારની લોન વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅંડ જવા માટે મળી. ત્યાં જઈ તે વખતના સુખ્યાત સામયિક 'રિવ્યૂ ઑવ રિવ્યૂઝ'ના જગવિખ્યાત તંત્રી ડબ્લ્યુ. ટી. સ્ટેડ પાસે પત્રકારત્વની તાલીમ લેવાની તેમની ઉમેદ હતી. પરંતુ દરમિયાનમાં જંગી જહાજ 'ટિટૅનિક'ની હોનારતમાં સ્ટેડનું અવસાન થયું; એટલે મનુભાઈ પૉલિટિક્સ-ઇકૉનૉમિક્સના અભ્યાસ માટે લંડન યુનિવર્સિટીમાં જોડાયા. ત્યાં પણ લગભગ અઢી સો વિદ્યાર્થીઓમાં (જેમાંના મોટા ભાગના ગોરા હતા.) તે પ્રથમ આવ્યા!

લંડનમાં પણ આર્થિક મુશ્કેલીઓ તો ઊભી જ હતી. એને હલ કરવા તેઓ ધનિક વિદ્યાર્થીઓને ઇકૉનૉમિક્સ અને બૅંકિંગનાં ટ્યૂશન આપતા. ઘણી વાર તો રૂમના ભાડા માટે પણ પૈસા ન રહેતા ત્યારે એ કોઈ મકાનના દાદર નીચે પડી રહેતા! આવા કપરા સંજોગોમાં પણ એમણે સરસ્વતીની આરાધનમાં મણા રાખી નહોતી. ને પરિણામે ઇકૉનૉમિક્સ સાથે બી. એસસી. થઈ ઈ. ૧૯૧૨માં બાર-ઍટ-લૉની પરીક્ષા પણ આપી.

ઈ. ૧૯૧૪માં તેજસ્વી અર્થશાસ્ત્રી અને બૅરિસ્ટર થઈ ભારત પાછા ફર્યા ત્યારે એમને મુંબાઈ અને કલકત્તા બંને યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ અધ્યાપક અને પરીક્ષકની નિમણૂક મળી. પછી તો અધ્યાપન-વ્યવસાય છોડી એ કાપડ-ઉદ્યોગમાં જોડાયા, ને એમાં પોતાની વિશિષ્ટ પ્રતિભા દાખવી એવી તો નામના કાઢી કે ઈ. ૧૯૧૭થી '૩૭ દરમિયાન

વ્યાપાર ઉદ્યોગની સંખ્યાબંધ સંસ્થાઓ સાથે એઓ એક યા બીજા નાતે અગ્રપદે સંકળાએલા હતા. એમના અર્થશાસ્ત્ર વિષયક જ્ઞાનને લઈને એમને પચીસેક જેટલાં પ્રમુખ રજવાડાંના નાણાકીય સલાહકાર પણ નીમવામાં આવેલા. ઈ. ૧૯૩૦માં મુંબાઈ સરકારે એમની મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય તરીકે નિમણૂક કરેલી. ઈ. ૧૯૩૧માં ખાસ નિમંત્રણથી બૅંકિંગ ઈન્કવાયરી કમિટીના સભ્યપદેથી એમણે એક અલગ લઘુમતી હેવાલ પણ તૈયાર કર્યો હતો. ઈ. ૧૯૩૫માં એઓ 'ઇન્ડિયન મર્ચેન્ટ્સ ચેમ્બર'ના પ્રમુખ વરાએલા. ઈ. ૧૯૩૭માં જ્યારે કૉંગ્રેસે નવા બંધારણ નીચે સર્વ પ્રથમ પ્રાંતિક સરકારો રચી ત્યારે શ્રી સુબેદારને વડી ધારાસભામાં પ્રવેશ મળેલો. બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં મુંબાઈ સરકારે ગ્રામ અર્થતંત્રના ઉત્કર્ષ માટે રચેલી સમિતિના અધ્યક્ષ તરીકે એમને નીમીને એમની શક્તિઓને અર્ઘ્ય આપ્યો હતો, વળી રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારત સરકારે નીમેલા પંચ સમક્ષ શ્રી સુબેદારે પોતાની માન્યતાઓનું વિસ્તૃત નિવેદન કરેલું, અને અલગ અલગ રાજ્યોને બદલે દેશવ્યાપી અખંડતાવાળી સરકારની રચના માટે એમણે જવાહરલાલ સાથે ૧૯૪૭માં લંબાણથી વાટાઘાટો પણ કરેલી. ભાષાવાર પ્રાંતરચના ભારતની એકતા માટે વિઘાતક છે એ ભવિષ્ય એમણે ભાખેલું તેમાં આપણને એક દૂરંદેશ રાજપુરુષનાં દર્શન થાય છે.

ઈ. ૧૯૪૭થી એ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થઈને સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં જોડાયા. ઈ. ૧૯૪૩માં એમણે 'લોટસ ટ્રસ્ટની સ્થાપના કરી તેને આશ્રયે દુઃખી, ત્યક્તા સ્ત્રીઓ માટે મુંબાઈ ખાતે વરલીમાં, ત્રણ સો બહેનો રહી શકે તેવી 'બાપનું ઘર' નામની સંસ્થા સ્થાપી અને એ સંસ્થાના નિભાવ માટે એ જ (લોટસ) નામના એક સિનેમા થિયેટર અને હોટેલની પણ સ્થાપના કરી આપી. આ 'બાપનું ઘર' સંસ્થાનો વિકાસ દિલ્હી અને કલકત્તા શાખાઓ સુધી પણ વિસ્તરેલો છે.

આપણા દેશના આયુર્વેદમાં પણ એમને અપાર શ્રદ્ધા હતી. એના ઉત્કર્ષ માટે એમણે સક્રિય ઊંડો રસ લીધો હતો. એમના જ પ્રયત્નોને પરિણામે 'લોટસ ટ્રસ્ટ'માંથી પાંચ લાખ રૂપિયાના દાનથી અમદાવાદમાં 'અખંડાનંદ આયુર્વેદિક ઑસ્પિટલ' અને 'અખંડાનંદ આયુર્વેદિક કૉલેજ'ની સ્થાપના થએલી. રૂપિયા ૫૦,૦૦૦ની બીજી સખાવત કરીને એમણે અમદાવાદ આયુર્વેદ વિકાસ મંડળનો આરંભ કરાવેલો. વળી, ગુજરાત રાજ્યની આયુર્વેદિક કૉલેજમાં દર વર્ષે સંસ્કૃતમાં પ્રથમ આવતા વિદ્યાર્થીને પોતાના તરુણ કાળના ઉપકારક 'લલ્લુભાઈ શામળદાસ મહેતા'ના નામની શિષ્યવૃત્તિ આપવાના હેતુથી ગુજરાત સરકારને એમણે રૂપિયા ત્રીસ હજાર આપેલા. ઉપરાંત મુંબાઈ વિલેપારલેમાં 'પ્રકાશાનંદ આયુર્વેદિક ઑસ્પિટલ'ની સ્થાપના માટે એમણે રૂપિયા દસ લાખ આપ્યા હતા. મુંબાઈ યુનિવર્સિટીને પણ આયુર્વેદિક ફૅકલ્ટી માટે એમણે રૂપિયા સોળ લાખ જેવી માતબર રકમ આપી હતી. અમદાવાદમાં છેલ્લે છેલ્લે 'આયુર્વેદિક ઑસ્પિટલ ઍન્ડ રીસર્ચ ટ્રસ્ટ' સ્થાપવા એમણે રૂપિયા બે લાખનું દાન કરેલું, અને રૂપિયા દસ લાખની બાંહેધરી પણ આપેલી. પોતાની નબળી આંખોની વેદનાથી પ્રેરાઈને એમણે સોલાપુર અને મુંબાઈ ખાતે 'લોટસ આઈ ઑસ્પિટલ' પણ બંધાવી. આ ઉપરાંત અનેક વિદ્યાર્થીઓ, વ્યાધિગ્રસ્ત લોકો, વિકટ પરિસ્થિતિમાં મુકાએલાં કુટુંબો ને સાધુસંતોને એમણે નેપથ્યમાં રહીને પારાવાર મદદ કરેલી. એમની આવી સખાવતોનો સરવાળો લગભગ ૬૦ લાખ રૂપિયે પહોંચે છે. આવી માતબર રકમનું દાન કરવા છતાં ક્યાંયે એમણે પોતાનું નામ જોડયું નથી!

એમની આ નિસ્પૃહી વૃત્તિ અને માનવીય ગુણસમૃદ્ધિ ખીલવવામાં બે મહાન વિભૂતિઓનો ફાળો અમૂલ્ય હતો. એક, સ્વામી અખંડાનંદ અને બીજા સ્વામી પ્રકાશાનંદ. આ બંને સ્વામીઓએ એમની આંતરિક ખોજની અભીપ્સાને મહદંશે તૃપ્ત કરી હતી. સ્વામી અખંડાનંદ

કોઈ પણ સંસ્થા સાથે પોતાનું નામ જોડયા વિના, કેવળ નેપથ્યમાં રહીને એમણે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અઢળક દાન અને ન ભુલાય તેવી સેવા આપ્યાં.

સાથે એઓ ઈ. ૧૯૦૬માં શ્રી અમૃતલાલ સુંદરજી પઢિયારને ત્યાં પરિચયમાં આવ્યા હતા. તે વખતે 'સસ્તું સાહિત્ય વર્ધક મિત્રમંડળ'ના એઓ સૌથી નાનેરા સભ્ય! પરંતુ સ્વામીજીને એમની શક્તિઓની જાણ થતાં વાર લાગી નહિ. ઈ. ૧૯૩૯માં 'સત્યાગ્રહ અને અસહયોગ' નામનું પુસ્તક પ્રગટ થયું અને અખંડાનંદજી પર રાજદ્રોહનો આરોપ મુકાયો ત્યારે શ્રી સુબેદારે મુંબાઈ સરકારના ગૃહખાતામાં એ કેસની કુનેહભરી રજૂઆત કરેલી. ત્યારે સ્વામીજીએ એમને પત્રમાં લખ્યું: 'ઈશ્વરનો મહિમા અપાર છે. આ સંસ્થા સાથે આપનો સંબંધ જોડાય એવી તે સર્વેશ્વરની ઇચ્છા વિના આ ઓછું જ બને છે?'

કોને ખબર કે શ્રી સુબેદાર અને 'સસ્તું સાહિત્ય'ના ભાવિ ઘનિષ્ઠ સંબંધનો આ સંકેત હશે! પછી તો સ્વામીજીએ ઉત્તરાવસ્થામાં 'સસ્તું સાહિત્ય' સંસ્થાને સમેટી લેવાનું વસિયતનામું બનાવેલું. એમાં એક શરત એવી પણ હતી કે ટ્રસ્ટીઓ જો લાખ રૂપિયા ભેગા કરી લાવે તો સ્વામીજી એ સંસ્થા ચાલુ રાખવા સંમત થાય. શ્રી સુબેદારે લાખ રૂપિયા આપવાની તૈયારી બતાવી. તો સામે સ્વામીજીએ એમની સન્નિષ્ઠાની કદર કરી પૈસા લેવાની ના પાડી સંસ્થા ચાલુ રાખવાની હા પાડી! જો કે શ્રી સુબેદારે તો ઈ. ૧૯૪૫માં લાખ રૂપિયા 'સસ્તું સાહિત્ય' સંસ્થાને આપી જ દીધા. ત્યારથી ઈ. ૧૯૬૦ સુધી એ આ સંસ્થાના ટ્રસ્ટના ચેરમૅન રહ્યા હતા. આ ગાળા દરમિયાન તેમજ પછીથી જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમણે 'સસ્તું સાહિત્ય' ટ્રસ્ટની તન, મન અને ધનથી કાળજી કરી હતી.

સ્વ. સુબેદારની કલમની વિશ્લેષણ શક્તિ અજબ હતી. એમનાં લખાણોમાં 'અર્થતંત્રની આંટીઘૂંટી' તથા 'ગીતા ઍઝ એક્સ્પ્લેઈન્ડ બાઈ જ્ઞાનેશ્વર મહારાજ' ખૂબ જાણીતાં છે. એમણે સ્થાપેલી બધી જ સંસ્થાઓનો વહીવટ કુશળતાથી ચાલી શકે તે માટે એમણે ઈ. ૧૯૭૦માં 'લોટસ ઑસ્પિટલ ટ્રસ્ટ' નામક નૂતન ટ્રસ્ટની સ્થાપના કરેલી.

આજીવન અપરિણીત, સમર્થ અર્થશાસ્ત્રી, કુશળ વહીવટકાર, અવિરત પ્રવૃત્તિપરાયણ, સમુદાર સજ્જન, પ્રચંડ મનોઘટનાશાળી પુરુષ શ્રી મનુ સુબેદાર કીર્તિથી સદા પર રહ્યા હતા. નેપથ્યમાં રહીને પણ એમણે આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે ન ભુલાય તેવી સેવાઓ આપી છે. એમની કડક કાર્યપદ્ધતિ અને મૃદુ માનવીય વ્યવહાર જોતાં 'ઉત્તર રામચરિત'માંની નાટ્યકાર ભવભૂતિની પેલી પંક્તિ સહેજે યાદ આવી જાય છે: 'वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि'. પરદેશની સભ્યતા અને સંસ્કૃતિના વિશાળ પરિચયમાં આવ્યા છતાં એમનું અંતરંગ ભારતીય સંસ્કૃતિથી અભિભૂત હતું. એક તરફથી એમની આ શક્તિઓનો સમાજને અવિસ્મરણીય લાભ મળ્યો તેનો આનંદ છે, તો બીજી તરફથી એમની દૂરંદેશ રાજકીય દૃષ્ટિ અને અભ્યાસપૂત તથા દક્ષ અર્થશાસ્ત્રીય જ્ઞાનનો લાભ સ્વતંત્ર ભારતે જોઈએ તેટલો ન લીધો તેનો વસવસો પણ રહેશે. આવા મહામાનવ મનુ સુબેદાર આજે આપણી વચ્ચે નથી, પરંતુ એમની નિસ્પૃહી સેવાવૃત્તિનાં સ્મારક જેવી અનેક નાનીમોટી સંસ્થાઓ ચિરકાળ સુધી એમના વ્યક્તિત્વના સૌરભને પમરાવ્યા કરશે.

ધીરુ પરીખ

આશા પુતલી અને એવું બધું

એ બાઇ એટલે
છટપટાટ, છન છન છન છન
વીજળી ગળી ગઇ હોય તેવો તરવરાટ
ટૅલેન્ટેડ તો પાર વિનાની
ને પાછી રૂપમાં 'પૂતળી'



એક દહાડો આ ફટાકડી ક્યાંક ગાતી હતી; ને તેનો અવાજ સાંભળી, અમેરિકાના સંગીત-જગતનો મોટો વિવેચક—જાઝ, બ્લ્યૂ, પૉપ મ્યૂઝિકના 'હાઇ પ્રીસ્ટ' ગણાતા મહંત વિવેચક જૉન હૅમંડનું ફટક્યું: 'કોણ? આ ઇન્ડિયન ગર્લ કોણ? આ ઇસાડોરા ડંકન જેવાં નખરાં કરનાર કોણ છે? જાનીસ જૉપલીન જેમ ગળાંફાટ ગાનાર આ કોણ છોકરી?'

ઇંગ્લૅંડમાં ચાંદામામાનો ઉતારો ક્યાંક સરે (પરગણા)માં કિંગ્સ્ટન અપૉન ટેઈમ્સ મુકામે શ્રી નટુભાઈ પટેલને ત્યાં; ને મારો (સેન્ટ્રલ) લંડનમાં મેફેર વિસ્તારમાં વેસ્ટએન્ડમાં મિસિસ ફ્રેઝરને ત્યાં; બાઈ મોટા બૅન્કરની વહુ. તેનો દીકરો રૉબર્ટ ફ્રેઝર પહેલાં લંડનમાં ગૅલેરી ચલાવતો. લિવિંગ થીએટરવાળા કળાકારો દ્વારા મને પરિચય થએલો. હાલ તે ભારતમાં મદ્રાસ ખાતે. તેણે કહેલું: 'ખુશીથી! મોટું ઘર છે. મા પણ ખુશ થશે. રહેજે!' આપણી જરૂરીઆતો કેટલી? દિવસરાત લંડન પગ તળે કરવાનું; નાટક-સિનેમા ને બાલે જોવાનાં; ને ફરતા રામ! મુંબાઈથી નીકળતાં જ લક્ષ્મી વિશ્વનાથન્ જોડે બધું ગોઠવેલું, તેમ અમારાં ડાન્સ ડેમૉન્સ્ટ્રેશન વગેરે તારીખવાર લંડન, બ્રસેલ્સ, પારી(સ)માં ગોઠવાએલાં; અને ન્યૂ યૉર્ક જવાના પેંતરા ગોઠવ્યું.

એક બપોરે ચાંદામામાનો ફોન: 'બરાબર દોઢ વાગ્યે બૉન્ડ સ્ટ્રીટમાં એર ઇન્ડિયાની ઑફિસે મળો. થોડાં સરનામાં પાકાં કરી લઈએ. આવવાનાં હોય તો તમારાં લક્ષ્મી વિશ્વનાથનને લાવજો: દર્શન કરી ધન્ય થઈશું!' દોઢમાં દસ મિનિટ વહેલાં અમે બેય હાજર. ચાંદામામા દોઢે બરાબર હાજર; એક મિનિટનો ફરક નહિ. જે કંઈ કામ, ટિકિટ-ફિકિટનું, હતું તે પતાવી કહે: 'ચાલો, હવે તમને ચા પાઈએ, જમાડીએ. કુમારી લક્ષ્મીનાં નૃત્યો તો જોવા મળશે ત્યારે ખરાં-હમણાં તેમની વાણી સાંભળીએ.' કહી બાજુના એક ઈટાલિયન કાફેમાં લઈ ગયા.

ચં. ચી.ના પ્લાન પાકા. દિવસ, તારીખ, ટાઈમ—વિમાન ઊપડવાનો સમય—તેની ચકાસણી પાકી. ટપાલ, પત્રો, ડાક, કાગળિયાં; બે હાથમાં માય નહિ એટલી બધી ઍર-ટિકિટો; એક બૅગ; ગરમ કોટ; ને જુવાનને ય શરમાવે તેવી હડફડ હડફડ દોડ—ઉતાવળ! ધમાલ! પણ બધું ટાઈમસર કરવા જોઈએ. અમે થોડા મોંએ ચડાવેલા, તે જો શિવકુમાર જોષી કે ચાંદામામા સાથે હોય તો, અમારું ધ્યાન રાખવાની જવાબદારી એ લોકોની! અમારે તો છેક છેલ્લી ઘડીએ કોઈ સાહેલી-બહેનપણી-સખી (ચં. ચી. કહે છે તેમ 'તમારી ડૅન્સર ફ્રૅંડ') જોડે ગપસપ ચાલુ હોય તે, ચં. ચી. જેવા દુનિયા ફરેલા, અનેક કસ્ટમબારીઓ વટાવેલા, પાસપોર્ટનાં અનેક પાનાં પર અનેક સ્થળના પ્રવેશ-પુનઃપ્રવેશના સહીસિક્કા મરાવી ચૂકેલા, પાવરધા, ઊડતાં પ્લેન પકડનારા એવાની સાથે હોઈએ. પછી ચિંતા રાખે તે બીજા! હું ટાઢે કોઠે નીરાંતે બેસું. વાતો કરું. બડબડ ચાલુ હોય તો તરત ચં. ચી. ખિજાય: 'બે ધોલ મારીશ, ગધેડા! થોડો વહેલો નીકળને! ના—એ મોડું ફોડું થાય તો ના ચાલે. અહીં કઈ તમારી કાકીઓ-ભાભીઓ ગડી વાળી કપડાં બૅગમાં ગોઠવવાની, તે તમે આ ટાહ્યલાં-ટોળટપ્પાંમાંથી ઊંચા ના આવો વળી?' એમની ય આ ગમ્મત. વરસે ત્યારે પૂરા વરસે; ને ખિજાય તો આપણાથી ચૂં કે ચાં ન થાય! મોટા રહ્યા! પણ આ પ્રવાસમાં જે મહિનો માસ તેમના નિરવધિ વાત્સલ્યનો અનુભવ થયો છે, તેમના સ્નેહભાજન થવાનું ભાગ્ય સાંપડ્યું છે અને થોડીઘણી સેવા કરવા મળી છે તેની તે કેટલી વાતો લખીએ!

અમેરિકામાં શિકાગો પાસે સાઉથ બેન્ડમાં અમારી એક સાહેલી મીનળ રહે—મીનળ શેઠ. પહેલાં કૅલિફૉર્નિયામાં બર્કલે યુનિવર્સિટીમાં કંઈ ઈકૉનૉમિક્સનું ભણવા ગએલી. પણ પછી નાટક-ચેટકનું શીખી આવેલી. મુંબાઈ આવી થોડો વખત ઈબ્રાહીમ અલકાઝી-ઉર્ફે પર્લ પદમસી જોડે થોડાંએક નાટકોમાં ભાગ લીધો. પછી કહે: 'હવે ડાન્સ શીખું.' પહેલાં મણિપુરી તો શીખેલી, ને નવું નવું ઓરિસ્સી શૈલીનું જોઈ તે શીખવાની હઠ લઈ બેઠી. ત્યારે હું વૅકેશનમાં કટક ખાતે બાબુલાલ દોશીને ત્યાં ઉડિસ્સી પર સંશોધન વગેરે કરવા રહેલો, અને મેનકા ઠક્કરને કલાવિકાસ કેંદ્રમાં કેલુચરણ મહાપાત્ર પાસે ઉડિસ્સી શીખવાની ગોઠવણ કરી આપેલી. મેનકા ઘણું સારું શીખી. તેની પાસે મીનળે શીખવું શરૂ કર્યું, વરસદા'ડામાં તો 'તક ધા તક ધા' કરતાં બાઈ સમભંગ-આભંગ-ત્રિભંગમાં પાવરધી થઈ ગઈ. ભૂમિપ્રમાણ, બટુનૃત્ય પલ્લવી, ગીતગોવિંદની અષ્ટપદી, ને...પાછું વાળી જુએ તે બીજી! ચં. ચી.ને લેક્ચર્સ માટે નાટ્યની સમજૂતીમાં તેની મદદ લેવા મેં કહેલું. લંડનનાં મિસિસ ફ્રેઝરનો પણ ફોન આવેલો અને જણાવેલું કે 'તેને કહેજો મને ફોન કરે. હમણાં જ પરણીને ત્યાં ગઈ છે, પણ તેનો વર ભલો છે. થોડા દહાડા હાથે રાંધીને જમી લેશે, પણ મીનળ તમારી સાથે બધે આવશે ખરી. નચિંત મને જાઓ! ને આ બીજું સરનામું તે અમારી વહાલી સખી, જિગર મિત્ર આશા પુતલીનું. બાઈ ત્યાં, ન્યૂ યૉર્કમાં—નસીબ સારાં હોય તો—હોય પણ ખરી. કહેજો મને સવારે આઠ પહેલાં ફોન કરે. પછી બધું, સ્પૉન્સર-

શિપ ઈત્યાદિનું, ગોઠવીશું.' પણ મારા વા'લા અમેરિકનો! અહીંથી ઓછા જ એમ વીસા આપશે? ને જવા દેશે? જુઓ, શું થાય છે. બાકી પેલાં 'ડાન્સ પર્સ્પેક્ટિવ'નાં તંત્રી બાઈ નીકળ્યાં સીન્સીઅર—ટેડ શૉનના જન્મદિનનું નિમંત્રણ તો એમણે મોકલી આપ્યું. પણ તે સમારંભમાં પહોંચતાં વીસા-ફીસા કઢાવતાં કેટલી વીશીએ સો—'

ચાંદામામાએ બધી નોંધો કરી લીધી. તેમના ઉતરાણની રહેઠાણ તારીખો, સરનામાં, ટેલિફોન નંબર, કેબલ ઍડ્રેસ 'પોસ્તેરેસ્તાન્તે' (પોસ્ટવાળા આપણી ટપાલ સાચવી રાખે તે વ્યવસ્થા) આદિ બધી વિગતો કડીબંધ. તેમાં મીનમેખ ચૂકે તે બીજા—ચં. ચી. નહિ. ને લંડન તો જેનું નામ! દુનિયાના ગમે તે ભાગે ટેલિફોનનું ચકરડું ફેરવો ને! અમેરિકા તો બારોબાર ડાયરેક્ટ ડાયલિંગથી 'કેમ છો?' થઇ શકે.

હવે જરા આ આશાને ઓળખી લઈએ. તેના વિષે લખવું સહેલું નથી. એ બાઈ એટલે ઝટપટાટ! છન છન છન છન! વીજળી ગળી ગઈ હોય એવો તરવરાટ! સીધી ક્યાંય ઠરીઠામ બેસે નહિ. 'ટૅલૅન્ટેડ' તો પાર વિનાની. ને પુતલી તે રૂપનો ય અંબાર! મોટી આંખો ને નખરાંનો અંત નહિ. વડોદરે હોમ સાયન્સમાં ભણતી હતી. અમે ક્યાંથી ક્યાં મળ્યાં ને કેવી સરસ મૈત્રી જામી! ફૅકલ્ટી ઑાવ ફાઈન આર્ટ્સમાં વડોદરે ત્યારે ગુલામમોહમ્મદ શેખ, જ્યોતિભાઈ ભટ્ટ, શાંતિ દવે, રાઘવ કનેરિયા, બધાની બોલબાલા! એ લોકોએ જમાવેલી તે જમાતમાં, દહેરાદૂન સ્કૂલથી તે વખતના ભારતના ઈલેક્શન કમિશનરના ચિરંજીવી વિવાન (વિવસ્વાન) સુંદરમ્ વડોદરે ચિત્રકળાનું ભણવા પધાર્યા. તેમનાં માશી, તે હવે દંતકથાનાં પાત્ર જેવાં વિખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલ. એ અરસામાં ૧૯૬૩-'૬૪માં, વિવાન, શેખ વગેરે જોડે મુંબાઈ આવજા કરે. તેમાં દોસ્તદાર થયા. આશા તેની દોસ્તદાર, અને બે ય પ્રેમમાં ફૂલ! પેલી ફટાકડી પવન જેવી! દોડધામ ને ધમાચકડી! પવનને બંધાય તો એને બંધાય. ગાવામાં ઉસ્તાદ. લક્ષ્મણપ્રસાદ જયપુરવાલે પાસે શાસ્ત્રીય સંગીત શીખે. વડોદરા નૃત્યવિદ્યાલયમાં સાંજે ડિપ્લોમા કોર્સમાં કથક શીખે. હોમ સાયન્સમાં ય કોણ જાણે શુંય શીખતી હશે! અને ફૂલફટાક થઈ ફરે. વિવાન થકી તેણે આ તમારા નૃત્યવિવેચક કોઠારી વિષે જાણેલું તે, એક રાત્રે અમારા રસિકભાઈ શાહ—'ક્ષિતિજ' (હવે 'ઊહાપોહ')ના સહતંત્રી—ને ત્યાં કંઈ પાર્ટી, તેમાં મને લેવા મારે ત્યાં ચડી આવી.

તેના વિષે આપણે સાંભળેલું ઘણું—પણ મળેલા નહિ. અરધી રાતે આવી; કહે: 'અહીં સુનીલ કોઠારી રહે છે?' મારાં ભલાં બા, પોતાના આ વંઠેલ છોકરાને સાંખી લેતાં. હું સૂતેલો તે ઉઠાડીને કહે: 'તોબા તારાથી ને તારી બહેનપણીઓથી! ઊઠ—કો'ક વાઘરણ આવી છે!' (વાઘરણ તો વહાલથી કહેલું!) પછી વિવાનનો અવાજ સાંભળી સમજ્યો કે આ 'શૉક ટ્રીટમેન્ટ' આપવા પધારેલાં છે તે જ હવે ફેમસ ગાયિકા આશા પુતલી!

તે રાત્રે તેણે ખુલ્લે કંઠે જે ગાયું છે! ઓહો! સ્વરોને કંઈ રમાડે! મિસિસ હાઇસિન્થીઆ પ્રાઉન પાસે પશ્ચિમી શાસ્ત્રીય સંગીત શીખેલી. બુલંદ અવાજ, પણ ધીમો, મિઠ્ઠો, સૂરીલો, પાતળો કરી શકે; મધની ધાર જેમ રેલાવે, રમાડે, ચગાવે, ટટળાવે; ને સાથે બે મોટાં નેત્રો વડે ચહેરા પરનાં ભાવછટા, ને અંગનિખાર સાથે તેના ચેનચાળાનો પાર નહિ! આશાને માત્ર ગાતી સાંભળવી તે અધૂરો અનુભવ. તેની પર્સનાલિટી ટોટલ—અભિનય, અલ્લડપણું, છાક, ચાંચલ્ય, રીસ, છણકો, મીઠાશ, નજાકત ને મુક્ત હાસ્ય તે બધાંને—અને બીજું અનેક ગણાવવાનું તો રહી જાય એવાં કંઈ કંઈ તત્ત્વોને—ભેગાં કરી દીનાનાથે ઘડેલી. અત્યંત તેજસ્વી અને બુદ્ધિશાળી. વાર્તાલાપમાં ચતુર. મહેફિલ-મજલિસમાં આવે કે સૌના ધ્યાનનું કેંદ્ર બની બેસે એવી. નાટકે ય કરે, ને નખરાં ય કરે! પણ એ તો બૈરાંઓનો વિશેષાધિકાર! એથી એ સૌની લાડકી થઈ પડેલી. અને અમારા મંડળમાં તો વિશેષે—તેની કળા અને સરળ સ્વભાવને કારણે. તે રાતે મળ્યાં અને જે મિત્રતા બંધાઈ છે તે મારાં આવાં સારાં નસીબની તો મને જ આજે અદેખાઈ આવે છે!

તેની કારકિર્દી તેના જેવી જ તોફાની. જાઝ, પૉપ, બ્લ્યુઝ ને બળ્યું કંઈ કંઈ જાતનું ગાય. વડોદરેથી પાછી ફરીને વળી 'મૉડેલિંગ' કરતી. જાતે કપડાંની 'ફૅશનો' કાઢે. ભેજું ભારેનું. આપણી પરંપરાગત ચીજવસ્તુઓમાં નવતર વળાંકો વણે. થોડો વખત રહીને, બી. ઓ. એ. સી. વિમાની સર્વિસની જાહેરખબર વાંચી એર હોસ્ટેસ તરીકે જોડાઈ. દુનિયા આખી રખડે. મુંબાઈ આવે ત્યારે અલકમલકની વાતો લાવે. હજાર જાતનાં ચોપાનિયાં લાવે. ટોળગમ્મત ને ગપસપની વાતો ય પાર વિનાની. તે વખતે કંઈ મુંબાઈમાં બૉમ્બે આર્ટ ફેસ્ટિવલ યોજાએલો. તેમાં એણે ગાયું—ને ગળાં પારખનારાં વારી ગયાં. કહે: 'ટૅલન્ટ! ટૅલન્ટ!—પણ એને નાથો—ડિસિપ્લીન જોઈએ.' અને આને હજાર ઠેકાણે ફરવા જોઈએ. બંધાય તે બીજા! ત્યારે ન્યૂયૉર્કના ગ્રીનિચ વિલેજનાં ચોપાનિયાં—'કૅશ બૉક્સ', 'રેકોર્ડ વર્લ્ડ' એવું કંઈ કંઈ—લાવે; ને કહે ય ખરી: 'જોજે, એક દિવસ બધાં છાપાંમાં મારી રેકર્ડની વાહ વાહ થશે! એનાં જાઝ, પૉપ, બ્લ્યૂ, રૉક, ઍસિડ—એ બધાંમાં તો મારી ચાંચ ડૂબે નહિ; પણ એને વાદે તે વિષેનું બધું સાહિત્ય વાંચવા મળેલું તેની અજબગજબની વાતો, તે તે ક્ષેત્રોના ખાં-બડેખાંઓ, અને સંગીતનાં ક્ષેત્રમાં બીટલ્સે આણેલી ક્રાંતિથી માંડી તે છેલ્લા નવતર પ્રયોગો એક્સ્પેરિમેન્ટ્સ, ન્યાતવાડી-ચોકાની ઊલટસૂલટ વગેરેનો પરિચય થવા માંડેલો.

એર હોસ્ટેસ તરીકે જોડાઇને તે કહે: 'એ તો હિચ-હાઈકિંગ! હું આ વળી સોફિસ્ટિકેટેડ હિચ-હાઈકિંગ કરું છું.' એક વાર ચર્ચગેટ પાસેના વેનીસ રેસ્ટોરાંમાં લઈ ગઈ, ને ત્યાં બધાં તરફ પીઠ કરી બૅંડ જોડે માઈક લઈ ગાવા મંડી. જાણીતા સામયિક 'ન્યૂયૉર્કર'માં લખીને કીર્તિ રળનાર લેખક વેદ મહેતા આવેલા. વિવાન, હું, ભૂપેન ખખ્ખર, આશા, બીજાં બેચાર સંગીતરસિયાં—બધાં ભેગાં મળેલાં. ત્યારે ત્યાંના કોઈ સંગીતકારે અને વેદ મહેતાએ આશાને પાકું ઠસાવ્યું કે તેનું ક્ષેત્ર તો ન્યૂ યૉર્ક-લંડન-પારી(સ)ના આંતરરાષ્ટ્રીય જાઝ ફેસ્ટિવલ વગેરેમાં છે. અહીં શો દા'ડો વળે? તેની શક્તિમાં તો અમને સૌને વિશ્વાસ, અને એ એક દહાડો નામ કાઢવાની તેની પાકી ખાતરી.

એક વાર કંઈ સીંગાપોરની ફ્લાઈટમાં ગએલી. બેએક મહિના પર જ મૂવી કૅમેરા લાવેલી. હું કૃષ્ણાટ્ટમ વિષે રીસર્ચ માટે ગુરુવાયૂરના મંદિરે કેરળ-પ્રવાસે જવાનો. તે હઠ કરીને સાથે થઈ અને પેલા કૅમેરાની મદદથી સરસ ફિલ્મ બનાવી. હજાર સવાલ પૂછી માથું કાણું કરે! ભાગવત ને મહાભારત, ગીતા ને વેદ, પુરાણ અને ઉપનિષદ, કૃષ્ણાટ્ટમની સંસ્કૃત વાચના... કેરળ કલામણ્ડલમમાં પણ સાથે આવેલી. ત્યાં બધે આપણા આ દેશના સાચા અંતરંગ દર્શનથી ગાંડીઘેલી થઈ જતી. થોડા દિવસ પછી પાછી સીંગાપોર ગઈ. ત્યાં જઇને શું ય સૂઝ્યું તે કિશોર પારેખ ('કુમાર'ના પરિચિત અને વિખ્યાત ફોટોગ્રાફર) જોડે રહેલી, અને ત્યાંની ઈ. એમ. આઈ. કમ્પનીએ રેકૉર્ડ માટે પ્રોપોઝલ મૂકી એટલે ત્યાં ને ત્યાં રીહર્સલ માટે જવા ઊપડી. એના વિમાનનું ઊડવાનું તો સમયસર; એ કંઈ આનાં નખરાં કે તાલમાન સાચવે? તો કહે: 'આ મારું રાજીનામું! પણ આ રેકૉર્ડ તો ઉતારું જ!' અને રેકૉર્ડિંગ માટે રહી પડી! એની એ 'યૂ આર ધી એન્જલ ઑવ ધ મૉર્નિંગ' એક્સ્ટેન્ડેડ પ્લેઇંગ હવે અહીં આપણે ત્યાં મળે છે. તેને સારો આવકાર મળ્યો. અને પછી તો ઝાલી શાની રહે? ઊપડી લંડન! ત્યાં થોડો વખત રહી. મુંબાઈમાં ય તે મેનકા પાસે, મીનળ જેમ, ઓરિસ્સી નૃત્ય શીખેલી અને મારી લાયબ્રેરી ફેંદી વળેલી. ચોપડાં ઉપાડી જાય. એક જ ધૂન; લે તે પૂરું કરી છોડે. ઘણું વાંચે. લંડનમાં ઓરિસ્સી પર અને હસ્તમુદ્રા પર ભાષણો ય આપેલાં.

ક્યાંક ક્લબોમાં ગાએલું ય ખરું. પણ છેવટે ન્યૂ યૉર્ક જવા તરફ જ.

ને એમ અમેરિકા પહોંચી, માર્થા ગ્રેહામની સ્કૂલમાં થોડો વખત મૉડર્ન ડાન્સ શીખી. દરમિયાન રેકૉર્ડિંગ માટે, ઇન્ડિયન ગુડ્સ પ્રોમોશન માટે, એમ કંઈ કંઈ કામ કરતી. દેખાવડી, ચબરાક, હોશિયાર! પણ આ બાજુ ભલભલાનાં પાણી ઉતારી નાખનારી હતી ન્યૂ યૉર્ક નગરી! કઈક અહીં આવી ગયા ને કઈક ડંકા વગાડી ગયા, તેનો કોણ હિસાબ રાખે? અને તેમાં ય આ ઇન્ડિયન ગર્લની તે શી વિસાત? એ વળી કઈ મોટી ગાયિકા? પરિણામે છ-છ મહિના તો કોઈ તેને કોઠું જ ન આપે. પણ અમારી આશા એમ નિરાશ થાય તેવી થોડી જ?

મુંબાઈમાં ધંધેધાપે હીરા-ઝવેરાત ને ફૅક્ટરી-બૅક્ટરી ને એવું બધું કંઈ કંઈ કરે તે, રિજ રોડ પર રહેતા, અમારા મિત્ર નિરંજન ઝવેરીનું ત્યાં અમેરિકા-લંડન-પારી(સ)માં જાઝના નિષ્ણાત તરીકે બહુ મોટું માન અને નામ! જાણવા-મળવા જેવી વ્યક્તિ છે. ગુજરાતને વળી જાઝ-ફાઝ, ને બ્લ્યૂ ફ્લ્યૂ ને રૉક-ઍસિડ જોડે શાં સનાનસૂતક? આ અમે જ ડાન્સને ચાળે ચડ્યા તે ઓછી પસ્તાળ પડી છે!—'એમાં શા દા'ડા વળે? કયા બૅંક બૅલૅન્સ જમા થાય? આર્ટનો ધંધો'—પણ નિરંજને ધંધે મોટું નામ કાઢેલું. અમેરિકાના સંગીત જગતનો મોટો વિવેચક જ્હૉન હૅમન્ડ તેનો મિત્ર. તેને કાને નિરંજને વાત નાખેલી. એ એવડા મોટા માણસને ન્યૂ યૉર્કમાં મળવા માટે ઍપોઇન્ટમેન્ટ, તારીખ, સ્થળ-સમય વગેરેનો તાળો મેળવવામાં જ છ મહિના તો નીકળી ગયા. આશાનો કંઈ જોગ ખાય નહિ. પણ એક દા'ડો આ ફટાકડી ક્યાંક ગાતી હતી—ટેલિવિસ્ઝન પર કે ક્યાંક,—ને તેનો અવાજ સાંભળી આપણા આ જાઝ-બ્લ્યૂ-પૉપ મ્યૂઝિકના હાઈ-પ્રીસ્ટ ગણાતા મહંત વિવેચક હૅમન્ડનું ફટક્યું! 'કોણ? આ ઇન્ડિયન ગર્લ કોણ? આ ઈઝાડોરા ડંકન જેવાં નખરાં કરનાર કોણ છે? જાનીસ જૉપલીન જેમ ગળાંફાટ ગાનાર આ કોણ છોકરી?' શો પત્યે જાતે જઈ તેને શાબાશી આપી. આશા તો માની શકે જ નહિ! ને તે દા'ડાથી આશાનો સિતારો ચમક્યો! તે પહેલાં ય એલીસ કોલ્ટ્રાન જોડે ભારતીય સંગીતની પ્રયોગાત્મક રેકર્ડ બહાર પાડેલી તેણે પણ સારું ધ્યાન ખેંચેલું.

આમ કંઈકંઈ ખેલ કરતી આશા ટેલિવિસ્ઝન પર, કૉન્સર્ટમાં, નાની પ્રયોગાત્મક ફિલ્મોમાં, આખા અમેરિકામાં દર અરધા કલાકે ટેલિવિસ્ઝન પર જોવા મળે તે 'ટેપ્લી ટી'ના કાર્યક્રમમાં, કોઈ વાર મોડેલિંગ એજન્સીમાં, ક્યાંક કોઈ લાયબ્રેરીમાં, ક્યાંક સેઈલ્સ ગર્લ તરીકે ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં કામ કરી, પરિશ્રમ, પુરુષાર્થ અને પોતીકી કળાથી ન્યૂ યૉર્કના સંગીતક્ષેત્રમાં ગાજવા લાગેલી. ગયે વરસે ઑક્ટોબરમાં તેની ભૂમિકાવાળી ઈસ્માઈલ મર્ચન્ટની 'ધ સૅવૅજિઝ' ફિલ્મ પૂરી થવા આવ્યાના સમાચાર મુંબાઈથી નીકળતાં પહેલાં મળેલા. હવે કંઈ ઠરી ઠામ થએલી. વિવાન અને તેની વચ્ચેના સંબંધમાં ક્યાંક ખચકો પડેલો ને મનદુઃખથી બેય છૂટાં પડેલાં. ન્યૂ યૉર્ક ગયા પછી મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટમાં કામ કરતા અમેરિકન ચિત્રકાર જ્યૉર્જ સ્ટીલવૅગન જોડે પરણી. ન્યૂ યૉર્કમાં, મૅનહટ્ટન ટાપુ પર સિટી એર ટર્મિનલ પાસે, ઈસ્ટ ૩૯મી સ્ટ્રીટમાં એક સરસ પેન્ટહાઉસ ઍપાર્ટમેન્ટમાં રહે. મેં ચાંદામામાને (એ અમેરિકા ગયા ત્યારે) તેના પર એક પત્ર પણ લખી આપેલો. કૉન્સર્ટ, શૂટિંગ, બધાં માટે તે ફરે ઘણું, તેથી કદાચ ત્યાં ન હોય તેવું ય માનેલું. પણ...

લંડનમાં એક સવારે સાતના શુમારે, હું મિસિસ ફ્રેઝરને ત્યાં હતો ત્યારે, ટેલિફોનની ઘંટડી રણકી ને મિસિસ ફ્રેઝરની મેઈડ મારા કમરાનું

હરિઃ ૐ આશ્રમ તરફનું
ઑક્ટોબર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
રામપ્રસાદ બિસ્મિલના લેખક
શ્રી મનહર શાહને મળે છે

બારણું ઠોકી કહે: 'મિસ્ટર કોઠારી, ધેર ઇઝ અ કૉલ ફૉર યૂ ફ્રૉમ ન્યૂ યૉર્ક!' અને હું તો સફાળો ઊઠી, નાઈટસૂટ પહેરી, ગાઉન વીંટતો દોડતો ટેલિફોન પાસે પહોંચ્યો, ત્યાં તો સામે કાંઠેથી કોયલ ટહૂકી: 'સુની ઇઇઇઇ-ઈલ— યૂ ડિવાઈન ક્રીચર! કમ ઈમીજીએટલી—તરત આવ! મેં આજે જ નોટરી પબ્લિકના સર્ટિફાઈડ સ્પૉન્સરશિપ લેટર અને ફલાણી રકમનો ચેક બીડયો છે તે લઈ કૉન્સ્યુલેટમાં જજે. અહીં મિસ સેલ્મા જીન કોહેન 'ડાન્સ પર્સ્પેક્ટિવ'ની ઍડિટરને ય ફોન કર્યો છે. તને વીસા મળતાં તકલીફ તો ન પડવી જોઇએ. સી. સી. (એટલે ચાંદામામા) ઈઝ અરેન્જિંગ સમ લેક્ચર્સ ફૉર યૂ. તારીખ સોળમી લગીમાં આવી પહોંચ. આઈ એમ થ્રિલ્ડ ટુ સ્પીક ટુ યૂ!...'

ને મારો તો હરખ માય નહિ! શું ય ઘાંટાઘાંટ પાડી અમે એક્સાઇ-ટેડલી વાતો કરી હશે! હું તો માની જ શકું નહિ કે ઍટલાન્ટિકને પેલે પાર, ત્યાં રાત છે ને અહીં ઇંગ્લૅન્ડને આ કાંઠે સવાર છે, ને અમને બેને, આ ટેલિફોનનો તાંતણો, બે વરસે ભેગાં કરે છે! હું તો થનગન! મિસિસ ફ્રેઝર એ ખુશી જોઈ કહે: 'ચાલ ઊઠ હવે—નાસ્તો કરીએ!'

આમ હજી યે આશ્ચર્ય ને આનંદની પળો આવ્યા જ કરવાની હતી. મારાં નસીબ સારાં હતાં ને પ્રવાસયોગ હતો જ હતો. ચાંદામામાએ બન્ને સહીઅરોને નમ્બર ફમ્બર ઠીક ઠીક આપેલા, ને તે તે ટાઈમ સાચવી મારી વા'લીઓએ ફોન કરેલા. તે રાત્રે ઈન્ગમાર બર્ગમૅનનું 'ધ વર્જિન સ્પ્રિંગ' ટેલિવિસ્ઝન પર જોતાં અમે બેઠાં હતાં ને ફરી ટેલિફોન: 'એઈ સુનીલ— મીનળ હીઅર!' હું: 'મીનળ? ક્યાંથી? મીશાવાકાથી?'

તો કહે: 'હા, હવે; ચાંદામામા મિશિગન ઈસ્ટ લાન્સિંગ ગયા છે, ને તું હવે તરત નીકળ. મેં તને જે સ્પૉન્સરશિપ કાગળો અને ફૉર્માલિટિઝ માટેની બધી વિધિ વિષે લખેલું છે તે તને મળ્યું કે નહિ? આશાનો ફોન આવેલો કે? તું ઓરિસ્સીના બાજુબંધ લાવ્યો છે ને? ને પેલી વિચિત્રપુરી સાડી?' ને ચાલ્યું... બૈરાં કોને કહ્યાં! સાજ શણગાર ને જે જે ફરમાયેશ કરેલી તેનાથી તો બૅગ ઠાંસેલી. કહે: 'બસ; હવે તરત નીકળ. હું ચાંદામામા જોડે ઈસ્ટ લાન્સિંગથી ટૉરંટો થઈ પ્રોવીડેન્સ આવું છું. ત્યાં જોડાજે. એમણે તારાં લેક્ચર્સ ત્યાં ગોઠવ્યાં છે. બધી કલર સ્લાઈડ લાવજે. ઝટ નીકળ. અમને રાહ ના જોવડાવીશ!'

મિસિસ ફ્રેઝર કહે: 'ઊપડો ત્યારે! તારી સાહેલીઓ લંડનની તે બધી જુદી, ને ન્યૂ યૉર્ક-શિકાગોમાં ય પાછી ખરી?—કેટલીક છે? હવે કોઈનો ફોન તારી ગેરહાજરીમાં આવે તો શું કહું? કંઈ ડિપ્લોમૅટિક કહેવું પડશેને? યૂ કાન્ટ મિક્સ યૉર ડ્રિંક્સ!'

આ વિનોદને મનમાં આનંદના હેલારે ચડતો ચડતો માણી રહ્યો ને કાગળિયાં આવે તે લઈ ન્યૂ યૉર્ક જવાની ફ્લાઈટ પકડવાનાં સ્વપ્નો જોતો જોતો પથારીમાં પડ્યો.

(ચાલુ)

અંગ્રેજ કવિ ચૉસરની કૅન્ટરબરી કથાઓ [૩] **ધર્મગુરુએ કહેલી**

દંડ-અધિકારી અને શેતાનની વાર્તા

ડૉ. મધુસૂદન પારેખ

દૂર દેશાવરમાં એક રાજા રાજ કરતો હતો. તેનો કડપ ભારે. દુર્જનો અને ઢોંગી-ધુતારાઓ એનાથી ફફડતા. જંતરમંતર કરી ભોળા લોકોને મૂર્ખ બનાવનાર ભુવાઓને, બદમાશોને, દેવળમાં ન જનારા નાસ્તિકોને તે સખત સજા કરતો: તેમની પાસેથી દંડની મોટી રકમ વસૂલ કરતો. દંડની મોટી રકમ ભરતાં ભલભલા ધનવાનોના પણ હાજાં ગગડી જતા. રાજાએ ગુનેગારોને શોધીશોધીને તેમની પાસેથી દંડથી રકમ પડાવવા માટે એક દંડઅધિકારી નીમ્યો હતો. એ એવો બદમાશ કે એનો જોટો જડવો મુશ્કેલ. તેણે ચારે તરફ જાસૂસો વેરી મૂકેલા. આ જાસૂસો ગુનેગારની જરા સરખી પણ ગંધ લાવે કે તરત આ કારભારી—દંડઅધિકારી તેમના પર ભારે દંડ ફટકારી દેતો. દંડની આવકમાંથી બહુ થોડી રકમ રાજાને પહોંચતી; ઘણીખરી તો કારભારીના ખિસ્સામાં સમાઈ જતી. રાજાને ખબર પણ ન પડે તેવી રીતે એ ગમે તેના ઘર પર ચડાઈ લઈ જતો અને રાજા તરફથી સખત શિક્ષાની ધમકી આપી તેમની પાસેથી નાણાં પડાવતો. લોકો ભયના માર્યા મોંમાગી રકમ આપી તેને રીઝવતા. કોનીકોની પાસેથી પૈસા પડાવી શકાય તેમ છે તેની યાદી એ રાખતો. એ પાકો શઠ હતો.

એક દિવસ તે કોઈ વિધવાના ઘર પર છાપો મારવા નીકળ્યો હતો. તેના પર ખોટું આળ ચડાવી તેની પાસેથી પૈસા પડાવવાની તેની દાનત હતી. જંગલમાંથી એ પસાર થતો હતો ત્યાં તેને કોઈક ખેડૂત મળી ગયો. તેણે લીલો પોશાક પહેરેલો અને હાથમાં તીરકામઠાં હતાં. કાળાં પીછાંવાળી હૅટ તેણે પહેરેલી. બંનેએ એકબીજાના કુશળ સમાચાર પૂછ્યા. ખેડૂતે તેને પૂછ્યું: 'ક્યી તરફ? કેટલે દૂર જવાનું છે?'

કારભારી ડાવકાઈથી કહે: 'અમારા રાજા માટે ભાડું વસૂલ કરવા એક વિધવાને ઘેર જવું છે'. ખેડૂત કહે: 'ત્યારે તમે બેલીફ છો?'

'હા.' કારભારીએ પોતાની સાચી ઓળખાણ છુપાવીને કહ્યું:

ખેડૂત ખુશ થઈ કહે: 'સારું થયું. તમે મળી ગયા. આપણો સંગાથ થયો. હું પણ બેલીફ છું. આ પ્રદેશમાં હું અજાણ્યો છું. પરંતુ મારા ગામમાં હું આબરૂદાર જમીનદાર છું. તમે મારા ગામમાં જરૂર કોઈ વાર આવો.'

બંનેએ મિત્ર તરીકે હાથ મિલાવ્યા અને તેમણે સાથે જ મુસાફરી કરવા માંડી. કારભારી વાતોડિયો હતો. એ કહે: 'તમારું ચોક્કસ સરનામું મને આપો. કોઈ વાર હું આવું ત્યારે ખપ લાગે.

ખેડૂત કહે: 'દૂર ઉત્તરના પ્રદેશમાં મારું ઘર છે. પણ આપણે છૂટા પડીએ તે પહેલાં હું તમને મારા ઘર તરફના રસ્તાની પૂરેપૂરી માહિતી આપતો જઈશ, એટલે તમે ભૂલા નહિ પડો.'

કારભારીએ હળવેકથી મુદ્દાની વાત છેડી: 'જો દોસ્ત, તું પણ મારી જેમ બેલીફ છે. તું તારા ધંધામાં પૈસા પડાવવા કેવી તરકીબ કરે છે તેની વાત તો કર! વાતમાં રસ્તો ઝટ કપાશે.'

ખેડૂત કહે: 'હું સીધી વાત કરી દઉં. મારો પગાર ટૂંકો છે. મારો શેઠ કડક છે. મારી પાસેથી કસીને કામ લે છે, એટલે મારે આજીવિકા મેળવવા માટે જાતજાતની કરામત કરી પૈસા ભેગા કરવા પડે છે.'

'અરે, મારે પણ, યાર, એવું જ છે.' કારભારીએ કહ્યું: 'બને તેટલા પૈસા બનાવી લઉં છું. નીતિ ધરમની લપ્પનછપ્પનમાં હું પડતો નથી. એવું આપણને ક્યાંથી પાલવે? ધર્મગુરુઓને દો ગોળીએ.'

પેલો ખેડૂત જરા હસ્યો. પછી કહે: 'હું જરાક કહું? હું શેતાન છું અને દોજખમાં મારો વાસ છે. લોકો જે કાંઈ આપે તે મેળવી લેવા માટે હું પૃથ્વીના પ્રવાસે નીકળ્યો છું. તારી જેમ હું પણ નીતિધરમ નેવે મૂકીને જ્યાંથી ધન મળે ત્યાંથી ખેંચું છું: શિકારની શોધમાં દુનિયાના છેડા સુધી પ્રવાસ કરવાનું મેં નક્કી કર્યું છે.' કારભારી ચકિત થઈ કહે: 'ઓહો! ત્યારે તું શેતાન છે, એમ! હું તો તને શરાફ સમજી બેઠો હતો. પણ તમે લોકો અમારી જેમ માનવસ્વરૂપ ધારણ કરી શકો છો?'

શેતાન કહે: 'અમારે કોઈ ચોક્કસ સ્વરૂપ હોતું જ નથી. અમે ધારીએ તે રૂપ ધારણ કરી શકીએ. શિકારને ઝડપવા માટે માનવરૂપ, ફિરસ્તાનું રૂપ અને વાંદરાનું રૂપ પણ લઈએ. શિકાર ઝડપાવો જોઈએ.'

'પણ આ બધી નાહક ઉપાધિ તમે શા માટે વેઠો છો?' કારભારીએ જરા નવાઈથી પૂછ્યું. 'ઘણાં કારણો છે'; શેતાને કહ્યું: 'પરંતુ અત્યારે હું તને બધું કહીશ તો ય તને નહિ સમજાય. થોડા સમયમાં એની મેળે તને બધી ખબર પડી જશે. દરેક વસ્તુ માટે સમય હોય છે. લગનનાં વાજાં લગને જ વાગે. પણ સવાર ખાસી વીતી ચૂકી છે. હજુ મને શિકાર મળ્યો નથી. આપણે હજુ આગળ ઘોડા દોડાવીએ. તું મારી સોબત ના મૂકે ત્યાં સુધી હું તારી સાથે જ રહીશ.'

કારભારી કહે: 'આપણે તો મૈત્રીના સોગંદ લીધા છે. તું ભલેને શેતાન હોય, તેમાં શું? હું મારું વેણ પાળીશ. આપણે બંને કોઈકને ઝડપી લઈએ. જે કંઈ મળે તે આપણે સરખે હિસ્સે વહેંચી લઈશું.'

શેતાને વાત કબૂલ કરી. બંને આગળ વધ્યા.

અંતે જે ગામમાં વિધવાનું ઘર હતું એ ગામની ભાગોળે પહોંચ્યા. બંને એ તરફ વળ્યા. ત્યાં રસ્તામાં એમણે ઘાસથી ખીચોખીચ ભરેલું એક ગાડું કાદવમાં ખૂંપી ગએલું જોયું, ગાડાવાળો ઘોડાઓને ચાબુકો ફટકારતો ગાળો પર ગાળો વરસાવતો હતો: 'ડોબા, હરામડાઓ! તમને કોગળિયું ભરખે...ડોબા! તમને શેતાન ઝાલે!'

પેલા કારભારીને જરા મઝા કરવાનું મન થયું. તેણે શેતાનના કાનમાં વાત કરી: 'બિરાદર! આ ગાડાવાળો શું બોલ્યો તે તેં સાંભળ્યું કે નહિ? તેણે ઘોડાને એમ કહ્યું તમને શેતાન ઝાલે! અરે, તને વગર મફતના આ ઘોડા પેલાએ આપી દીધા. હવે શિકાર ઝડપી લે.'

શેતાન કહે: 'ના, એ જે બોલ્યો તેવું તે ખરેખર ઈચ્છતો નથી. તારે ખાત્રી કરવી હોય તો તેને પૂછી જોઈએ. પણ હમણાં થોડીવાર થોભીએ.'

ત્યાં ગાડાવાળાએ એકાએક વલણ બદલ્યું. ઘોડાને તેણે થાબડયા ને ઘોડા પણ બને તેટલું જોર કરીને ગાડાને કાદવમાંથી બહાર ખેંચવા માંડયા. ગાડાવાળો ખુશ થઈ ઉમંગમાં તેમને પાનો ચડાવવા માંડ્યો: 'શાબાસ! વાહ મારા ભાઈલા! ભગવાન તમારી રક્ષા કરે!...અરે વાહ!' અને ગાડું કાદવમાંથી બહાર આવી ગયું.

શેતાન પેલા કારભારીને કહે: 'જો, હું શું કહેતો હતો? ગાડાવાળો જે કહેતો હતો તેવું ખરેખર ઈચ્છતો ન હતો. એટલે હવે એના ઘોડા મને ના ખપે. ચાલ આગળ જઈએ.'

બંને જણા પેલી વિધવાને ઘેર જઈ પહોંચ્યા. કારભારી કહે: 'અહીં પેલી ડાકણ રહે છે. એ એવી ચીંગુસ છે કે ચમડી છોડે પણ દમડી છોડશે નહિ. પણ હું તેની પાસેથી બાર પેન્સ જેટલી રકમ તો પડાવીશ જ. એ રકમ તે નહિ આપે તો એને દરબારમાં ખડી કરી દઈશ. જો કે તેને ખાડામાં નાખવાનો મારો ઈરાદો નથી. પૈસા કેમ પડાવવા તેનો પદાર્થપાઠ તારે શીખવો છે ને? ચાલ!' આમ કહી કારભારીએ ઘરનું બારણું ખખડાવ્યું ને બૂમ પાડી: 'એ ડોસલી! બહાર આવ.'

ડોશી બહાર આવી: 'ભગવાન તમારું ભલું કરે. કેમ આવવું થયું?' કારભારી કહે: 'તારી સામે કેટલીક ફરિયાદો થઇ છે તેનો જવાબ દેવા તારે રાજદરબારમાં હાજર થવાનું છે. આ રહ્યું રાજફરમાન.'

ડોશી બહાવરી બની ગઈ: 'ભગવાન બચાવે! અરે ભાઈ, હું તો કેટલા ય મહિનાથી ખાટલાવશ છું; અને પડખામાં એવી કારી પીડા થાય છે કે હું મુસાફરી કરું તો મરી જ જાઉં. મારે બદલે કોઈ બીજું ફરિયાદોનો જવાબ વાળવા આવે તો ચાલે કે નહિ, સાહેબ?'

'હા, ચાલે.' કારભારીએ કહ્યું: 'પણ બાર પેન્સનો દંડ ભરી દે તો હું તને જવા દઉં. આમાં મને કંઈ મળતર નથી. બધી રકમ રાજાના ખિસ્સામાં જશે. ચાલ, ઝટ રકમ કાઢ. અમારે ઉતાવળ છે.'

ડોશી ચિત્કાર કરી ઊઠી: 'અરે! હું બાર પેન્સ લાવું ક્યાંથી? તમે મારા પર દયા કરો! હું તો ગરીબડી વિધવા છું.'

દંડ-અધિકારી ચિડાઈ ઊઠયો: 'એમ છે? ત્યારે જો હવે તારી વલે. તને જવા દઉં તો શેતાન મને ભરખે. તારે દરબારમાં આવવું જ પડશે. ભલે મુસાફરી કરતાં મરવાની હોય તો મરી જજે!'

'ઓ મારા પ્રભુ!' બાઈ કકળીને બોલી ઊઠી: 'ઈશ્વર જાણે છે કે મારો કશો જ ગુનો નથી.'

'ચાલ પૈસા કાઢ, નહિતર તારાં આ રસોઈ કરવાનાં બધાં સાધન દંડની રકમના બદલામાં ઉઠાવી જઈશ. મેં ગયે વખતે તને બચાવી લીધેલી તેનું લેણું તારે ચૂકવવાનું બાકી છે.'

ડોશી ચીસ પાડી ઊઠી: 'જૂઠા! લબાડ! આ પહેલાં મારા પર એકે રાજફરમાન આવ્યું નથી. તને ને આ રસોઈનાં વાસણને ય શેતાન ભરખે!'

એકદમ શેતાને વચમાં જ તેને પૂછ્યું: 'મા! તમે સાચેસાચ એમ ઇચ્છો છો?' ડોશી ફરી બોલી: 'હા, હા; એને અને આ બધાં રસોઈનાં વાસણોને ય શેતાન ભરખે!'

શેતાને તરત પેલા કારભારીને કહ્યું: 'ચાલો બિરાદર! આ ડોશીએ સાચેસાચ તારી સોંપણી મને કરી છે. એટલે તું હવે મારા કબજામાં છે. અને રસોઈનાં આ વાસણ પણ માજીએ મને મફતમાં આપી દીધાં છે. હવે તારે મારી સાથે દોજખમાં આવવું પડશે. તારે શેતાન આત્માઓ વિષે જાણવું હતું ને? ત્યાં તને બધી ખબર પડશે!'

એમ બોલીને તેણે કારભારીને દોજખમાં ઉપાડ્યો. આવા કારભારીઓનું સાચું સ્થાન તો એ જ હોય ને!

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૨

વાળની વિકૃતિ

વાળ અકાળે ધોળા થઈ જવા, વધુ પડતા ખરવા કે ટાલ પડવા માંડવી એ બધી સ્થિતિ વાળની વિકૃતિ સૂચવે છે. માથાના વાળ કાળા, સુંવાળા, ચમકતા, ઘાટા, પાતળા અને લાંબા હોવા જોઈએ. આ માટે જો સતત પ્રયત્નશીલ રહીએ તો સુંદર વાળની શોભા વધારી શકાય, અકાળે દેખાતું વૃદ્ધત્વ રોકી શકાય. આ માટે નીચેની સાવચેતી તથા ઉપાય એમાં સહાયરૂપ થઈ શકશે;

૧) આજે માથામાં બિલકુલ તેલ નહિ નાખવાની ફૅશન ચાલી છે તે બરાબર નથી. માથામાં રોજ તેલ નાખવું જોઈએ. આંગળીના ટેરવે તેલ લઈ વાળના મૂળ પાસે સારી પેઠે ઘસવું જોઈએ, જેથી તે અંદર ઊતરી કેશગ્રંથિ સુધી પહોંચે. તેલ વાળને લગાવવાની નહિ પણ તેને વાળના મૂળમાં ઉતારવાની જરૂર છે.

૨) ગમે તે બજારુ તેલ કે ક્રીમનો ઉપયોગ કરવો સારો નથી. તેના આકર્ષક રંગ તેમજ ગંધ માટે કૃત્રિમ અર્ક વગેરેનો ઉપયોગ થતો હોઈ તે કેશગ્રંથિને નુકસાન કરે છે. શુદ્ધ કોપરેલ, એરંડિયું, તલનું તેલ વગેરેનું મિશ્રણ લઈ તેમાં આમળાંનો રસ, ગુલાબનાં પાન, મેંદીનાં પાન, ભાંગરાનો રસ, લોહભસ્મ, દૂધીનું છીણ વગેરે નાખી તેલ પકાવીને તેનો જ ઉપયોગ કરવો ઈચ્છનીય છે.

૩) તીખા, તમતમતા, મસાલાવાળા, તળેલા કે કબજિયાત કરે તેવા પદાર્થો ખાવાને બદલે બકરીનું દૂધ, લીલાં શાકભાજી, કાકડી, તાંદળજો, પાલખ, ગાજર, ટમેટાં, વટાણા, સૂકો મેવો, આદુ, લસણ, લીલાં ફળો વગેરેનો ઉપયોગ વધારવો.

૪) માથાની સ્વચ્છતા રાખવી, ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાની ટેવ પાડવી અને કબજિયાત થવા દેવી નહિ.

૫) વાળ ધોવા માટે અરીઠાં, ચિકાખાઈ, કપૂરકાચલી, છાશ વગેરેનો ઉપયોગ કરવો. સોડા કે સાબુ હરગીઝ વાપરવાં નહિ.

૬) ઉઘાડે માથે તડકામાં ફરવું નહિ. બપોરે ડામરના રસ્તા ઉપર ટાયર, રબર, પ્લાસ્ટિક વગેરેનાં પગરખાં પહેરી કે ઉઘાડે પગે ફરવું નહિ.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૪૩૭

ચૉસરની કલા અને તેનું સ્થાન

ચૉસરે પોતાની સાહિત્યિક કારકિર્દીનો આરંભ ફ્રેંચ સાહિત્યમાંથી અનુવાદો દ્વારા કર્યો. ને ત્યાર પછી પણ ફ્રેંચ ને ઈટાલીના સાહિત્યમાંથી તેણે મનભર લૂંટ ચલાવી. ઘણી વાર તો કેટલા યે પરદેશી ગ્રંથોમાંથી બેઠી જ સામગ્રી ઉતારીને પોતાની કૃતિઓમાં મૂકી દીધી છે; ને તેથી જ રિકેટ (Rickett) જેવા સાહિત્યના ઇતિહાસકારને કહેવું પડ્યું છે કે એનામાં સર્જક પ્રતિભા નહિવત્ હતી: He had little gift of original creative imagination. પરંતુ અનુવાદની પ્રવૃત્તિમાંથી તે ધીમેધીમે બહાર નીકળી ગયો ને 'ટ્રૉઈલસ અને ક્રીસીડા' તથા 'હાઉસ ઑવ ફેઈમ' જેવી કૃતિઓમાં તેની સર્જકશક્તિના ચમકારા વર્તાવા માંડયા. ફ્રેંચ અને ઈટાલિયનની અસરમાંથી મુક્ત થઈને અંતે તેણે અંગ્રેજ પ્રજાની પ્રકૃતિનું 'કૅન્ટરબરી કથાઓ' દ્વારા આહ્લાદક નિરૂપણ કર્યું.

એમાં એની શૈલીનું આગવું આકર્ષણ છે. વિવેચક લગવીના શબ્દોમાં: 'His merit is mainly in his style; which is often admirable for simple pathos and gentle humanity.' માનવમાત્ર પ્રત્યેનો એનો સમભાવ અને સહજ કરુણાનો અંશ તેની શૈલીમાં અકૃત્રિમ રીતે પ્રગટે છે. ઇન્દ્રિય દ્વારા સૌંદર્ય પ્રત્યેની તેની સંવેદનશીલતા ખાસ ધ્યાન ખેંચે છે, મોરનાં પીંછાં એને મન દેવદૂતનાં પીંછાં છે. સુંદરીનો સ્વર સાંભળવો એ તેનો દિવ્યાનંદ છે. યુવાન સ્ફૂર્તિલાં આમજનોનું સૌંદર્ય પણ તેને આકર્ષે છે. પાર્થિવ સૌંદર્યનો તે સદા ય તરસ્યો છે. પશુની કથા કે તેનું ચિત્ર તેના ચિત્તમાં હમેશાં હોય છે. પશુમાં કદાચ તેને માનવજાત કરતાં વધુ વિશ્વાસ છે. માનસનિરૂપણ માટે અથવા પાત્રની તુલના માટે પણ તે પશુને જ સંભારે છે. ચૉસર પાસેથી પશુપક્ષીની સરસ કૃતિઓ- કથાઓ મળી તેમાં આશ્ચર્ય નથી.

ચૉસરે અંગ્રેજ પ્રજાને પરદેશી સાહિત્યનો ગાઢ સંપર્ક કરાવ્યો. અંગ્રેજી કવિતાને તે દ્વારા નવી ક્ષિતિજોનું દર્શન કરાવ્યું. તેના સમયમાં અંગ્રેજી માત્ર મધ્યકાલીન બોલી રૂપે પ્રચલિત હતી. ચૉસરે ફ્રેંચ, લૅટિન, ઈટાલિયન અને બીજી અનેક ભાષાઓમાંથી શબ્દો લાવીને એ મધ્યકાલીન બોલીને અર્વાચીન અંગ્રેજી ભાષાનું ગૌરવ અપાવ્યું. ભવિષ્યમાં જે અંગ્રેજી સાહિત્ય વિકસ્યું તેના અગ્રણી તરીકે ચૉસરે મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ચૉસરની તુલના હક્સ્લીએ આનાતોલ ફ્રાન્સની સાથે કરી છે. બંનેને સૃષ્ટિ પર પ્રેમ ખાતર પ્રેમ હતો. એમણે એમાં ગૂઢ રહસ્યો શોધવાની તાલાવેલી દાખવી નહિ. બંને સર્જકો જીવનના રાગી હતા, વૈરાગી નહોતા. તેમણે મનભર જીવન માણ્યું, પ્રકૃતિનાં સૌંદર્યો પીધાં. માનવની મર્યાદાઓ પ્રત્યે તેમને અપાર અનુકંપા છે. માનવમાત્રને તે જેવો છે એવો જ તે સ્વીકારે છે. એની નિર્બળતા પ્રત્યે પ્રહાર કરવાનું તેમણે તાક્યું નથી. આમ છતાં આનાતોલ ફ્રાન્સ કરતાં ચિત્તની ગ્રહણશક્તિની બાબતમાં અને કલ્પનાની ઊંચાઈમાં ચૉસર નિઃશંક ચડિયાતો છે. (ચાલુ)



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

૪] ગતાંકથી ચાલુ

લેખક : કનુભાઈ જાની

એમ. એ. માટે કૉલેજના વર્ગો તો ભરવાના નહોતા. સ્વાધ્યાય પર જ આધાર રાખવાનો હતો. પ્રોફેસરોને રૂબરૂ મળવાનું, જે સૂચનો મળે તે પ્રમાણે કૉલેજના ગ્રંથાલયમાંથી કે અન્ય રીતે પુસ્તકો મેળવવાનાં ને જાતે તૈયારી કરવાની. લગ્ન કરવું નહોતું. પૈસો એકઠો કરવો નહોતો. જીવન અત્યંત સાદું હતું. ઠંડે પાણીએ નાહવું, હાથે કપડાં ધોવાં, બે વાર ખાવું—બસ, બીજી કોઈ તથા જ નહિ. ભાઈઓએ પોતપોતાનું સંભાળી લીધું હતું. બહેનો ઠેકાણે પડી ચૂકી હતી. એક નાનો–આઠનવ વરસનો ભાઈ હતો. એને તો, જરા થાળે પડ્યા પછી, પોતાની પાસે બોલાવી શકાશે. એની જવાબદારી કંઈ મોટી નહોતી. પિતાને પેન્શન મળતું હતું ને થોડી મૂડી પણ હશે. કદાચ થોડું મોકલવું પડે; તો એટલું કમાઈ લેવાની જોગવાઈ તો થઈ હતી. એમાં ય પેલો થીઑસોફીનો વર્ગ અને કપિલભાઈની મૈત્રી ને એમના કુટુમ્બ સાથેનો નિકટ પરિચય નિમિત્તરૂપ બન્યાં હતાં.

ઈ. ૧૯૦૬માં બેસન્ટની પ્રેરણાથી શરૂ થએલી 'સનાતન ધર્મ હાઈસ્કૂલ'ના એક સ્થાપક અને સંચાલક હતા કપિલભાઈના પિતા. કપિલભાઈ પોતે તો એમાં જોડાઈ ચૂકયા હતા જ. આ વર્ગ દરમિયાન મેઘાણીનો વધુ પરિચય થતાં, સંચાલકોએ એમને એ હાઈસ્કૂલમાં જોડાવા નિમંત્રણ આપ્યું. કામ તો એમને પણ જોઈતું હતું. શાળાનું મળે તે ગમતું પણ હતું. વળી એ તો ત્યારની એક આદર્શ શાળા હતી. એનો શિક્ષકગણ ત્યારે એવો સારો ગણાતો કે સ્ટેઈટ હાઈસ્કૂલ છોડીને આના અગવડભર્યા ભાડાના મકાનમાં ભણવાનું લોકો વધુ પસંદ કરતા. એટલે આ નિમંત્રણ અનુકૂળ જ હતું. પણ નોકરી અભ્યાસની આડે ન આવવી જોઈએ. એટલે એમણે જાતે જ સંચાલકો આગળ સ્પષ્ટતા કરી: 'એમ. એ. માટે વાંચવું છે, એટલે આખો સમય કામ નહિ કરું; અરધો દિવસ હાજરી આપી શકું; અને બીજા ગ્રૅજ્યુએટોને આપો છો એ કરતાં દસ રૂપિયા ઓછા મને આપજો.' સામે પક્ષે દરખાસ્ત મૂકી: 'તો શરત એક જ: ઓછામાં ઓછાં બે વરસ કામ કરવાની બંધણી આપો.' અરસપરસ આ દરખાસ્તો સ્વીકારાઈ હતી. 'રહેવાનું તો અમારે ત્યાં જ છે, હો!'–એવો કપિલભાઈના કુટુંબનો આગ્રહ ઠેલી શકાય એમ નહોતો. એટલે, જેનું એક બારણું દાણાપીઠની પછવાડે પડતું હતું તે, વાસાણી ફળિયામાંના કપિલભાઈના મકાને ઈ. ૧૯૧૭ના જૂનમાં એ પહોંચી ગયા.

એ કુટુંબ વિશિષ્ટ હતું. ઍની બેસન્ટનો પ્રભાવ તો હતો જ. ઈ. ૧૯૧૬માં તિલકે હોમરૂલની સ્થાપના કરી; બેસન્ટે લંડનની હોમરૂલ લીગની શાખા ભારતમાં ખોલી; મહાયુદ્ધ ચાલતું હતું એના પ્રત્યાઘાતરૂપે પણ રાષ્ટ્રીય જાગૃતિને વેગ મળ્યો હતો; સ્વદેશીની ચળવળ પણ ચાલુ હતી; –આ બધાં આંદોલનો ભાવનગરમાં અંકાતાં હતાં. ત્યાંનું વાતાવરણ પણ જાગૃતિમાં આગળ રહે એવું હતું. ૧૯૧૫માં ભારત આવેલા ગાંધી, જેની શામળદાસ કૉલેજમાં પોતે પ્રથમ વર્ષમાં ભણ્યા હતા તે ભાવનગરમાં તે સાલે જ આવેલા હતા. ગોખલે સ્મારક માટે ફંડ ઉઘરાવવા એ આવેલા. એ વાતો હજી તાજી હતી. ભાવસિંહજીને એ મળવા ગએલા ત્યારે એમના મહેલમાં છુટ્ટા ફરતા ચિત્તા જોયા. એમને આવતા જોઈને ચિત્તાએ હુંકાર તો કર્યો, પણ એથી જરા ય ખમચાયા વિના, ગાંધીએ તો પોતાની સ્વાભાવિક ગતિએ જ, એની પાસે થઈને મહેલમાં પ્રવેશ કર્યો હતો. રાણીશ્રી નંદકુંવરબાને રાજાએ ગાંધીજીનો પરિચય આપ્યો, ત્યારે એમણે જવાબ આપેલો કે હું તો રાજકીય નેતા તરીકે નહિ, મારી ફોઈને ઘેર આવ્યો છું. ભાવનગર-પોરબંદરના મામા-ફોઈના સંબંધનો એ ઇશારો હતો. પછી એમણે જાહેરમાં કહેલું: 'હું તો અહિંસાની વાતો કરું છું; પણ અહીં તો હિંસક ચિત્તાઓને ભાવસિંહજીએ અહિંસક કરી મૂક્યા છે!' એ વાત આ હવામાં હજી ઘુમરાતી હતી.

કપિલભાઈ ને રામુભાઈ જેવા બે જુવાન સમવયસ્ક કવિજીવ આ ઘરમાં હતા. ભારતમાં નવા આવેલા ગાંધીપ્રભાવને પણ પોતાના ઘર સુધી એ લઈ આવેલા. 'સત્યાગ્રહ આશ્રમ' ગાંધીજીએ એ જ વર્ષે અમદાવાદમાં સ્થાપેલો. એમાં જનારને ગાંધીજી કામ કરાવે છે, પાણી ભરાવે છે, ઘંટીએ બેસાડે છે એવી વાતોથી આકર્ષાઈ કપિલભાઈ ત્યાં ત્રણ દિવસ ગાળી આવેલા; અને ઘરમાં વાસણ માંજવાં, સંજવારી કાઢવી, પાણી ભરવું, દળવું વગેરે કામોમાં જોડાવાનું શરૂ કરી દીધેલું. મેઘાણી પણ એમાં જોડાતા.

પરોઢિયે ઊઠે તો પૂજા ચાલુ હોય. પુષ્પ, ધૂપ, દીપભર્યા એ મંગલ વાતાવરણમાં આરતીની ટોકરી રણકતી હોય, ને મોંઘીબા ગાતાં હોય:

'તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થૈને રો'.

આ હાલરડું તે એમનું પૂજનસ્તોત્ર હતું! ક્યારેક મોંઘીબા વળી બીજું કંઈ ગણગણતાં હોય. રાધા પોતાને માટે ચૂડલો વહોરી લાવવાનું પાટણ જતા કૃષ્ણને કહે છે:

ઊડણ દાંત ન વોરશો હું તો પે'રું જમણે હાથ,
પીળા પોગરનો ચૂડલો રે મારી બાંવડલી ઢંકાય.

પણ આ સાંભળતા મેઘાણીને, હજી તે વખતે, આ ઉતારી લેવાનો નાદ નહોતો લાગ્યો. કાન દ્વારા આ ગીતો-ઢાળોના સંસ્કારમધુનું સિંચન અંતરમાં થતું હતું. નિર્મળ અંતરે પોતે માનેલી ભાવનાઓ પ્રમાણે જ જીવવાનો પ્રયત્ન કરતા હતા. એક વાર મિષ્ટાન્ન રંધાએલું. તે જમવા આવે નહિ! કપિલભાઈ કહે 'ચાલોને ભાઈ, જમવા.' ઝવેરભાઈ કહે: 'બાંકુરામાં દુકાળ છે તે ભાઈ, કેમ આપણાથી આવું ખાઈ શકાય?' પછી પોતે આવ્યા તો ખરા, મિષ્ટાન્ન ન ખાધું.

ઘરમાં સૌ સાથે નિઃસંકોચપણે ભળી ગયા હતા. થોડાક દિવસોમાં તો પરોઢિયે ચાર-પાંચ વાગ્યે ઊઠવાનો અને જે કામ ચાલતું હોય તેમાં ભળવાનો નિયમ જ કરી દીધો. કપિલભાઈ લખે છે: 'એ વખતે ભાવનગરમાં (આટા માટેની) ઘંટીઓ નહોતી. અમારા ઘરમાં ઘંટી હતી અને લોટ ઘરે જ દળાઈ તૈયાર થતો. આ દળવાના કામમાં મારાં માતુશ્રી, મારાં પત્ની ને બહેન સાથે મેઘાણીભાઈએ જોડાવાનું નક્કી કર્યું; અને સવારે ચાર-પાંચ વાગ્યે ઊઠી, કોઈક વાર પાલી-બેપાલી કે વધારે દાણો દળી નાખતા.'

સરખી રુચિના આ ત્રણ જુવાનો—કપિલભાઈ, રામુભાઈ ને મેઘાણીભાઈ—જ્યારે નવરા પડે ત્યારે, મોટે ભાગે સાંજે કે રાત્રે જમ્યા પછી, તડાકે ચડતા; વિનોદો કરતા. એ વિનોદોમાં ય જોડકણાં થઈ જતાં. પછી તો આવાં જોડકણાંની એમની પ્રિય રમત થઈ ગઈ હતી. મેઘાણીની પહેલી રચનામાં છંદ પરની પકડ દેખાય છે. એ શક્તિ આ રમતથી દૃઢ થઈ. કવિતા પણ કેવળ પ્રતિભાજન્ય નથી, કસબ-કારીગરી યે જોઈએ. એમણે એમની આ રમતને 'કવિતાનું કારખાનું' કહ્યું. એ 'કારખાનું' કેવું હતું તેનો સાચો ખયાલ તો ઈ.૧૯૧૯ના 'વીસમી સદી'ના ફેબ્રુઆરી અંકમાં પૃ. ૩૭૫ 'કવિતા કરવાનું કારખાનું' નામે વિનોદલેખ જોનારને થશે. એમાં લગ્નમંગલ, જન્મોત્સવ, નૂતન વર્ષની શુભેચ્છાઓ, ફટાણાં, મરશિયા વગેરે પર કવિતા કરાવવા ઇચ્છતા ગ્રાહકોને પોતાનો ઑર્ડર 'જંત્રી: ક. ક. કા., મુ૦ 'ડાળી', વાયા-'થડ', એ સરનામે મોકલવાની સૂચના છે. કારણ કે—

'અમારા કારખાનામાં કવિતાઓ બને ઝાઝી!'

માલ કેવો ખાતરીબંધ હશે એના નમૂના, પ્રત્યેક નમૂનાના ઇતિહાસ સાથે, ગ્રાહકોના લાભાર્થે એમાં રજૂ થયા છે. મેઘાણીના જીવનનો આ સૌથી હળવો સમય હતો. નિર્દોષ વિનોદનો એ સમય હતો. નહોતો પરીક્ષાનો ભાર કે નહોતી કમાવાની ચિંતા. એટલે હળવે હૈયે 'કવિતાનું કારખાનું' ચાલતું હતું. એમાંથી નૉન્સેન્સ ર્હાઈમ્સની કેટલીક સારી પંક્તિઓ ને પૅરડીઝ–પ્રતિકાવ્યો–ઠઠ્ઠાકાવ્યોના નમૂના પણ નીકળતા હતા.

આ કારખાનાનું ઉદ્‌ઘાટન ગંભીર રીતે થયું. એક રાત્રે સાંજનું વાળુ પતાવીને કપિલભાઈ, ઝવેરભાઈ અને રામુભાઈ બેઠા હતા. વાતો દરમિયાન કપિલભાઈ મેઘાણીભાઈને કહે: 'હવે તમે કંઈ લખો.' મેઘાણી કહે: 'હું શું લખું? મને કંઈ સૂઝતું નથી.' કપિલભાઈ કહે: 'અરે, આ તો ગઝલની એક પંક્તિ જ બની ગઈ!—'હું શું લખું? કૈં સૂઝતું મુને નથી. તમે કવિતા જ લખો.' મેઘાણી કહે:

'હું શું લખું? કૈં સૂઝતું મુને નથી!
મારી હકીકત કોઈ સાંભળતું નથી!'

તરત જ કપિલભાઈએ જવાબ વાળ્યો:

'તારી હકીકત સાંભળીને શું કરે?'

ને રામુભાઈએ પણ ઝુકાવ્યું:

'તારી હકીકત સાંભળીને શું? મરે?'

ત્રણેને થયું: વાહ, સરસ! રામુભાઈ ઊઠીને પેન્સિલ-કાગળ લઈ આવ્યા. કહે: 'આને નોંધી લઈએ'. 'હા, વારતારીખ સાથે'. કપિલભાઈએ સૂચના કરી.રચના નોંધીને રામુભાઈએ આ ઐતિહાસિક રુબાઈની તારીખ નોંધી:

'તારીખ ચોથી, વાર મંગળ આજ છે.'

ઝવેરચંદે ઉમેર્યું:

'ને ઘોર રાત્રીનું હૃદયમાં રાજ છે.
આ સૃષ્ટિકર્તા મૂર્ખનો શિરતાજ છે.'

કપિલભાઈ કહે: 'આ સૃષ્ટિકર્તા સૃષ્ટિનો સરતાજ છે,'

રામુભાઈ કહે: 'દુનિયા તણો રિવાજ છે (કે) સમળી પછાડી બાજ છે.'

વળી વિવેચન થયું: 'અરે! આમાં તો છેલ્લી પંક્તિ અંગ્રેજી સ્પેન્સેરિયન સ્ટાન્ઝાની જેમ આગલી ત્રણ કરતાં લાંબી છે!' 'અરે, લાંબી છે શું? કારખાનામાંથી તો તાકા ને તાકા નીકળે.' મેઘાણીએ કહ્યું. એ જ વિચારને લઈને વળી એક દા'ડો આ ત્રિપુટીનું કારખાનું ચાલ્યું:

'પ્રત્યેક કવિતા એક તાકારૂપ છે.
અમ ઇશ્કનો સંસાર ઊંડો કૂપ છે.
અહીં આશકોની જીભ સઘળી ચૂપ છે!
તેની દવા લોબાનનો ને લીંબડાનો ધૂપ છે.'

કોઈ વાર ઊંઘ ન આવતાં—

ક૦ કહે: 'આજે અમોને ઊંઘ પણ ગમતી નથી.'
પછી, ચાલ્યું:
રા૦: 'આજે હૃદયમાં કલ્પના ભમતી નથી.'
મે૦: 'માશૂક કેરી આંખડી રમતી નથી.'
ક૦: 'આજે અમારી જીભ તેની ભાખરી જમતી નથી.'

કોઈને બગાસું આવે કે ચાલે:

મે૦: 'ભાઈ બગાસાં ખાય છે ચાલો હવે.'
ક૦: 'એ ખ્વાબમાં સૂતે છતે ગઝલો લવે.'
રા૦: 'એ વાતનાં સ્મરણો થતાં હૃદયું દ્રવે.'
ક૦: 'અમ ઇશ્કની મીઠી ખુમારી શાયરો પણ શું કવે?'

કારખાનું બંધ કરવાનો 'જંત્રી'નો હુકમ થતાં—

રા૦: 'હવે હું બંધ રાખું છું.'
ક૦: 'છતાંયે સ્વાદ ચાખું છું.'
મે૦: 'નિસાસા ખૂબ નાખું છું.'
રા૦: 'ટૂંકારા ખૂબ સાંખું છું.'

'લખો', મેઘાણી નોંધ કરાવે છે: 'લખો કે કારખાનામાં અસંબદ્ધ વિચારોને પણ 'ફિલૉસોફી' અને 'સૂફીઝમ'નો કેવો સુંદર ઓપ અપાય છે, તેનો ખયાલ વાચકોને આવી જશે.'

એક દિવસ વળી નીચેની નોંધ સાથેની રચના થઈ:

'કારખાનું નવાં કાવ્યો બનાવીને જ બેસી રહે છે એમ માનવાનું નથી. જૂના હસ્તલેખોનું સંશોધન કરી પ્રસિદ્ધ કરવાનું કામ પણ કારખાનું કરે છે. જૂના કાળમાં કોઈ એક દાખડાખાઉ સ્કૂલમાસ્તરને નિશાળનો વખત થઈ જતાં સુધી તેના રસોઈયાએ જમવાનું નહિ પીરસ્યું હોય, તે વખતના તેના ઉદ્‌ગારો એક હસ્તલેખમાંથી અમને મળી આવ્યા છે...કલાપીએ 'સાકીને ઠપકો' નામનું જે સુંદર કાવ્ય લખ્યું છે, તેનું મૂળ વસ્તુસૂચન આ કાવ્ય પરથી થએલું હશે એમ કાર્યવાહકો માને છે. બન્ને કાવ્યોનું સામ્ય જોતાં વાચકોની ખાતરી પણ એમ જ થશે.'

ભટ્ટને ઠપકો

ભટ્ટ, જે રસોઈ મને દીધી, તે વખતસર દીધી નહીં:
ભટ્ટ, આફરો મુજને ચડ્યો, કેમે કર્યો ઊતર્યો નહીં!
મુજ પેટમાં કૂતરાં રમે, ભડભડ જઠર સળગ્યા કરે;
તો યે તું તો મોડું કરે! મુજ થાળ તેં પીરસ્યો નહીં!

ખાસ ઉતાવળ તો એટલા માટે છે કે

'છે આજ લાંઘણ ચારની, દશ લાડુઓના મારની.' વગેરે.

કારખાનાના માલિકો વતી 'જંત્રી'એ નીચે નોંધ લખી છે: 'આ કવિતા પર ટીકા પણ થએલી છે. પરંતુ તે હસ્તલેખ હજી અમોને મળ્યો નથી. મળશે એટલે વાચકોની સેવામાં રજૂ કરવાની પહેલી તક લઈશું.'

વાસાણી ફળિયામાં દોઢેક માસ આવી મજા-મસ્તી કરી. દરમિયાન પોતાનું અલાયદું ઘર લેવાની ને સ્વયંપાકી થવા દેવાની દરખાસ્ત કર્યા જ કરતા હતા. તેથી કપિલભાઈએ એ માટે તપાસ કરી. પડોશમાં જ ગોપાળભાઈ ઠક્કરનું ચાર માળનું મકાન ખાલી હતું. એનો નીચલો માળ રસોડા સાથે મેઘાણીને મળ્યો, એટલે એમણે હાથે રાંધવાનું શરૂ કર્યું. પણ કપિલભાઈ કહે છે: 'પોતે જ ખાવાનું, એટલે હરકત જેવું નહોતું! એક વખત એમણે અમને ખાવાને નિમંત્ર્યા. અને જે કાંઈ બનાવી શક્યા તે જમાડ્યું પણ ખરું.'

થીઑસોફિકલ લૉજની પ્રવૃત્તિઓમાં પણ રસ લેવા લાગ્યા. એ સંબંધી કેટલુંક વાંચ્યું પણ ખરું. એની એક ભાવનાને વ્યક્ત કરતી 'મારી મહેમાનદારી' એ ગઝલ એ જ્યારે ને ત્યારે લલકારતા. ડૉ. બેસન્ટમાં એમના રસનું કારણ થીઑસોફીના અધ્યાત્મવાદ કરતાં તો વિશેષ બેસન્ટની તત્કાળની રાજકીય પ્રવૃત્તિ ને એની પછવાડે દેખાતી રાષ્ટ્રભાવના હોય એમ લાગે છે. લોકમાન્ય તિલકની સાથે 'હોમરૂલ'ની–સ્વરાજ્યની–ચળવળમાં જોડાએલાં એ વિદુષી પર, પહેલાં (૧૯૧૬માં) મુંબાઈ પ્રાન્તમાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકાએલો અને પછી '૧૭ના જૂનમાં તો એમને (એરુંડેલ તથા 'કૉમનવીલ' સાપ્તાહિકના તંત્રી શ્રી વાડિયા સાથે) અટકમાં લેવામાં આવેલાં. એ જ વર્ષે એપ્રિલમાં ચંપારણની લડતનાં મંડાણ પણ થઈ ગયાં હતાં. એ કારણે વાતાવરણ ગરમ હતું. એને સહેજ ઠંડું પાડવાને ઇરાદે બેસન્ટને છોડી મૂકવામાં આવ્યાં. કૉંગ્રેસ ૧૯૧૭ની એની કલકત્તાની બેઠકના પ્રમુખ તરીકે એમની વરણી કર્યાની જાહેરાત થઈ. એ અરસામાં બેસન્ટ ભાવનગર આવ્યાં.

ભાવનગરે એમનું ભવ્ય સ્વાગત કર્યું. ઉલ્લાસના ઓઘ ચડ્યા. ભાવનગરમાં એ જમાનામાં પણ બિન-ધંધાદારી નાટ્યપ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. જોકે આખું નાટક સળંગ રીતે તો એકે ય ત્યાં સુધીમાં ભજવાયું નહોતું, છતાં પ્રવેશો ભજવાતા. નાગર યુવકો આમાં વધુ રસ લેતા.

બેસન્ટના સ્વાગતસમારોહમાં પણ નાટક કરવાનું ઠરાવાયું. એમાં મેઘાણીએ આગેવાની લીધી. નાટકોનું એમનું વાચન સારું હતું. વળી બગસરા–અમરેલીમાં નાટકો ભજવેલાં, એટલે નાટકની પસંદગીથી માંડીને નાટક માટેની વાચના (ડ્રામા-સ્ક્રિપ્ટ)ની તૈયારી, અભિનય, દિગદર્શન, સ્ટેજ-મૅનેજમેન્ટ, પ્રૉપર્ટીની પસંદગી, રંગભૂમિ-સજાવટ–નાટ્યનિર્માણનાં આવાં બધાં જ પાસાંનો સારો અનુભવ એમને હતો. તે વખતના એમના સહકાર્યકરોમાંના એક શ્રી વિદ્યુતરાય દેસાઇએ માહિતી આપી છે: 'એ વખતે 'ચિત્રવિચિત્ર' નામે એક પ્રયોગ કરેલો. એમાં બે નહિ પણ ત્રણ-ચાર પ્રસંગો હતા. એક 'જયા–જયન્ત'માંથી, બીજો 'એમ. એ. બના કે ક્યું મેરી મિટ્ટી ખરાબ કી'માંથી, ત્રીજો હતો વિષ્ણુપ્રસાદ નંદલાલનો લખેલો કૌરવ–પાંડવવાળો પ્રસંગ ને ચોથો, બનતાં સુધી 'હૅમ્લેટ'નો કોઈ પ્રસંગ. કૌરવ-પાંડવવાળા પ્રસંગમાં મેઘાણીભાઈ વિદુર બનેલા. એક પાત્ર સંવાદ ભૂલી ગયું. મેઘાણીભાઈએ સ્ટેજ પર જ, કોઈ પકડી ન શકે એમ, પોતાના સ્વાભાવિક સંવાદમાં જ એની ભૂલ પ્રત્યે પેલાનું ધ્યાન દોર્યું. એ જ પાત્રે 'તમે પાંડવોને help કરી' એવો છબરડો પણ વાળેલો! તે વખતે, ને તે પછી પણ આવે પ્રસંગે, ગ્રીનરૂમમાં પણ મેઘાણીભાઈનું જ વર્ચસ્વ રહેતું.'

'જયા-જયન્ત'માંથી જયન્તના આશ્રમવાળા દૃશ્યથી માંડીને, તે એ પછીના પ્રવેશના 'કોણ? જનમનો જોગી જયન્ત?' ત્યાં સુધીના પ્રવેશોનો એક સળંગ ભાગ ભજવ્યો. 'જયા-જયન્ત'માં એક અનવદ્ય ઊર્મિકાવ્ય છે—નદીમાં તણાતી જયાને બચાવીને, જયન્તની યોગગુફામાં એના અચેત શરીરને લાવી મૂકવામાં આવે છે ત્યારે એ શબવત્ શરીરને જોતાં જયન્ત પોતાના હૈયાને જેમાં વહેતું મૂકે છે એ ગીત—

એક જ્વાલ જલે તુજ નયનનમાં!
રસજ્યોત નિહાળી નમું હું નમું!

જયન્ત બનેલ મેઘાણીએ, એ શરીર પાસે ઘૂંટણીએ પડી ત્યારે જે અભિનય કર્યો ને જે રીતે એ ગીત ગાયું, એ જોતો સાંભળતો, ભાવનગરના 'વિજય-રંગ થિયેટર'માં ખીચોખીચ ભરાએલો એ આખો સમુદાય, એ દૃશ્ય સાથે તદ્રૂપ થઈ ગયો! એમને માટે આ એક અવિસ્મરણીય અનુભવ હતો.

વિશેષ આશ્ચર્યકર તો એ હતું કે જેણે જયન્તની આવી ભૂમિકા કરી એ જ મેઘાણીએ, એ જ દિવસે ને એ જ પ્રયોગમાં, અમૃત કેશવ નાયકના 'એમ.એ. બનાકે ક્યું મેરી મિટ્ટી ખરાબ કી' એ નાટકમાંના દૃશ્યમાં દંભી, ધર્માંધ, નશાબાજ, ગંજેરીઓના અખાડા ચલાવનાર, એ નાટકના ખલનાયક તુલારામ પટવારીનો વેશ લીધો ને એને અદ્‌ભુત રીતે ન્યાય આપ્યો! એક જ સમયે પોતાની ચિત્તવૃત્તિને બે છેડાનાં બે પાત્રોમાં મૂકી બતાવવી એ સારા નટ માટે પણ કપરું કામ છે. કપિલભાઈ એ પ્રસંગને યાદ કરતાં કહે છે: 'તુલારામ પટવારીના અખાડામાં મહેમાન બની માણેકચંદ એમ.એ. આવી આશરો લે છે અને નાતની મહાજનમંડળી સામે પોતાનો બચાવ કરવા એ વીનવે છે, એ પ્રસંગો અમે તૈયાર કરેલા. એ ભૂમિકા પણ મેઘાણીભાઈએ અજબ આકર્ષક રીતે ભજવી હતી, અને રીહર્સલોમાં જે નહિ કરી બતાવેલું એ નાટક ભજવતી વખતે ભજવી બતાવેલું. ગાંજાની ચલમો ચેલાઓના હાથમાંથી લઈ ફૂંકતા. અને ભાંગની પ્યાલીઓ ગટગટાવતા તુલારામ પટવારીની શીઘ્ર કવિતાઓ અર્ધમીંચેલી, નશો કરેલી આંખો સાથે લલકારતા.

'આવો માણેકચંદ! કહો, શરીરે તો સુખી?' અને
'અરે, શું વિચારી તું હિંદુ થયો છે?
ભણ્યો અંગરેજી જ, ફાટી ગયો છે.' વળી
"'ધન-યૌવન ગયું' એ કવિતા કેવી કહી બેટા માણ્યકા?"

અને (ચોળા વૃત્તમાં)

'જખ મારે છે બધા, યાર, તું ચાલ્યો જા ને,
પારસ છે પારસણુ, મજા કર, ભેગું ખાને!'

એ બધું, પાત્રની ભૂમિકા બરાબર સમજી, ભજવતા મેઘાણીભાઈ આજે પણ નજર આગળ તરે છે.'

એવું જ કુશળ હતું એમનું દિગદર્શન. 'હૅમ્લેટ'ના દૃશ્યમાં મૂળમાં તો કિલ્લાની બહાર મિત્રો હૅમ્લેટને મધરાતે ભૂત બતાવે છે, એમ છે. 'હૅમ્લેટ'નાં જુદાં જુદાં ચલચિત્રોમાં ય આ ભૂત ક્યાંથી કેવી રીતે આવે છે તે દૃશ્ય-સંકલ્પના દિગદર્શકે કરવી પડી છે. મેઘાણીએ એવું ગોઠવ્યું કે કિલ્લા બહાર એક સફેદ આરસની હોય એવી દેખાતી કબર ખડી કરી, એની ઉપર ફૂલો, ધૂપ-દીપ મૂક્યાં. લોબાનના તો ધૂમ્રગોટા ઊડે એમ કર્યું. એ ધૂમ્રગોટા વચ્ચેથી, કબર પરથી જાણે ભૂત ખડું થતું હોય એવું બતાવ્યું. એ કારણે એ દૃશ્ય અસરકારક બનેલું.

આ નાટ્યપ્રયોગમાં એમણે ભજવેલી દંભી ગુરુ તુલારામની ભૂમિકા પરથી એમનો મિત્રસમૂહ ગમ્મતમાં એમને 'ગુરુજી' કહેતો. પછી, એ નામ બહાર પણ ફેલાયું હતું. આ 'ગુરુજી'ને ત્યારે સ્વદેશી-પ્રચારનો નાદ પણ લાગેલો હતો. સાબુ, સ્ટેશનરી, શાહીની ટીકડીઓ, બગસરાની શાળોનું કાપડ—એવી નાનીમોટી સ્વદેશી વસ્તુઓ લઈને એ વેચવા નીકળતા. ક્યારેક કોઈ ઓળખીતા વિદ્યાર્થીને ઘેર જાય, ક્યારેક કો'ક સાવ અજાણ્યાની દુકાને પણ જાય, એમ ડેરડેર સ્વદેશીનો પ્રચાર કરે.

ભાવનગરની 'કાવ્યસભા'ના એક વખતના પ્રમુખ શ્રી વિદ્યુતરાય દેસાઈ તે વખતે એમના વિદ્યાર્થી. મેઘાણી થેલો લઈને પહોંચી ગયા એમને ઘેર. એમણે જ આ સ્મરણ આપ્યું છે: 'મેઘાણી ત્યારે સનાતન ધર્મ હાઈસ્કૂલમાં શિક્ષક. હું ભણતો મૅટ્રિકમાં. એ તો પાંચમા ધોરણ સુધી જ ભણાવતા. પણ અમે એમને ઓળખીએ ખરા. તે વખતે અમારા ઘરમાં નવાણુ પળાતું. અમે નાહીને જમવા બેઠેલા ને એ ઝોળી સાથે આવ્યા. બાપુજીએ પૂછ્યું: 'કોણ છે?' મેં પરિચય આપ્યો કે 'સનાતન ધર્મ હાઈસ્કૂલમાં તેઓ કામ કરે છે–મેઘાણીભાઈ કરીને છે.' એટલે એટલે એમણે પૂછ્યું: 'શું કામ છે, ભાઈ?' મેઘાણી કહે: 'આ સ્વદેશી વસ્તુઓ લઈને વેચવા આવ્યો છું.' બાપુજીએ પૂછ્યું: 'આશરે કેટલીક કિંમતની વસ્તુઓ હશે?' મેઘાણી કહે: 'ચાળીસેક રૂપિયાની.' 'મૂકતા જાઓ.' અમે જમતા'તા, એટલે એ થેલી મૂકીને ચાલ્યા ગયા.'

શ્રી વિદ્યુતરાયના પિતા શ્રી યશવન્તરાય દેસાઈ મિલમાલિક હતા. ભારે ઉદાર. એમણે તો ઔદાર્ય જ દાખવેલું; પણ, આ વેચનારના મનમાં પછી વિચાર સ્ફૂર્યો: 'આ રીતે વસ્તુઓ વેચ્યે સ્વદેશીનો પ્રચાર થવાનો ખરો? આ માણસ નથી પૂછતો, નથી વસ્તુઓ જોતો. એ કામની છે કે નકામી એની નથી ચિંતા કરતો, કેટલી છે કેટલી નહિ એની યે તપાસ નથી કરતો, સ્વદેશી જ શા માટે એ સમજવાની યે કોશિશ નથી કરતો! હું તે સ્વદેશીનો વિચાર ફેલાવવા નીકળ્યો છું કે આ વસ્તુઓનો વેપલો કરવા? ના, જીવ ના; આપણે આમ નથી વેચવું.' એ તો પાછા ગયા શેઠ પાસે. શેઠ જમી રહ્યા'તા. જઈને વંદન કર્યા. થેલો ઉપાડ્યો. શેઠ કહે: 'કાં ભાઈ! પૈસા તો લેતા જાવ.' એ કહે: 'આપ સમજ્યા વિના, જોયા-જાણ્યા વિના લો એ ન ચાલે. પૂરેપૂરી સમજીને અપનાવો તો જ વસ્તુઓ આપું.' ને શેઠે સમજ અને વસ્તુઓ બન્ને લીધાં.

એક વાર કપિલભાઈને ય સાથે લીધેલા. એમણે લખાવ્યું છે: 'નાગર પોળની સામે એક ધોબીની દુકાન. ધોબી કપડાંને ઈસ્ત્રી કરવાના કામમાં તલ્લીન હતો. મેઘાણીભાઈ એ દુકાનમાં દાખલ થયા. પછવાડે હું પણ હતો. 'ભાઈ, તમે આ કપડાંમાં સાબુ વાપરતા હશો?' મેઘાણીએ પૂછ્યું.

'હા; સાબુ તો વાપરવો જ પડે ને?' જવાબ મળ્યો.

'કેવો સાબુ વાપરો?' ધોબી કહે: 'પીળા વિલાયતી લાટા.'

'અહ...હ...હ...હ..., ભાઈ! એમાં તો આપણા દેશનો પૈસો પરદેશ તણાઈ જાય. આપણો દેશ ગરીબ છે તે વધારે ગરીબ બનતો જાય. આપણે ત્યાં પછી સાબુ બનાવનારાઓ બીચારા ક્યાં જાય?' એ-

મણે તો આવી અનેક વાતો એને કહેવા માંડી. પણ ધોબીને આ સાંભળવાની જરા ય ફુરસદ નહોતી, કારણ કે ઈસ્ત્રી સળગતી હતી. એણે ટૂંકો જવાબ આપ્યો: 'સોંઘો પડે અને સારું કામ આપે તો વાપરીએ.' સોંઘો પડે એમ છે એમ તો કહી શકાય એમ નહોતું. એટલે 'વધારે સારું કામ આ સાબુ જરૂર આપશે, ભાઈ. એની હું ખાતરી આપું'–એમણે કહ્યું. એ ન બોલ્યો એટલે વળી ઉમેર્યું: 'તમે એક લાટો વાપરી જુઓ. પછી, વિલાયતી કરતાં સારું કામ આપે એમ લાગે તો કાયમ વાપરજો ને બીજાઓને પણ કહેજો. આપણા દેશ ખાતર આટલું કરવું જોઈએ.'

પણ ધોબીને સાબુ ખરીદવાની જરા ય ઇચ્છા નહોતી. અર્ધો સાબુ, નાની ગોટી, એક પૈસાનો નમૂનો—ત્યાં સુધીની દરખાસ્ત કરી; પણ ધોબીમાં સ્વદેશાભિમાન ન જાગ્યું! 'ત્યારે આ અર્ધા પૈસાની અર્ધી ગોટી હું તમને મફત આપી જાઉં છું. એ અર્ધો પૈસો હું ભરીશ. તમે આ સાબુ વાપરીને, કેવો લાગે છે એ જોજો. હું પાછો અઠવાડિયા પછી આવીશ.'

અર્ધા પૈસાની ગોટીની ભેટ મૂકી જનાર સ્વદેશી પ્રચારકની વિદાય પછી, ધોબીને રાહત મળી! અર્ધા પૈસાની ગોટી એક કપડાને અલગ લગાવી, સેંકડો કપડાંમાંથી એ કેવું ધોવાયું છે એની પરીક્ષા કરવા જેટલી ધીરજ ધોબી પાસે નહોતી. પ્રચારકને પોતાને પણ એનો સ્પષ્ટ ખયાલ નહોતો. એની પાછળ ભાવના માત્ર હતી.'

'બહાર નીકળી આગળ ચાલતાં, થેલામાંની શાહીની ટીકડીઓ અકસ્માતથી રસ્તામાં વેરાઈ ગઈ. ૫૦–૬૦ નાની ટીકડીઓ વેરણછેરણ ધોરી માર્ગ પર પડી. મેઘાણીભાઈ એ વીણવા માટે રસ્તા પર નીચા નમ્યા ને આમતેમ ગોતવા લાગ્યા. 'ચિત્રવિચિત્ર' નાટકવાળા અમારા નાગર સાથીઓ, જેઓએ એમને 'ગુરુજી' નામથી નવાજ્યા હતા તેમનામાંથી કેટલાકે આ જોયું, ને દોડી આવ્યા. 'શું થયું ગુરુદેવ?' 'આ ટીકડીઓ જરા છૂટી ગઈ, તે વીણું છું.' પછી બધી ટીકડીઓ એકઠી થઈ ગઈ અને ગણાઈ ગઈ. એક ખૂટતી હતી. 'હવે એક હાથ ન આવે તો હરકત નહિ'–એવું આશ્વાસન લઈ, રમૂજ સાથે તેઓ વિદાય થયા.'

જેવી સ્વદેશદાઝ તેવી જ સેવાવૃત્તિ. ભાવનગરમાં ત્યારે સૌથી પહેલી વાર ફ્લ્યૂ (ઇન્ફ્લ્યૂએન્ઝા) આવ્યો. ડૉક્ટરો ને સમાજસેવકોએ ઘેરઘેર દવા-સેવા માટે ફરવા માંડ્યું. ઘેરઘેર ફરી દવા વહેંચવી, લોકોને સમજાવવા, ગરીબ દર્દીઓની સંભાળ રાખવી, આ બધાં માટે નિઃસ્પૃહી સેવકોની જરૂર હતી. એ કાર્યમાં એમણે આગેવાની લીધી. ત્યારે ટીકડીઓ-ગોળીઓનો જમાનો નહોતો. દવાના બાટલા સાથે મેઘાણી ઘેરઘેર જતા. શબ્દથી ને દવા આપીને તો સારવાર કરતા જ, પણ કોઈ ઘેર ત્રણચાર બિછાનાં હોય અને સારવાર કરનારની તાણ હોય તો એ પોતે ત્યાં રોકાઈ જતા. જરૂર પડ્યે જાતે જઈને ડૉક્ટરને તેડી લાવતા. ધીરજથી, ખંતથી, દિવસો સુધી આવું કામ વણથાક્યે કર્યે ગયા. છતાં સહકાર્યકરોને ય મળે ત્યારે પોતે કરેલાં આવાં લોકકાર્યો વિષે તો હરફે ય ન ઉચ્ચારતાં, ફક્ત આ રાહતકાર્ય કેમ આગળ ચાલે તેની ચર્ચા કરતા કે સૂચનાઓ આપતા.

મિત્રો આગ્રહ કરે તો વિનાસંકોચે ગાતા. એમનાં એ વખતનાં પ્રિય ગીતો હતાં–કલાપીનાં–'સાકીને ઠપકો,' 'અરે તું વૈદ્ય કાં તેડે?', 'યજ્ઞમાં આમંત્રણ' વગેરે; નાનાલાલનું 'ધૂમકેતુનું ગીત'; સાગરનું 'દર પરખડી...'; કપિલભાઈનું 'મારી મહેમાનદારી'. ચાના કે પાણીના પ્યાલા પડ્યા હોય ને એ ગાય ત્યારે એ ખાલી પ્યાલામાંથી રણકાર જાગતો એવો બુલંદ અવાજ. રસ્તે જતા લોકો સાંભળવા થંભી જતા. એક વાર પડોશમાં ટીપણી ચાલે. મજૂરણો ગાય. ગાતાં ગાતાં અટકી પડી. એ લીટી યાદ કરવા મથે, પણ યાદ આવે નહિ! મેઘાણીભાઈનું ધ્યાન એ તરફ હશે. તે બહાર નીકળ્યા અને પેલી લીટી ગાઈ બતાવી! આમ અંતરપટ પર લોકગીતના અક્ષરોનું કોતરામણ પણ થતું જતું હતું.

એ કવિ હતો. એનો મિત્ર હતો—ગણિતશાસ્ત્રી.

એક દિવસ કવિએ કહ્યું: 'આ — × — = + મને કેમે ય સમજાતું નથી. એવું તે કેમ બને?'

ગણિતશાસ્ત્રી જ્યારે કાગળ પર ચિતરામણ કરી એ સમજાવતો હતો ત્યારે કવિ ધ્યાનમગ્ન થઈ કવિતા લખતો હતો.

× × ×

પછી એક દિવસ હૃદયના ઉમંગથી ઊછળતા કવિએ કહ્યું: 'મને તમારું — × — = + નું સમીકરણ બરાબર સમજાઈ ગયું.'

આશ્ચર્યમાં ગરકાવ થઈ ગણિતશાસ્ત્રી એને સાંભળી રહ્યો. 'થયું એવું કે આજે હું બજારમાં ગયો હતો. ત્યાં એક ડોસો ભીખ માગતો હતો અને તેની સાથે એક છોકરી હતી. ડોસો આંધળો હતો અને એ નાની છોકરી એનો હાથ પકડીને દોરતી હતી. મને આશ્ચર્ય થયું કે આ આંધળા સાથે તે કોણે સંસાર માંડ્યો હશે? મેં પૂછ્યું: "આ છોકરી તારી છે?" તેણે કહ્યું: 'ના, રે...બાપ...' 'તો?'

'એ તો કોઈ અનાથ છોકરી છે. એમ જ મળી ગઈ. હું આંધળો ને એ નિરાધાર. બંનેને એકબીજાનો સહારો મળી ગયો. ઇશ્વરની દયા!'

અને ગીતાનો શ્લોક બોલતો હોય એમ કવિ બોલી ગયો: 'ને મને તમારું પેલું સમીકરણ સમજાઈ ગયું — × — = +.'

આ નવા સમીકરણને સમજવા મથતો ગણિતશાસ્ત્રી કાંઈ બોલી શક્યો નહિ. —'નિશીથ'

ત્યાં ગોપાળજીભાઈ ઠક્કરવાળું ઘર બદલવાનો પ્રસંગ ઊભો થયો. ભાવનગરમાં ત્યારે તખ્તેશ્વર પ્લૉટમાં 'સાગરકુટીર' નામના એક બંગલામાં ઔદિચ્ય વિદ્યાર્થીભવન શરૂ થયેલું. શ્રી વેણીશંકર ભટ્ટ એની દેખરેખ રાખતા. તેઓ થીઑસોફિસ્ટ હતા. એટલે મેઘાણીને ઓળખે. વેણીભાઈ પોતે પણ વિદ્યાર્થીઓ સાથે રહેતા. પણ ઉચ્ચ સંસ્કાર રેડી શકે એવા કોઈ જુવાન મદદનીશની શોધમાં હતા. મેઘાણીભાઈ પર એમની નજર ઠરેલી. એમણે એમને વિનંતી કરી. વિના વેતને મદદનીશ ગૃહપતિ તરીકે કામ કરવાનું હતું, અલબત્ત, કુટુમ્બ હોય તો સૌને રહેવાની સગવડ હતી. મેઘાણીએ તરત નિર્ણય કરી લીધો. ઘર બદલ્યું. બોર્ડિંગમાં રહેવા ગયા. બગસરાથી માતા પિતા, લાભુબહેન અને ભાઈ બાબુને ભાવનગર તેડાવી લીધાં. ભાવનગરમાં કાયમી રહેણાકનો ઇરાદો હતો.

એ ઈ. ૧૯૧૮ની સાલ હતી. શ્રી બળવંતરાય મહેતા નોંધે છે: 'એમનો સાહિત્યશોખ ત્યારે પણ ઝળક્યા કરતો. પૂર્ણિમા-ઉત્સવોમાં જુવાનોની મહેફિલોમાં તેઓ ત્યારે પણ રસથાળ પીરસતા. વિખ્યાત ગ્રંથકારોનાં પ્રસિદ્ધ પુસ્તકો દ્વારા તેઓ સરસ્વતીનું સેવન કરતા. ૧૯૧૮માં માલવીયજી કૉંગ્રેસને પ્રમુખસ્થાને ફરી બિરાજ્યા, ત્યારે ભાવનગરમાં કૉંગ્રેસ-સપ્તાહ ઊજવાયું. એ વખતે 'સ્વરાજ્ય' ઉપર તેમણે વ્યાખ્યાન આપેલું.' (વર્મા-પરમાર સંપાદિત 'ઝવેરચંદ મેઘાણી–સ્મરણાંજલિ', પૃ. ૧૦૩) આ એમનું પહેલું જાહેર વ્યાખ્યાન. કૉલેજના ચર્ચામંડળમાં કે થીઑસોફીના મંડળમાં પણ તેઓ ચર્ચા કરતા. ભાવનગરના જાહેરજીવનમાં એમનું મહત્ત્વ સ્વીકારાતું હતું. ત્યાં એ થાળે પડ્યા હતા.

એ જ વખતે કલકત્તાથી તાર આવ્યો. મોટા ભાઈ લાલચંદભાઈ બીમાર હતા ત્યાં તાકીદે તેડાવ્યા હતા. છૂટકો નહોતો.

કુટુમ્બને ભાવનગરમાં જ રાખ્યું. શાળામાંથી પંદરેક દિવસની રજા લીધી. કદાચ 'મહિનોમાસ થઈ જાય' એવી દહેશત પણ દર્શાવી. જુનિયર એમ.એ.નું વર્ષ હતું એટલે પરીક્ષાની તો ચિંતા નહોતી. ઊપડ્યા. (ચાલુ)

સુધારો: ગયા અંકમાં પૃ. ૩૮૪ને મથાળે છાપેલી છબિમાં ડાબી બાજુથી બીજી વ્યક્તિ 'ભડિયાદ'ના નહિ પણ 'વડિયા'ના દરબાર બાવા વાળા છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

૧ જ્યૉફ્રે ચૉસર (ચાલુ)

કૅન્ટરબરી કથાઓ

ચૉસરનું સૌથી મહત્ત્વપૂર્ણ, અધૂરું પણ અદ્‌ભુત સર્જન તે 'કૅન્ટરબરી કથાઓ (Canterbury Tales).' તેની ઉત્તરાવસ્થાનું આ સર્જન છે: જો કે આ શ્રેણિમાંની કેટલીક કથાઓ તેણે અગાઉ રચેલી હતી. આ કથાઓનું આયોજન તેણે સંભવતઃ ઈ. ૧૩૮૬ પછી તરત કર્યું એમ વિદ્વાનો માને છે. આ કથાપ્રવૃત્તિ કેટલા સમયગાળામાં વિસ્તરી તે નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ ઈ. ૧૩૯૩-'૯૪ના ગાળામાં કેટલીક કથાઓ રચાઈ. તે પછીની તેની કોઈ રચના મળતી નથી. ચૉસરના અવસાનને કારણે આ આયોજન અપૂર્ણ રહી ગયું.

કૅન્ટરબરી કથાઓને યાત્રા-સંઘના સૂત્રમાં પરોવવાની કલ્પના ચૉસરને ક્યાંથી સૂઝી તે વિષે વિવિધ અનુમાનો થયાં છે. ઈટાલીના કવિ બોકૅશિયોના ડેકેમેરન (Decameron)માં ચૉસરે અપનાવેલી પદ્ધતિ છે. પરંતુ ચૉસરે બોકૅશિયોનો આ વાર્તાસંગ્રહ જોયો હોય એ સંભવિત નથી એમ વિદ્વાનોનો અભિપ્રાય છે. કેટલાક વિવેચકોના મતે ચૉસરને આયોજનની પ્રેરણા જીઓવાની સર્કમ્બી (Giovanni Sercambi)ની નોવેલ (Novelle)માં જણાઈ છે. એ લેખકે પણ વાર્તાશ્રેણિ રચવા માટે યાત્રાળુના સંઘને માધ્યમ તરીકે અપનાવ્યો હતો. એ કૃતિ ઈ. ૧૩૭૪ના અરસામાં રચાએલી હોઈ ચૉસરે તે જોઈ હોવાનો સંભવ વિવેચકો સ્વીકારે છે. પરંતુ એ લેખકના આયોજનમાં કથાકાર પોતે જ બધી વાર્તાઓ કહે છે, જ્યારે કૅન્ટરબરી કથાઓમાં વિવિધ યાત્રીઓને મુખે વાર્તાઓ કહેવાતી જાય, એના બીજા યાત્રીઓ પર તીવ્ર પ્રત્યાઘાત પડતા જાય, એવી કુશળ તરકીબ ચૉસરે પ્રયોજી છે. આમ, ચૉસરની વાર્તાકલા વિશિષ્ટ બની રહે છે. એની પાસે પ્રજાના વિવિધ વર્ગો સાથેના સંપર્ક દ્વારા પ્રાપ્ત થએલો વિશાળ અનુભવ હતો; જીવનના પલટાતા રંગ તેણે નિહાળ્યા હતા; માનવહૃદયને સમજવાની ઉદાર દૃષ્ટિ હતી; તીવ્ર અવલોકનશક્તિ તો હતી જ. આ અવલોકન-અનુભવમાંથી તેના સર્જક ચિત્તમાં કથાઓની રેખા અંકાઈ અને યાત્રાસંઘનું માધ્યમ પણ કથાશ્રેણિ માટે તેને ખૂબ અનુકૂળ નીવડ્યું.

ચૉસરે આ કથાઓના આમુખ (prolouge)માં યાત્રીઓના યજમાન હૅરી બેઈલી દ્વારા પોતાની કથાશ્રેણિની યોજના કરી છે. સંઘમાં ત્રીસેક યાત્રાળુ છે. યાત્રાનો માર્ગ રસપ્રદ બની રહે તે માટે યજમાન દરેક યાત્રીને જતાં ને આવતાં બબ્બે કથાઓ કહેવાનું સૂચન કરે છે. આ રીતે ચૉસરે લગભગ એકસો વીસ વાર્તાઓની શ્રેણિ કલ્પી હોય; પરંતુ એ યોજના એના અવસાનથી અધૂરી રહી ગઈ. ચૉસરનો યાત્રીસંઘ સંત ટૉમસના ધર્મસ્થાને—કૅન્ટરબરી—કદી પહોંચ્યો જ નહિ. બહુ જ થોડા યાત્રીઓને વાર્તા કહેવાનો મોકો મળ્યો. કેટલીક કથા અપૂર્ણ પણ રહી. યાત્રાસંઘમાં સમાજના લગભગ દરેક વર્ગના પ્રતિનિધિ હતા. તેમના વ્યવસાય-વહેવારને સુસંગત થાય એવી વાર્તા તેમના મુખે રજૂ કરવાનો સમય પણ તેને રહ્યો નહિ. વાર્તાઓનો ક્રમ પણ જાળવી શકાયો નહિ. આવી બધી અપૂર્ણતાઓ છતાં, જે કથાઓ પ્રાપ્ત છે તેના આયોજનમાં પણ વિવેચકોએ અનાયાસ ઉદ્‌ભવેલી સુરેખ આકૃતિ નિહાળી છે.

કૅન્ટરબરી જનારા સંઘમાં સરદાર, ડૉક્ટર, ધર્મગુરુ, વેપારી, ઘાંચી સુથાર—એમ દરેક વર્ગના પ્રતિનિધિ છે. કવિ પોતે પણ યાત્રીઓમાંના એક છે. આ બધા યાત્રીઓનાં વાણી-વહેવારને નીરખતો કવિ અદ્‌ભુત તાટસ્થ્યથી તેમનો માર્મિક પરિચય કરાવે છે. યાત્રીઓની ધૂન, તેમના રાગદ્વેષ, પૂર્વગ્રહો, એ સર્વનું એવું સુરેખ ચિત્ર ઊપસે છે કે 'આમુખ' એક મઝાની 'પિકચર ગૅલેરી' બની રહે છે.



△ જેને મુખે ચૉસરે કથાઓ કહેવડાવી તે, કૅન્ટરબરી જતા યાત્રીસંઘનું એક દૃશ્ય: લગભગ તે કાળના પોશાકો આદિ દાખવતા પ્રાચીન ચિત્રમાંથી.

સંઘ કૅન્ટરબરીના માર્ગે ગતિ કરતો જાય છે, વારાફરતી યાત્રાળુઓ અવનવી કથા કહેતા જાય છે, એ કથાઓ સાંભળી બીજા યાત્રાળુઓ ખુશ થાય છે, ઉશ્કેરાય છે, આક્ષેપો કરે છે, ઝગડા કરી બેસે છે. આમ સમગ્ર કાવ્યમાં આ યાત્રીઓ Comedy of Actionનાં પાત્રો જેવાં બની રહે છે. આમાં મોટા ભાગના શઠ છે, શોષણખોર છે; ચૉસરના જમાનાના સમાજના પ્રતિનિધિઓ છે. ચૉસર હળવા કટાક્ષનો રંગ તેમને લગાવે છે. એ નીતિવાદી કે સુધારકનો સ્વાંગ ક્યારેય સજતો નથી. એ જેવા છે તેવા જ તેમને સ્વીકારે છે. ચૉસરનો માનવજીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ ઉદાર છે. એ સારી રીતે સમજે છે કે માણસ તેની પ્રકૃતિને જ અનુસરે છે. બુદ્ધિપૂર્વક જીવનવિકાસને માર્ગે જનારા તો જૂજ હોય છે.

ચૉસરના યુગનાં ઘણાં વર્ષ અરાજકતા અને અંધાધૂંધીનાં હતાં. સમાજમાં ભ્રષ્ટાચાર વ્યાપક હતો. ચૉસરનો સમકાલીન કવિ લૅન્ગલૅન્ડ (Langland) રોષપૂર્વક અનિષ્ટો પર આકરા પ્રહાર કરે છે; પણ ચૉસર ઠંડે કલેજે માનવસ્વભાવની લીલા નિહાળે છે. એને રોષ કરવાનું કોઈ કારણ દેખાતું નથી. મનુષ્ય એના સ્વાર્થને જ વશ છે અને એ સ્વાર્થના કુદરતી નિયમને (law of kind) જ તેઓ અનુસરે છે. ચૉસરને આ વાત બરાબર સમજાઈ છે. એના સંઘમાં ઘણાબધા યાત્રાળુઓ શોષણખોર, દંભી અને બદમાશ છે, છતાં એને મન એ બધા જ રંગીલા જીવો merry harlots છે. એવાં પાત્રોનાં મુખમાં પરોપદેશે પાંડિત્ય પ્રગટ કરનારી કથાઓ મૂકીને તેણે હાસ્યનું એક અવનવું પરિમાણ ઉત્પન્ન કર્યું છે. યાત્રાસંઘનું સમગ્ર ચિત્ર અકૃત્રિમ અને ગતિશીલ બની રહ્યું છે.

યાત્રીઓનો યજમાન હૅરી બેઈલી સરદારને કથાનો આરંભ કરવાનું સૂચવે છે, સરદારની કથા યાત્રીઓને રસપ્રદ નીવડે છે. એની પછી એક સાધુ (monk)નો વારો છે. હૅરી એને સૂચન કરે છે, ત્યાં તો એક પીધેલો યાત્રી—ઘંટીવાળો (miller) પોતે જ વાર્તા કહેવાની જિદ પકડે

છે. યજમાનને એ ગાંઠતો નથી. હેરી એને પીધેલો જાણીને નમતું જોખે છે. ઘંટીવાળો એક બુઢ્ઢા સુથારની વાત કરે છે. એને જુવાન પત્ની છે. એને ઘેર રહેતા બે વિદ્યાર્થીઓ સાથે તે અનૈતિક સંબંધ બાંધી સુથારને છેતરે છે. આ કથામાં સુથારની કોમ પર આક્ષેપ જોઈ એકદમ સુથારનો ધંધો કરનાર બીજો એક યાત્રી છેડાઈ પડે છે: 'આ ટણક સુથારની કોમની બદચાલની વાત કરે છે, પણ ઘંટીવાળા કેવા હોય છે તે જાણો છો? હું એને ચૂપ કરી દઈશ. સાંભળો મારી વાર્તા.' અને એ પ્રત્યાક્ષેપરૂપે વાર્તા કહે છે: એક વિશ્વવિદ્યાલય પાસે રહેતો ઘંટીવાળો બે વિદ્યાર્થીઓને છેતરવા પ્રયાસ કરે છે પણ વિદ્યાર્થીઓ બદલામાં એની પત્નીને અને પુત્રીને ફસાવે છે. આ વાર્તા સાંભળતાં જ એક રસોઈઓ હસીહસીને લોથ થઈ જાય છે. એ પોતે એવી જ એક વાર્તા શરૂ કરે છે. પણ એ વાર્તાની પ્રત અધૂરી મળે છે. ચોસરે ચીતરેલાં પાત્રોની પ્રકૃતિ એમનાં વાણીવર્તનથી સહેજે પરખાઈ જાય છે. મિલર, (ઘંટીવાળો), પાર્ડનર (મોક્ષ મેળવવા માટેનાં માફી પત્રો વેચનારો) વાઇફ ઑવ બાથ (બાથની સ્ત્રી) એ બધાં ચિત્તમાં અંકાઇ જાય તેવાં પાત્રો છે.

બાથની સ્ત્રી પોતાની વાર્તા શરૂ કરે તે પહેલાં લાંબી પ્રસ્તાવના કરે છે. તેમાંથી તેનું વ્યક્તિત્વ સર્વાંગ પ્રગટ થઇ જાય છે. એના ચિત્તની સંકુલતા, પ્રબળ જાતીય વૃત્તિ, ઠઠ્ઠાખોરી, એનો રુઆબ, એની સત્તાકાંક્ષા ઇત્યાદિનું મનોહર ચિત્ર એમાં મળે છે. લગ્નમાં જાતીય વૃત્તિની એ ભારે પક્ષકાર છે. સત્તા પત્ની પાસે હોય તો જ આ સંસાર સુખી નીવડે એ એનું મુખ્ય વક્તવ્ય છે. એક પછી એક તેણે પાંચ પતિ કર્યા છે. પણ એ સુખ નશ્વર નીવડ્યો છે એટલે છઠ્ઠાની શોધમાં છે! પાંચપાંચ પતિ સાથેના સમૃદ્ધ સંસાર–અનુભવમાંથી તેની માર્મિક વાગ્ધારા પ્રગટ થાય છે. એ પ્રત્યક્ષ અનુભવની વાત કરે છે, છતાં શાસ્ત્રનો અધિકાર પણ તક મળે ત્યાં તે ટાંકી બતાવે છે! પાંચે પતિઓને તેણે કેવા સીધાદોર રાખી સંસારમાં સુખ પ્રસરાવ્યું તેની ઉમંગભરી અનુભવકથા તે વર્ણવે છે. પાંચ પતિઓ વિષેનાં તેનાં મંતવ્યો વાચકને મઝાનું હાસ્ય પૂરું પાડે છે: 'સજ્જનો! મારે વારાફરતી પાંચ પતિ થયા. ભગવાને જ આપણને પરણવાનો અને પ્રજાતંતુ વિકસાવવાનો આદેશ આપ્યો છે ને! દાઝતા રહેવું તેના કરતાં પરણી લેવું સારું. કેટલા પતિ કરવા તેની સંખ્યા ભગવાને ક્યાં નિશ્ચિત કરી આપી છે? અને શાસ્ત્રોમાં લખ્યું છે કે પતિ તેની પત્ની પ્રત્યેનું ઋણ ચૂકવશે: એ ઋણ પ્રજોત્પત્તિ સિવાય બીજું કયું હોઈ શકે? પતિઓની વૃત્તિ હું સંતોષું, પણ એનાં તન મન ધન પર અંકુશ તો મારો જ હોય. મારા નિયમો પ્રમાણે જ હું એમના પર શાસન ચલાવતી: 'I governed hem so wel, after my lawe.' એની આ દીર્ઘ પ્રસ્તાવના ચૉસર યુગના સ્ત્રીસ્વાતંત્ર્યના પ્રશ્ન પરની તેજસ્વી ચર્ચારૂપ બની રહે છે. એક મહા નટખટ નારી પાસે સ્ત્રીઓની છલનાત્મક પ્રકૃતિની વાત આત્મપ્રશંસા રૂપે કટાક્ષમય શૈલીમાં ચૉસરે આ પ્રસ્તાવના દ્વારા કલાત્મકરીતે ઉચ્ચારાવી છે. તેમાં એણે સ્ત્રીસ્વાતંત્ર્યનો પક્ષ કર્યો છે કે વિરોધ તે નક્કી કરવું પણ મુશ્કેલ બને, એવું કૌશલ તેણે દાખવ્યું છે.

બાથની સ્ત્રીની કથા પણ સ્વાભાવિકરીતે જ સંસારમાં સ્ત્રીની સર્વોપરિતાની જ હોય. એક સરદારને ફાંસીની સજા થઈ છે, પરંતુ રાણી વચ્ચે પડીને એક શરતે તેને ક્ષમા કરવા ઇચ્છે છે કે, 'સ્ત્રીઓની મહત્ત્વાકાંક્ષા શી હોય છે?'–એ પ્રશ્નનો સાચો ઉત્તર સરદારે શોધી કાઢવો. ચિંતાતુર સરદાર ઉત્તરની શોધમાં ભમે છે, ત્યાં રસ્તામાં એક બુઢ્ઢી બેડોળ સ્ત્રી, સરદાર પોતાની સાથે લગ્ન કરે એવી શરતે, તેના કાનમાં પેલા પ્રશ્નનો જવાબ કહે છે. ખુશ થતો એ સરદાર રાણી પાસે જઈને જાહેરમાં જવાબ આપે છે: 'દરેક સ્ત્રીની મહેચ્છા પ્રેમી પર કે પતિ પર પ્રભુત્વ સ્થાપવાની હોય છે.' સરદારની જિંદગી તો બચી, પણ એને પેલી બુઢ્ઢી સાથે લગ્ન કરવાં પડ્યાં. એ લગ્ન પછી સરદાર પત્નીની નરાતાલ ઉપેક્ષા જ કરે છે. ડોસી એનું મન ન પામે? એ એને પ્રશ્ન કરે છે: 'હું ઘરડી, બેડોળ, પણ આજ્ઞાંકિત પત્ની થાઉં તે તને ગમે? કે હું રૉફ જમાવતી રૂપાળી પત્ની બનું તે તને ગમે?' બુઢ્ઢીના આ યક્ષપ્રશ્ન (dilemma)-માં અટવાએલો સરદાર નિર્ણય એના પર જ છોડે છે, એની સત્તા સ્વીકારે છે. અને પલકમાત્રમાં વિરૂપ વૃદ્ધ પત્ની રૂપસુંદરી બની જાય છે! એનું શાસન સ્વીકારીને સરદાર સર્વોત્તમ સંસારસુખ ભોગવે છે. બાથની સ્ત્રીની વાસનાતૃપ્તિ આવી વાર્તા દ્વારા જ થઈ શકેને? ચૉસરે આમાં એક પરીકથાને કલાત્મકરૂપ આપ્યું છે અને તેનો અર્થબોધ સ્પષ્ટ છે.

સંસારમાં સર્વોપરિતા કોની, એ પ્રશ્નની—લગ્નના પ્રશ્નની સમર્થ ચર્ચા ઉપર્યુક્ત વાર્તામાં છે. એ જ ચર્ચા, આ વાર્તાના જવાબ રૂપે કહેવાઇ હોય તેવી કથામાં, નવો અભિગમ રજૂ કરે છે. એક પાદરી—ક્લાર્ક (clerk)—એક ક્રૂર પતિ અને સુશીલ પત્નીની કથા કહે છે. એક ગરીબ ઘરની નમ્ર, સુચરિત કન્યા ગ્રીસેલ્ડાની સાથે લગ્ન કર્યા પછી તેનો રાજવી પતિ તેને અત્યંત માનસિક ત્રાસ આપે છે, તેનાં સંતાન ગુમ કરી દે છે, તેને કાઢી મેલે છે, અને આ બધો ત્રાસ માત્ર તેના સતીત્વની કસોટી કરવા સારુ ગુજારે છે! ગ્રીસેલ્ડાના દુઃખની અવધિ જોઈ કવિને પણ વાર્તાને અંતે કહેવું પડે છે: 'હે સુશીલ સન્નારીઓ, ગ્રીસેલ્ડાની જેમ અત્યંત નમ્ર ને ભલાં ના થશો. વખત આવ્યે વાઘની જેમ ગરજતાં શીખજો. ગ્રીસેલ્ડાનો નહિ પણ બાથની સ્ત્રીનો દાખલો અનુસરજો!'

પાર્ડનરનું પાત્ર[1] ચૉસરની પાત્રચિત્રણની કલાનું બીજું એક સમર્થ ઉદાહરણ છે. હળવા કટાક્ષપૂર્વક તેણે એનું નિરૂપણ કરી, એના યુગના ધાર્મિક ભ્રષ્ટાચાર પર પ્રકાશ નાખ્યો છે. યજમાન હૅરી બેઇલી તેને રમૂજી વાર્તા કહેવાનું સૂચવે છે. એથી એના અહં પર ઘા પડે છે. 'પાર્ડનર' તે કાંઈ રમૂજી વાર્તા કહેનાર વ્યક્તિ છે? એ ગંભીર વાર્તા કહેવાનું નક્કી કરે છે. શરૂમાં પોતાના સદ્ગુણોનું, પોતાની કુશળતાનું બયાન કરતોકરતો એ (ઠીકઠીક પીધેલો હોવાથી) આવેશમાં ભાન ભૂલીને પોતે લોકોને ઠગવામાં, ધર્મને નામે ધતીંગ કરવામાં, ગરીબો પાસેથી હરામખોરી કરીને પૈસા પડાવવામાં કેવી યુક્તિઓ કરી તેનું અભાનપણે વર્ણન આપવા માંડે છે. ચૉસરે એને એક સાથે ઉસ્તાદ અને મૂર્ખ બનાવ્યો–બતાવ્યો છે.

વાર્તા પૂર્વેની એની પ્રસ્તાવના એ ચૉસરના ઉત્તમ સાહિત્યનો એક ખંડ (ડેવિડ ડેચીઝના અભિપ્રાયે) બની રહે છે. એના ઉદ્ગાર તો જુઓ: 'શ્રોતાઓ પર હું પ્રભાવ નાખું છું. કબૂતરની જેમ મારી ડોક ઘુમાવીને, હાથ હલાવતો ચેષ્ટા કરીને એમને મુગ્ધ કરી નાખું છું. વચમાં વચમાં લૅટિન ગગડાવું છું. હું અંગત લાભમાં માનું છું. લોભ ન કરવાનો ઉપદેશ ઉત્તમ ધર્મગુરુની હેસિયતથી આપું છું. પણ હું પોતે લોભી છું. લાભ અને લોભ માટે જ મારું જીવન છે. શ્રોતાઓના આત્માનું જે થવાનું હોય તે થાય, અરે જહન્નમમાં જાય.—મારે શું? અને સજ્જનો! હું ભલે દંભી રહ્યો, તમને વાર્તા તો નીતિ અને સદાચારના વિજયની જ કહીશ. તમને કહ્યું ને?—મારા લાભ માટે હું બધું જ કરી છૂટું છું!'

પોતાની કારકિર્દીના ભોગે એ ચતુરાઈ—ફિશિયારી હાંકે છે, અને એની વાર્તા પણ નીતિબોધવાળી—એના જ દંભનો નર્યો નમૂનો રજૂ કરનારી છે. આ 'પાર્ડનર', પ્રો. કિટ્રેજ (Kitredge)ના મતે, 'સર્વ યાત્રીઓમાં કદાચ એકમાત્ર ગુમરાહ' છે (perhaps the one lost soul

[1] મધ્ય યુગમાં લોકોની અંધ શ્રદ્ધાનો લાભ લઈ ધર્મસંસ્થાના સર્વોચ્ચ પોપે માફીપત્રો બહાર પાડ્યાં હતાં. દરેક માણસે મૃત્યુ વખતે પાપનો એકરાર કરવો પડતો. કોઈ માણસ આવો એકરાર કર્યા વિના મૃત્યુ પામે તો તેની મુક્તિ માટે પોપ તરફથી ખાસ માફીપત્રો આપવામાં આવતાં. મરનારનાં સંબંધીઓ આવાં માફીપત્રો મેળવવા અત્યંત ઉત્સુક રહેતાં. પોપના એજન્ટો ગામેગામ આવાં માફીપત્રોનો વેપાર કરતા. એવા એજન્ટનો એક પ્રકાર તે 'પાર્ડનર'.

on the pilgrimage). એના પ્રત્યે તિરસ્કાર ભલે થાય. પણ સર્વમાં બુદ્ધિશાળી તો એ જ છે. એના મુખે સુબોધક દૃષ્ટાંતકથા સાંભળવાની પણ મઝા આવે છે—શયતાનની જીભે બાઇબલ!

એની કથામાં ત્રણ લહેરી લાલા મૃત્યુને શોધવા નીકળે છે. મૃત્યુએ ઘણાને પોતાના પંજામાં ઝડપી લીધા હોઈ, એને શિક્ષા કરવાનો તેમનો મનોરથ છે. મૃત્યુને શોધવા જતાં સોનાનો એક ઢગ તેમની નજરે પડે છે. મૃત્યુને શોધવાનું ભૂલીને તેઓ સુવર્ણના લોભમાં પડે છે અને બધું જ સુવર્ણ દરેક જણ પોતે પચાવી પાડવાની ઈચ્છાથી એકબીજા સાથે તરકટ કરે છે, અને ત્રણે ય એ તરકટમાં મૃત્યુ પામે છે: અજાણપણે સુવર્ણના ઢગલામાં જ મૃત્યુનો તેમને મેળાપ થઈ જાય છે! લોભ સામે ચેતવણી ઉચ્ચારતી કેવી ઉત્તમ દૃષ્ટાંતકથા! ને તે એક લોભી, દંભી પાદરીના મુખેથી! ચૉસરની કટાક્ષકલાનું આવું તેજસ્વી ઉદાહરણ બીજે ક્યાં મળશે!

વાર્તા પૂરી કરીને, બધા પોતાની કથાથી પ્રભાવિત થયા છે એમ માની લઇને તરત તે 'માફીપત્રો' વેચવાની જાહેરાત કરવા માંડે છે. પોતાની પેટીમાંથી ધાર્મિક અવશેષો કાઢી તેને ચૂમવા માટેની ફી જાહેર કરી પ્રચાર કરે છે. હજી થોડા સમય પહેલાંનો પોતે જ, એ અવશેષો ડુક્કરનાં હાડકાં સિવાય બીજું કાંઈ નથી પણ અબુધ શ્રોતાઓને તે એ દ્વારા છેતરતો હતો એની પ્રસ્તાવના કરી હતી, તે પણ એ દારુના નશામાં અને પોતાની વાક્ચાતુરીના ગર્વમાં ભૂલી ગયો હશે! યજમાન હૅરી બેઇલી એની આ ધૂર્તવિદ્યાથી ખૂબ ઉશ્કેરાય છે, બંને વચ્ચે ટપાટપી થાય છે અને એક યાત્રી (સરદાર) વચ્ચે પડીને ઝગડો શમાવે છે ત્યારે વળી શાંતિ થાય છે.

કૅન્ટરબરી કથામાળામાં આ વાર્તાઓ ઉપરાંત સરદારે કહેલી કથા, સાધ્વી (Prioress) તથા ધર્મગુરુ (Friar) અને સમન્સ બજાવનાર (Summoner) કહેલી, તેમજ બીજી રસપ્રદ કથાઓ માટે અહીં અવકાશ નથી. પરંતુ ચૉસરની આ શ્રેણિની એક વિખ્યાત વાર્તા 'નન્સ પ્રીસ્ટસ ટેઈલ' (Nun's Priest's Tale)નો કિંચિત્ પરિચય આપવો આવશ્યક ગણાય. પાદરીએ કહેલી આ વાર્તા જગતજાણીતી દૃષ્ટાંતકથા છે. ઈસપની 'ફેબલ્સ' કે 'પંચતંત્ર'ની કથાઓ એક કે બીજા રૂપે વિશ્વમાં પ્રસરતી જ રહી છે. આ કથામાં કૅન્ટીક્લીઅર નામે એક કૂકડો છે. એને એક શિયાળ ખુશામતથી ફુલાવીને તેના બેધ્યાનપણામાં ઝડપીને નાસી જાય છે. રસ્તામાં કૂકડો શિયાળને બોલવા માટે ઉત્તેજે છે. શિયાળનું મુખ જરાક ઉચ્ચારણ માટે ઊઘડે છે ત્યાં જ કૅન્ટીક્લીઅર તેના મુખમાંથી છટકી. ઊડીને ઝાડ પર બેસી જાય છે. (જુઓ અંક ૫૫૩)

આવી ટુચકા પ્રકારની, સાવસીધી સાદી સરળ વાર્તાને ચૉસરે પાત્રચિત્રણ, સંવાદ, જીવનની ફિલસૂફી તેમજ માનસશાસ્ત્રનો સ્પર્શ આપીને એક સમર્થ વ્યાજવીર પ્રકારની (Mock-heroic) કથાનું નમણું રૂપ સિદ્ધ કર્યું છે. લગ્નના પ્રશ્નને અહીં મજાક રૂપે જોવામાં આવ્યો છે. કૅન્ટીક્લીઅરનું પાત્ર કોઈ શેખીખોર, મોજીલા, પુરુષના પ્રતિનિધિરૂપ છે. એનાં રૂપરંગઢંગનું ચૉસરે સ્મરણીય ચિત્ર આપ્યું છે: 'આખા ગામમાં એનો અવાજ બુલંદ ગણાતો, કૂકડે કૂ...ક કરવામાં એ ઘડિયાળ જેવો નિયમિત હતો. એની કલગી લાલચટક અને કાળી ચાંચ ચમકચમક થયા કરતી. એની સાત મરઘીઓ સાતેસાત એને રીઝવવામાં સ્પર્ધા કરતી, પણ કૅન્ટીક્લીઅરને તો એક જ મરઘી પ્રિય હતી, એનું નામ પાર્ટલેટ.'

મરઘાને આવતા સ્વપ્નના અર્થઘટનમાં અને મરઘીબાઈની તેની સાથેની ચર્ચામાં ચૉસરે માનસશાસ્ત્રીય સ્પર્શ આપ્યો છે. એ બંને વચ્ચેનો એ સમયનો સંવાદ રમૂજી, તર્કસભર અને સચોટ છે. સ્વપ્ન વિષે બંનેનો જુદો અભિગમ તેમાં રજૂ થાય છે, એક પળે એ બે પાત્રો વાચકને સામાન્ય મરઘા-મરઘી જેવાં લાગે છે, તો વળી બીજી પળે જીવનની ફિલસૂફી ડહોળતો, ચિત્તના તરંગોની છણાવટ કરતો, પંડિતોનાં અવતરણો ટાંકતો કૅન્ટીક્લીઅર, અને વહેવારકુશળ મરઘાભાઈને બરાબર અંકુશમાં રાખતી, ચતુર પાર્ટલેટ—એ બંનેમાં સમાજનાં કોઈક વર્ગ-પ્રતિનિધિનું ચિત્ર વાચકને જોવા મળે છે.

અને મરઘાને મોંમાં પકડીને નાસતા શિયાળની પાછળ થએલી કાગારોળનું ચિત્ર તો જુઓ! 'મરઘીઓની ચીસાચીસ સાંભળી ઝૂંપડામાં રહેતી વિધવા અને તેની બંને દીકરીઓ બહાર દોડી આવી. તેમણે પણ મદદ માટે પોકાર કરી શિયાળનો પીછો કર્યો. બીજા લોકો પણ લાકડી લઈને દોડયા. કૂતરો પણ કંઈક આફત આવી છે એવા અણસારાથી દોડયો. ગાય દોડી, એનું વાછરડું ય દોડવા માંડયું,—સહુ શિયાળની પાછળ! કૂતરાના ભસભસાટથી ડુક્કરો પણ ભયની ચીચિયારી પાડતાં દોડયાં. બતકોએ તો જાણે એમની કતલ થતી હોય તેવા ભયની તીણી ચીચિયારીઓ પાડવા માંડી. પંખીઓ એક ઝાડ પરથી બીજા ઝાડ પર ભયથી પાંખો ફફડાવતાં ઊડાઊડ કરવા માંડયાં. અરે મધપુડામાંથી મધમાખીઓ પણ આ શોરબકોર સાંભળીને બહાર નીકળી પડી....'[૨]

સમગ્ર યાત્રીસમૂહમાં યજમાન હૅરી બેઈલી સૌથી વધુ જીવંત છે. સંઘનું સંચાલન તે અત્યંત સ્વાભાવિકતાથી, સ્ફૂર્તિથી અને છટાથી કરે છે. વાર્તાનો ક્રમ પણ તે જ સૂચવતો જાય છે. કોઈકની વાર્તા સાંભળી તે મુગ્ધ બની જાય છે. કોઇકને કહે છે: 'અરે, ત્રાસી ગયા! હવે, ભાઈ, તું સરસ મઝાની વાર્તા શરૂ કર!' ક્યારેક વાર્તાના પ્રત્યાઘાત રૂપે માર્મિક અભિપ્રાય પણ ને ઉચ્ચારે છે. યાત્રીઓમાં ચૉસર પણ છે: નિરાંતે સહુને નીરખતો, મનથી બધાંનું માપ કાઢતો, ઓછાબોલો, શાંત, શરમાળ. પણ યજમાનની નજરમાંથી તે છટકી શકે તેમ નથી. એકદમ પોતાની આંગળી તેની સામે ચીંધીને એ કહે છે: 'અરે ભલા માણસ! આમ સસલાની જેમ સંતાતો ક્યાં ફરે છે? તને ક્યારનો જોઉં છું—આંખ ઊંચી કરીને જોતો જ નથી? અરે મહેરબાનો! આપણા આ વાર્તાકારને આગળ આવવા દો! એની કમ્મરનો ઘેરાવો તો જુઓ! મારી જેમ જ છે! રૂડોરૂપાળો લાગે છે હોં! કોઈ સુંદરી ભેટી પડે ના! ચાલ ભાઈ, સરસ મઝાની વાર્તા કહે.'

ચૉસર શરમાતો મૂંઝાતો વાર્તા શરૂ કરે છે. થોડી વારમાં જ યજમાન કહે છે: 'આવી તે વાર્તા? કંઈ અક્કલમાં ઊતરે એવું તો બોલ! આવા તે પ્રાસ મેળવાતા હશે?' ચૉસરને જરા ચટકો લાગે છે. થોડી રકઝક પછી એ બીજી એક ગદ્યકથા શરૂ કરે છે. ચૉસરમાં પોતાની જાતને હાસ્યાસ્પદ બનાવી વાર્તામાં નવો રંગ આણવાની જે લાક્ષણિકતા છે, તે અગાઉની કેટલીક કૃતિઓની જેમ અહીં, પણ રસપ્રદ બની રહે છે.

કૅન્ટરબરી કથાઓમાં ચૉસરે બૉકેશિઓ, પેટ્રાક ઇત્યાદિ સર્જકોની કૃતિઓમાંથી, ફ્રેંચ ને લૅટિન સાહિત્યમાંથી, લોકસાહિત્યમાંથી નિરાંતે સામગ્રી ઉપાડી છે. એમર્સન તો કહે છે: 'Chaucer is a huge borrower.' પરંતુ ચૉસર એ ઉછીની સામગ્રીને પોતાના કલ્પનાબળે અવનવા કલાસ્વરૂપમાં પલટી નાખે છે ને કૃતિ પર તેની સર્જક પ્રતિભાની મુદ્રા બરાબર ઊપસે છે. 'નન્સ પ્રીસ્ટ્સ ટેઈલ' જેવી કૃતિમાં તો એ સર્જકતા ખૂબ ઊંચી કોટિએ પહોંચે છે. એ સંદર્ભમાં એમર્સનના ઉદ્ગારો ઉચિત છે: 'He steals by his apology—that what he takes has no worth where he finds it, and the greatest where he leaves it.' વિવેચક ડ્રાયડન કૅન્ટરબરી કથાઓનું અપાર વૈવિધ્ય જોઈ મુગ્ધ ભાવે બોલી ઊઠે છે: 'Here is God's plenty.' અહીં સર્જકની સારી ય સમૃદ્ધિ પ્રગટી છે, કશાની કમી નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૪)

---

૨ ચૉસરનાં પરિસ્થિતિ-નિરૂપણ, પાત્રચિત્રણની માર્મિકતા અને વર્ણનકલા જોઈને મધ્યકાલીન પ્રેમાનંદની આવી જ સમર્થતા અને માર્મિકતાનું અભ્યાસીને સ્મરણ થશે.

પચ્ચીસ વર્ષ પહેલાં

નવેમ્બર ૧૯૪૭ · સળંગ અંક ૨૮૭



યુરોપ-અમેરિકા કરતાં આપણી વધુ નજીક આવેલા, ને છતાં આપણને તદ્દન અજાણ્યા દુનિયાના પાંચમા ખંડ ઑસ્ટ્રેલિયાનો અવનવો સચિત્ર પરિચય આજથી પચીસ વર્ષ પહેલાંના અંકમાં આવી ગયો તેમાંનો પ્રસ્તુત ભાગ:

હિંદુસ્તાનના અગ્નિ ખૂણે આવેલો ઑસ્ટ્રેલિયા ખંડ ઇંગ્લૅંડ અમેરિકા કરતાં આપણાથી વધુ નજીક છે, છતાં મુકાબલે તેના વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. ભૌગોલિક દૃષ્ટિએ ઑસ્ટ્રેલિયા અતિ જૂનો હોવા છતાં તેનો ઇતિહાસ તો માત્ર છેલ્લાં બસો વર્ષથી જ શરૂ થાય છે. તે પહેલાં ત્યાં આદિવાસીઓ જંગલી દશામાં રહેતા. ત્યાં સૌથી પહેલાં પગ મૂકવાનો દાવો અરબો, સ્પૅનિયાર્ડો ને પોર્ચુગીઝો કરે છે, પણ ખરું જોતાં તો સિકંદરની સાથે હિંદ આવેલા ગ્રીકસિપાહીઓએ સૌ પહેલી હિંદીઓ પાસેથી જ ઑસ્ટ્રેલિયાની વાતો સાંભળેલી, એટલે હિંદીઓને તો એ ખંડ ઘણા પ્રાચીન કાળથી જ્ઞાત હતો.

પરંતુ આ યુગમાં આ દેશની સંપૂર્ણ માહિતી ભેગી કરવાનું તથા ત્યાં કાયમી વસવાટ શરૂ કરવાનું પહેલું માન અંગ્રેજ સાગરખેડુ શોધસફરી જેમ્સ કુકને ફાળે જાય છે. ઈ. ૧૭૬૯ ને ૧૭૭૦-માં તે ઑસ્ટ્રેલિયાનો ૧૩૦૦ માઈલનો પૂર્વ કિનારો ખૂંદી વળ્યો અને તેની ઉપર ઇંગ્લૅંડની સત્તા જાહેર કરી. ઈ. ૧૭૮૮માં પૂર્વકિનારે, હાલના સિડની બંદર પાસે પૉર્ટ જેકસન બંદરની સ્થાપના કરીને ત્યાં પહેલી વસાહત શરૂ કરી.

પણ ત્યાં ખરેખરો વસવાટ વધ્યો તે તો અમેરિકા બ્રિટનના હાથમાંથી ગયા પછી જ; કારણ કે ત્યાં સુધી તો બ્રિટન પોતાના ગુનેગાર કેદીઓને અમેરિકામાં દેશનિકાલ કરતું હતું; પણ અમેરિકા ગુમાવ્યા પછી તેને બીજું કોઈ સ્થળ શોધવાની જરૂર પડી. આ જ અરસામાં કૅપ્ટન કુકે ઑસ્ટ્રેલિયામાં બ્રિટનને નામે કબજો મેળવ્યો હોવાથી ઇંગ્લૅંડે હવે પોતાના ગુનેગારોને ઑસ્ટ્રેલિયામાં દેશનિકાલ કરવા માંડ્યા. આમ ઑસ્ટ્રેલિયાનો પહેલો વસવાટ અંગ્રેજ ગુનેગાર લોકોથી શરૂ થયો. પછી બીજા અંગ્રેજો પણ ત્યાં રહેવા માટે જવા માંડ્યા. એવામાં ૧૮૫૧માં ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા સ્ટેટમાં જંગી સોનાની ખાણોની શોધ થઈ અને તે એકદમ જગત આગળ પ્રકાશમાં આવ્યો. જલદી પૈસાદાર થઈ જવાની તૃષ્ણાથી હવે જુદાજુદા દેશના લોકો ત્યાં જવા માટે પડાપડી કરવા લાગ્યા અને ઈ. ૧૮૫૦માં જ્યાં ચાર લાખની વસતિ હતી ત્યાં એક જ વર્ષમાં ૧૦ લાખની થઈ ગઈ! ત્યાર પછી ધીમેધીમે ત્યાં વસતિ વધતી જ ગઈ. જો કે બહારથી ત્યાં જઈ વસનારા લોકોમાં મોટો ભાગ ઇંગ્લૅંડના જ લોકોનો છે.

ઑસ્ટ્રેલિયાની ગણતરી જગતના છ ખંડોમાં થાય છે. તેનું કુલ ક્ષેત્રફળ ૩૦ લાખ ચોરસ માઈલ છે, જે હિંદ કરતાં લગભગ બમણું છે; અને યુરોપ ખંડ તો આખો તેમાં સહેલાઈથી માઈ શકે એટલો તે મોટો છે. તેના આ ક્ષેત્રફળના પ્રમાણમાં તેની વસતિ ઘણી જ ઓછી કહેવાય. ઑસ્ટ્રેલિયાના ભૂમિતલનો ઘાટ પણ કંઈક અંશે રકાબી જેવો છે. જેમ રકાબીમાં કિનારી ઊંચી હોય છે અને વચ્ચે ખાડો હોય છે, તેમ તેનો ચોમેરનો કિનારો ઊંચો ને ફળદ્રુપ છે, જ્યારે તેની વચમાં વિરાટકાય રણ આવેલું છે, જે જગતનું બીજા નંબરનું મોટું રણ છે. એકંદરે પણ ત્યાં વરસાદ ઘણો ઓછો પડે છે, અને પડે છે તે બહુ અનિયમિત રીતે પડતો હોવાથી તેના પર આધાર રાખી શકાતો નથી. વળી ચાલુ ઉપયોગ થઈ શકે એવા કાયમી પાણીના પ્રવાહો પણ ત્યાં નથી. ફક્ત અગ્નિ ખૂણામાં આવેલી મુરે નદીનો ખેતી માટે ઉપયોગ થઈ શકે છે.

છતાં તે ઘણો મોટો દેશ હોવાથી ત્યાં હિંદની માફક વિવિધ જાતની આબોહવા તથા વનસ્પતિ છે. ત્યાં શિયાળામાં ખૂબ ઠંડી હોતી નથી કે ઉનાળામાં બહુ ગરમી હોતી નથી; પર્વતમાળાઓ ઑસ્ટ્રેલિયામાં ઘણી છે, જેમાં 'ઑસ્ટ્રેલિયન આલ્પ્સ' મુખ્ય છે. તેનું 'કોસીયુસ્કો' નામનું શિખર ૭૩૦૦ ફૂટ ઊંચું છે. કિનારાના જે પ્રદેશમાં ખૂબ વરસાદ પડે છે ત્યાં ઘણાં ગીચ જંગલો આવેલાં છે. આ જંગલોમાં રાક્ષસી કદનાં 'ગમ' અથવા 'યુકૅલિપ્ટસ'નાં જંગી ઝાડ ઊગે છે. આ ઝાડને ડાળીઓ હોતી નથી. જમીનથી સીધું ઊંચું ઊગે છે અને માત્ર ટોચ ઉપર નાનાં ભૂખરા લીલા રંગના પાંદડાં હોય છે.


પ્રાણીઓ પણ ઑસ્ટ્રેલિયામાં વિચિત્ર જાતનાં થાય છે, જેમાં કાંગારુ સૌથી જાણીતું છે. પોતાનાં બચ્ચાંને સાચવવા માટે તેના પેટમાં એક કુદરતી કોથળી હોય છે, તેને લીધે તે જગતમાં ખૂબ પ્રખ્યાત છે. આ પ્રાણી સામાન્યતઃ નિરુપદ્રવી છે ને ફક્ત ઑસ્ટ્રેલિયા તથા ન્યૂ ઝીલૅન્ડમાં જ મળી આવે છે. હિંસક પ્રાણીઓમાં તો ત્યાં ફક્ત જંગલી કૂતરા જેવું ડિંગો નામનું પ્રાણી થાય છે જે ઘેટાંને મારી ખાય છે.

ઑસ્ટ્રેલિયાના મુખ્ય ઉદ્યોગધંધાઓ ત્રણ: ઘેટાંનું ઊન ઉત્પન્ન કરવાનો, ખેતીનો અને ડેરીનો. ઊનની પેદાશમાં તો ઑસ્ટ્રેલિયાનો નંબર જગતભરમાં સૌથી પહેલો આવે છે. બીજો નંબર ભોગવતા ખેતીના ઉદ્યોગમાં મુખ્ય પેદાશ ત્યાં ઘઉં છે. ત્રીજા નંબરે આવતો ડેરીનો ઉદ્યોગ ખાસ કરીને શહેરોની આસપાસ ચાલે છે. એક સૈકા સુધી ઑસ્ટ્રેલિયા ખેડૂત અને ખાણોમાં કામ કરનાર મજૂરોનો દેશ ગણાતો. પણ હવે ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ તેની પ્રગતિ થઈ રહી છે. સોના ઉપરાંત ત્યાં ચાંદી, તાંબુ, સીસું, કલાઈ ઇત્યાદિ બીજી ધાતુઓની પણ સમૃદ્ધ ખાણો છે.

ઑસ્ટ્રેલિયા છ વિભાગમાં વહેંચાએલો છે. ૧) ન્યૂ સાઉથ વેલ્સ, જેનું મુખ્ય શહેર સિડની છે; ૨) વિક્ટોરિયા–મુખ્ય શહેર મેલબોર્ન; ૩) ક્વીન્સલૅન્ડ–મુખ્ય શહેર બ્રિસ્બેન; ૪) દક્ષિણ ઑસ્ટ્રેલિયા–જેનું મુખ્ય શહેર એડીલેડ; ૫) પશ્ચિમ ઑસ્ટ્રેલિયા–જેનું મુખ્ય શહેર પર્થ અને ૬) ટાસ્માનિયાનો ટાપુ જેનું મુખ્ય શહેર હોબર્ટ. જેમ હિંદની દક્ષિણે સિલોન બેટ આવેલો છે તેવી રીતે ઑસ્ટ્રેલિયાના અગ્નિ ખૂણામાં બેટના રૂપમાં ટાસ્માનિયા આવેલું છે.

શરૂમાં આ છ યે રાજ્યો અલગ ને સ્વતંત્ર હતાં પણ ઈ. ૧૯૦૦માં તેમનું ફેડરેશન થયું.





ઉપર: ઑસ્ટ્રેલિયાનો અજ્ઞાતખંડ માનવીને ધીમે ધીમે જે રીતે જ્ઞાત થતો ગયો તેનો ક્રમશઃ આલેખ. શરૂમાં ૧૮૫૧માં પ્રથમ ચિત્રમાં નીચલે જમણે છેડે દેખાતાં સફેદ ટપકાં જેટલો જ પ્રદેશ જાણીતો હતો. તે પછી ક્રમશઃ ૧૮૪૦, ૧૮૫૦ ને ૧૮૫૭માં જેમ જેમ માનવી એ વિશાળખંડને આવરતો ગયો તેના તબક્કાના નકશા આપ્યા છે. ડાબી બાજુ: ઑસ્ટ્રેલિયાના ભૂમિતલનો રકાબી જેવો ઘાટ કઈ રીતે છે તે દર્શાવતો આલેખ, જેની વિશેષ વિગતો સાથેના લેખમાં આપી છે.

અમેરિકાના ફેડરેશન જેવું છે તે અને સ્ટેટો તથા ફેડરલ સરકારનું રાજ્યબંધારણ બ્રિટન જેવું છે. ઑસ્ટ્રેલિયા બ્રિટિશ કૉમનવેલ્થમાં હોવાથી ત્યાં ઇંગ્લૅન્ડના તાજના પ્રતિનિધિ તરીકે ગવર્નર જનરલ નિમાય છે, અને દરેક સ્ટેટમાં ગવર્નર નિમાય છે. જે સ્થાન અને સત્તા ઇંગ્લૅન્ડના રાજ્યબંધારણમાં રાજાને છે તે સ્થાન અને સત્તા ઑસ્ટ્રેલિયામાં આ ગવર્નર જનરલ અને ગવર્નરોનાં છે. આમ ઑસ્ટ્રેલિયા સ્વતંત્ર છે. ત્યાં જે રાજકીય પક્ષો છે તેમાં મજૂર પક્ષ વધુ સંગઠિત અને બળવાન છે અને દરેક સ્ટેટ સરકારમાં તથા ફેડરલ સરકારમાં તે જ પ્રભુત્વ ધરાવે છે. ફેડરલ સરકારની રાજધાની કૅનબેરા છે.

ઑસ્ટ્રેલિયાની વસતિનો મોટો ભાગ શહેરોમાં આવેલો છે અને એકલા સિડની અને મેલબોર્ન એ બન્ને શહેરોમાં મળીને જ કુલ વસતિનો ત્રીજો ભાગ તો વસે છે. જ્યારે કૅપ્ટન કૂક ઑસ્ટ્રેલિયામાં આવ્યો ત્યારે આદિવાસીઓની સંખ્યા આશરે ૩ લાખ હતી પણ જેમ જેમ પરદેશીઓ તેમના દેશમાં આવતા ગયા તેમ તેમ તે અંદરના ભાગમાં ચાલ્યા ગયા. તેમની સંખ્યા ધીમે ધીમે ઓછી થઈને આજે ઘણી ઓછી રહી છે. તેમનો મોટો ભાગ ઑસ્ટ્રેલિયાના ઉત્તર અને પશ્ચિમ ભાગમાં છે.

ઑસ્ટ્રેલિયાની જનસંખ્યા તેના વિસ્તારના પ્રમાણમાં ઘણી જ ઓછી હોવાથી ત્યાંના લોકો પોતાના દેશની વસતિ વધારવા બહુ આતુર છે.

છતાં પરદેશમાંથી ઑસ્ટ્રેલિયામાં વસવાટ કરવા આવનાર માટે ઑસ્ટ્રેલિયાની સરકારે બહુ કડક કાયદા કર્યા છે. પોતાની રહેણીકરણી, ધર્મ, સંસ્કૃતિ તથા રીતરિવાજોથી સાવ જુદા આચાર-વિચારો ધરાવનાર એશિયાના લોકો જો પોતાના દેશમાં આવે તો બીજા દેશની માફક પોતાના દેશમાં પણ વાંશિક ભિન્નતાને લીધે ગૂંચવણો પેદા થશે એમ તેઓ માને છે.

ઑસ્ટ્રેલિયાની સંસ્કૃતિ એ અંગ્રેજ સંસ્કૃતિની જ સુધારેલી આવૃત્તિ છે. તેમનાં જીવન ને ભાષા, ધર્મ ને સંસ્કાર, ખોરાક ને રમતો બધું અંગ્રેજો જેવું જ છે.







ઑસ્ટ્રેલિયાનાં ચિત્રવિચિત્ર પશુપક્ષી






ડાબી બાજુ મથાળે એમુ : શાહમૃગ જેવું પણ તેનાથી જરા નાના કદનું આ જંગલી પંખી માત્ર ઑસ્ટ્રેલિયા અને તેની આજુબાજુના ટાપુઓનાં અરણ્યોમાં થાય છે. તેની પાંખો નાની ને નહિવત્ જ હોય છે, પણ ઘણું ઝડપથી દોડી તથા તરી શકે છે. કેવળ વનસ્પતિ-આહારી આ પંખીના નર કરતાં માદા જરા મોટી હોય છે અને લીલા રંગનાં ઇંડાં મૂકે છે. મથાળે વચ્ચે : કાકાકૌઆ; જમણી તરફ : ઑસ્ટ્રેલિયાનું જાલિમ પંખી કૂકાબર્રા : લગભગ પોણા બે ફૂટનું કલકલિયાની જાતનું. મોટા માથા ને મજબૂત ચાંચવાળું માંસાહારી પંખી. એ બોલે ત્યારે માણસ હસતો હોય એવું લાગે. ડાબી બાજુ : ગડદિયા જેવા ગંઠેલા શરીરનો, ભારોએક વાળવાળી પૂંછડીવાળો, ભૂખરા રેતાળ રંગનો ને ટૂંકા પગનો વરુ સમો વિકરાળ આ ઑસ્ટ્રેલિયાનો જંગલી કૂતરો ડિંગો ત્યાંનાં ઘેટાંઓને માટે મોટા ભયરૂપ છે. ઉપર મધ્યમાં કાંગારુ : ઑસ્ટ્રેલિયામાં અતિ વ્યાપક આ પ્રાણી ત્યાંનું રાષ્ટ્રીયપ્રાણી છે. નાના ઉંદરથી માંડી ૪-૫ ફૂટ ઊંચા કદની એની વિવિધ જાત થાય છે. પાછળના લાંબા મજબૂત પગના ઠેકાથી એ ૩૦-૭૦ ફૂટ લાંબી ફાળ ભરતું વીસવીસ માઈલ સુધી વણથાક્યું દોડી શકે છે. એ વખતે એના શરીરના સમતોલનમાં એની લગભગ શરીર જેવી લાંબી જાડી પૂંછડી સહાયરૂપ બને છે. એ બેસે ત્યારે પાછલા બે પગ પર જ અને તેમાં એની પૂંછડી ત્રીજો ટેકો કરે છે. કાંગારુનું બચ્ચું જન્મે ત્યારે દોઢેક ઇંચનું જ અને અવિકસિત હોય છે. માદા એને પોતાના પેટ પાસેની એક વિશિષ્ટ કોથળીમાં રાખીને પોષે છે. ત્યાં જ બચ્ચાનો અધૂરો વિકાસ પૂરો થાય છે, ત્યાં જ એને માનું દૂધ મળે છે ને ત્યાં જ એ ભયને વખતે આશ્રય લે છે.











વિવિધ દૃષ્ટિબિંદુથી ઑસ્ટ્રેલિયાનો પરિચય આપતા કેટલાક આલેખ : પહેલાં બે ચિત્રોમાં હિંદ તથા યુરોપના નકશા તેના પર મૂકી બતાવીને કદનાં પ્રમાણ દર્શાવ્યાં છે. પછીનાં ત્રણ ચિત્રોમાં તેની જમીનના ઉપયોગ, ઊનની ઊપજ તથા વસતિ દર્શાવતા આલેખ છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : રેવડી · રેતી · રેણુ

ગુજરાતી, મરાઠી અને હિંદીમાં 'રેવડી', પંજાબી, નેપાળી અને બંગાળીમાં 'રેકડી', સિંધીમાં 'રવિડી', કાશ્મીરીમાં 'લિવુરુ' એવાં રૂપ મળે છે. લાક્ષણિક અર્થમાં 'રેવડી કરવી' ('ફજેતી', 'થવી') કે 'રેવડી દાણાદાણ કરવી' એવા પ્રયોગોમાં તે શબ્દ 'ફજેતી' કે 'દુર્દશા'નો વાચક બને છે.

હિંદીમાં 'રેવ'નો અર્થ 'રેતી' છે. મરાઠી 'રેવ', 'રૅવ'નો પણ એ જ અર્થ છે: મરાઠીમાં વળી 'રેવા', 'રેંવા' 'રેવડા' એવાં રૂપો યે છે: પ્રકૃતમાં 'રેવલિઆ' શબ્દ 'ધૂળની ડમરી'ના અર્થમાં નોંધાયો છે. આ બધાં ઉપરથી 'રેવ' શબ્દનો અર્થ 'નાના દાણા' કે 'દાણાદાર વસ્તુ' એવો હોવાની અટકળ છે. 'રેવડી'માં ચોંટાડેલા તલના દાણાને અનુલક્ષીને શબ્દનો પ્રચલિત અર્થ ઉદ્ભવ્યો હોય.

જૂની ગુજરાતીમાં 'રાઉત કીધા રેવણી' એવા પ્રયોગોમાં 'રેવણી' શબ્દ 'રાઈરાઈ જેવા ટુકડા' કે 'ખંડખંડ' અર્થમાં વપરાયો છે. 'રેવડી દાણાદાણ કરી' જેવા અર્વાચીન પ્રયોગોના પાયામાં આવો કશોક અર્થ હોવો જોઈએ.

'રેતી', 'રેવડી' અને 'રેણુ'ના મૂળમાં 'રેતી', 'ધૂળ', 'ભૂકી' જેવા અર્થનો વાચક કોઈ એક જ ધાતુ હોવાનો ઘણો સંભવ છે. સંસ્કૃતમાંથી થએલી ઘણી અર્વાચીન ભાષાઓમાં 'રેત', 'રેતી', 'રેતવો'ને મળતા શબ્દો છે. ટર્નર કોશો સંસ્કૃતમાં પાછળના સમયમાં મળતા 'રેત્ર' શબ્દની સાથે 'રેતી'ને સાંકળે છે. કુઈપર નામનો વિદ્વાન આનું મૂળ મુંડા ભાષામાં હોવાનુ સૂચવે છે. પણ તેમનું સૂચન પ્રતીતિજનક નથી.

હરિવલ્લભ ભાયાણી

ઇંગ્લૅન્ડના નવા રાજકવિ
જ્હૉન બેટ્ચમન

ઇંગ્લૅંડના રાજકવિ સી. ડે-લૂઈ (જુઓ અંક ૫૩૫)નું તાજેતરમાં અવસાન થતાં એ સ્થાને પોએટ લૉરિયેટ તરીકે નવા નિમાએલા John Betjeman-જ્હૉન બેટ્ચમનની જીવનકારકિર્દી મધ્યમ વર્ગના માનવી જેવી સામાન્ય છે; અને તેની નમ્રતા—આપણા આપમેળે બની બેઠેલા બુદ્ધિજીવી બડેખાંઓમાં- અપવાદરૂપ ગણાય એવી નમૂનેદાર છે. નિમણૂકના ખબર અપાતાં એમણે કહ્યું: 'હું નથી ધારતો કે મારામાં કંઈ દૈવત હોય; અને જો હું એમ ધારતો હોત તો મારામાં કશું દૈવત આવ્યું જ ન હોત.' અને આમ કહીને એમણે પોતાના ધારવા પ્રમાણે એ માનને માટે પોતા કરતાં વધુ લાયક એવા સંખ્યાબંધ સમકાલીનો ગણી બતાવ્યા.

લંડનના હાઈગેટ પરામાં એક મધ્યમ વર્ગના ફર્નિચર બનાવનારને ત્યાં ઈ. ૧૯૦૬માં જન્મેલો જ્હૉન શાળા કે કૉલેજમાં જરા ય ઝળકી ઊઠેલો નહિ. ફૂટબૉલ ન રમી શકવાને લીધે માર્લબરો પબ્લિક સ્કૂલમાં તે નાપાસ થએલો. ઑક્સ્ફર્ડમાં ધર્મગુરુ થવાની પરીક્ષામાં યે ઉકાળેલું; તેમ પિતાના ફર્નિચરના ધંધામાં પણ ચાલી શકેલો નહિ. પછી ભાઈસાહેબ પત્રકારત્વમાં પડ્યા. ત્યાં યે જેકોઈ પત્રમાં રહેતા ત્યાંથી થોડે મહિને પાણીચું મળતું. એકમાત્ર કવિતાદેવીની એમના પર કૃપા ઊતરી. એનો પહેલો કાવ્યસંગ્રહ—'ધ બેસ્ટ ઑવ બેટ્ચમન' એના અંગ્રેજીના પ્રાધ્યાપક, જગખ્યાત કવિ ટી. એસ. એલિયટ જેવાએ પાસ કરેલો. કવિ તરીકે એ લોકપ્રિય થયા તેનું મુખ્ય કારણ એ કે એમની કવિતા. આજના પ્રવાહની જેમ, અસ્પષ્ટ કે દુર્બોધ નથી; અને તેમાં ઇંગ્લૅંડના જીવન અને ધરતીનો ધબકાર છે.



એમની કવિતા ક્યારેક સ્વીકૃત પદ્ધતિઓનો સહારો લઈને વ્યક્તિગત લાગણીના ઉન્મેષો પ્રગટ કરે છે, તો ક્યારેક કટાક્ષો કરીને પણ પોતાનું કથયિતવ્ય પ્રગટ કરી જાય છે. મુખ્યત્વે એ પ્રાચીનના પૂજક રહ્યા છે અને છતાં ય અર્વાચીન પેઢીમાં એ ખૂબ જ લોકપ્રિય થયા છે. લંડનના ચાહક આ કવિને સ્થાનિક રસરુચિઓને બિરદાવતા પ્રાદેશિક કવિ તરીકે ય નવાજવામાં આવે છે. ઠાવકા અને તીખા બન્ને પ્રત્યાઘાતીઓને એમની કવિતા સ્પર્શે છે. સ્થાનિક સંદર્ભોને ચગળ્યા કરતા આ કવિ છંદોલયને ઉછીના તો લે છે, પણ એને પોતીકા બનાવીને લડાવી જાણે છે. હળવી શૈલીની એમની કવિતા પણ ખૂબ લોકપ્રિય નીવડી છે. નગર કરતાં નિસર્ગને એ વધુ ચાહે છે. તેથી તો આ રાજકવિપદ પ્રાપ્ત થતાં એમણે પ્રગટ કરેલી મનીષા નોંધપાત્ર છે: 'I would not, for instance, be at all intersted in writing a poem about Britain's entry into the economic market, or whatever it is. I want to write about such wonderful things as bees on ivy leaves and the golden light of a beautiful autumn evening.'

એમના કાવ્યસંગ્રહો 'Continual Dew' (૧૯૩૭), 'Old Lights for New Chancels (૧૯૪૦), 'New Bats in old Belfries (૧૯૪૫), ને 'A Few Late Chrysanthemums' (૧૯૫૪) લોકોમાં ઠીકઠીક આદર પામ્યા છે. ઈ. ૧૯૫૮માં તો એમનાં ત્યાં સુધીનાં કાવ્યોનો સર્વ-સંગ્રહ 'Colletcd Poems' નામે પ્રગટ થયો છે.

ઇંગ્લૅંડના રાજકવિને બાર મહિને ૭૦ પૌંડ (૧૪૦૦ રૂ.)નું વર્ષાસન અને ૨૭ પૌંડ (૫૪૦ રૂ.) પ્રેરણાપાન માટે સુરાખર્ચના મળે છે. બદલામાં એણે રાજ્ય અને દેશના મંગલ કે મહત્ત્વના પ્રસંગે (જેવા કે રાજ્યારોહણ, યુદ્ધવિજય) બિરદ-કાવ્યો લખવાની અપેક્ષા હોય છે. પણ આ રાજકવિએ તો, ઉપર જણાવ્યા પ્રમાણે પોતાની મુક્ત મનેચ્છા પ્રકટ કરી છે. ઈલસ્ટ્રેટેડ વીક્લીના તંત્રી જાણીતા લેખક ખુશવંતસિંહ સૂચવે છે (કટાક્ષમાં તો નહિ?) કે આપણા રાષ્ટ્રપતિએ પણ આપણી બંધારણમાન્ય પંદર રાજ્યભાષાઓમાંથી એક એક રાજકવિ નીમવો જોઈએ. (સંકલિત)

નવાં પ્રકાશનો

પ્રકાશન વિભાગ

માહિતી અને પ્રસારણ ખાતું · ભારત સરકાર · પતિયાલા હાઉસ નવી દિલ્હી–૧

(હિન્દી પ્રકાશનો)

હિમાચલ પ્રદેશ : 'હમારે દેશ કે રાજ્ય' શ્રેણીમાં પ્રગટ થએલી આ પુસ્તિકામાં હિમાચલ પ્રદેશના ઇતિહાસની, આર્થિક સ્થિતિની, સામાજિક પ્રગતિની, કલાકારીગરીની તેમજ લોકજીવનની ઝલક આપી છે. આમ, આંતરપ્રાંતીય પરિચય કેળવવામાં આ પુસ્તિકાનું પ્રદાન યથાર્થ છે. (લે. એચ. સી. સારસ્વત; કાચું પૂંઠું; પૃ. ૪૫; રૂ. ૧·૫૦.)

સ્વતંત્રતા કે માર્ગદર્શક દાદાભાઈ નૌરોજી: 'ભારત કે અમર ચરિત્ર' ગ્રંથમાલામાં સૂરજનારાયણ મુન્શી લિખિત આ સંક્ષિપ્ત ચરિત્ર 'હિંદના દાદા'નાં જીવન અને કાર્યની ઝાંખી કરાવી કિશોરોની દેશલાગણી દઢાવવામાં સહાયભૂત થાય તેવું છે. (કાચું પૃ. ૪૪; રૂ. ૧I.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



મધુરી શાહ

જન્મ: રાણપુર (સૌરાષ્ટ્ર)માં ૧૩ ડિસેમ્બર ૧૯૧૯. ૧૯૩૮માં ગણિત અને અંગ્રેજી (ઑનર્સ) સાથે બી.એ. થયા બાદ ઉત્તરોત્તર ઊજળી કારકિર્દી સાથે બ્રિટિશ કાઉન્સિલની સ્કૉલરશિપ મેળવી લંડન યુનિવર્સિટીમાં ચાર વર્ષ અભ્યાસ કર્યો. અમેરિકામાં કોલંબિયા અને સ્ટૅનફર્ડ યુનિ.માં મુલાકાતી પ્રોફેસર (૧૯૬૦). ન્યૂ યૉર્ક યુનિ.ના આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સેમિનારમાં નિમંત્રિત (૧૯૬૪). ૧૯૬૧થી આજ સુધી બૃહદ્ મુંબાઈની મહાનગરપાલિકાનાં શિક્ષણાધિકારી. મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર સરકાર તેમજ ગુજરાતની સંખ્યાબંધ શિક્ષણવિષયક સમિતિઓ, મંડળો અને સંસ્થાઓમાં સક્રિય, કાર્યવાહક કે અધ્યક્ષ. શિક્ષણ, માનસશાસ્ત્ર, વહીવટ ને સંચાલન, બાલસાહિત્ય, શિક્ષકો માટેની હાથપોથીઓ વગેરે વિવિધ ક્ષેત્રમાં લગભગ ૨૦૦ જેટલા લેખો ને પુસ્તકોનાં લેખિકા.

૧ કેળવણીની આપની અંગત વ્યાખ્યા દર્શાવશો?

ઉ. બાલમાનસમાં વ્યક્તિગત જીવનદર્શક નૈસર્ગિક શક્તિને પોષી, સંસ્કારીને વિકસાવે એ સાચી કેળવણી.

૨ કેળવણી શું આટલામાં જ સમાઈ જાય?

ઉ. ના; ખરો કેળવણીકાર જન્મથી મૃત્યુ પર્યંત ગતિ અને પ્રગતિ કરતો જ રહે છે. જીવનની ચેતના, વિકાસ અને સૌરભની સમૃદ્ધિ અટકે એટલે એના કેળવણીકાર તરીકેના જીવનનો અંત આવ્યો લેખાય.

૩ શિક્ષણક્ષેત્રે કયા દેશો આપને પ્રગતિશીલ લાગ્યા છે?

ઉ. ઇંગ્લૅંડ, જર્મની ને યુ.એસ.એ. એ સારી પ્રગતિ કરી છે. જો કે હવે તો બધા દેશો આ ક્ષેત્રે સજાગ ને સક્રિય બન્યા છે.

૪ પશ્ચિમની અને આપણા દેશની કેળવણીમાં તફાવત ખરો?

ઉ. આપણે ત્યાં પુસ્તકિયું જ્ઞાન વધારે છે.

૫ આ અંગે આપ શું સૂચવો?

ઉ. ગોખણપટ્ટીને તિલાંજલિ આપી, બાળકોનો સર્વાંગી વિકાસ સાધી શકાય એવું એનું સ્વરૂપ ઘડાવું જોઈએ. જીવન-ઘડતરમાં કેળવણીનું પ્રદાન સમજીને એનું ધોરણ રચાવું ઘટે.

૬ જગતના કયા કેળવણીકારો તરફ આપને સવિશેષ માન છે?

ઉ. ઝયાં પિયાઝે (ફ્રેન્ચ). શિક્ષણ અને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ બાળકો પર પ્રયોગો કરીને એણે કઈ ઉંમરના બાળકને કઈ રીતે શીખવવું એ દર્શાવ્યું છે. બીજા જૉન ડ્યૂઈ. એમણે શિક્ષણમાં લોકશાહીનો ખયાલ દાખલ કર્યો. ત્રીજા એ. એન. વ્હાઈટ હેડ. બાળકને એની શક્તિ ને સમજ પ્રમાણે શીખવવાના મંતવ્યનું સમર્થન એમણે કર્યું છે.

૭ આપને જીવનનું સાર્થક્ય શામાં લાગે છે?

ઉ. મારાં કાર્યોમાં ઓતપ્રોત થવા જેટલી તન્મયાવસ્થામાં. પ્રગતિ ને પ્રવૃત્તિની તમન્ના એ મારે મન સાચું જીવનદર્શન છે.

૮ આપનો ખાસ શૉખ?

ઉ. બાળકોની રમતગમતો નિહાળવાનો, પુષ્પ-સંયોજનનો અને ડ્રાઇવિંગ કરવાનો. ગતિ ને પ્રગતિની સંગત મને ગમે છે.

૯ આપના પ્રિય લેખક? કવિ? પુસ્તક? પાત્ર?

ઉ. લેખક બે : મુનશીજી અને પિયાઝે. કવિ ઉમાશંકર અને સુન્દરમ્. પુસ્તકો તો અનેક ગમે, પણ છેલ્લે વાંચેલા ટૉફ્લરના 'ફ્યુચર શૉક'ની અસર વધારે. પાત્રમાં 'મંજરી'.

૧૦ કઈ મહાન વ્યક્તિની આપના મન પર વધુ અસર પડી છે?

ઉ. ગાંધીજીની. એ જે કંઈ કરતા એ દૃઢ વિશ્વાસપૂર્વક કરતા. સાચા મૂલ્યાંકનની એમનામાં અજબ શક્તિ હતી. એમના સાદા, સરળ, સ્વચ્છ, સમાધાનકારક, શ્રદ્ધાપ્રેરક ને સુરેખ સલાહદાયી વ્યક્તિત્વની મારા પર ઘેરી અસર પડી છે.

મધુરી શાહ

ઈસપકી ગીત-કથાએં : ભાગ-૧ : 'પંચતંત્ર' ને 'હિતોપદેશ' જેવી પ્રસિદ્ધ ઈસપ-નીતિકથાઓનો આ પદ્યદેહ બાળકોને આનંદ સાથે ગાવાની મજા પણ આપે તેવો છે. આ પહેલા ભાગમાં ૫૨ કથાઓ નિરંકારદેવ સેવકે કરી આપી છે. (કાચું પૂઠું, પૃ. ૧૨૪; રૂ. ૩-૨૫)

શ્રી હરિહર પુસ્તકાલય

ટાવરરોડ, સુરત

જ્યોતિષ હસ્તસામુદ્રિક : ૨૫ વર્ષના અનુભવના નવનીતરૂપે લખાએલા ભાલચંદ્ર વૈશાટકરના આ પુસ્તકમાં હસ્તરેખા, તેમાં થતી ગ્રહોની યુતિ અને દૃષ્ટિ તથા તે દ્વારા ભાવિ કથનની નવી જ પદ્ધતિનો અહીં ખયાલ આપવામાં આવ્યો છે. ૧૮ પ્રકરણના આ ગ્રંથ-માં હસ્તની જાતો, આંગળી-અંગૂઠા નખના પ્રકારો, તેમજ ગ્રહવિચાર વગેરેની વિશદ ચર્ચા કરી છે. (પાકું પૂઠું; પૃ. ૩૨૪; રૂ. ૯-૦૦)

કુંડળી હસ્તદર્શન : ઉક્ત લેખકે જ લખેલા આ ગ્રંથમાં જ્યોતિષ અને હસ્તરેખા દ્વારા ભાવિકથન કેમ કરવું તે દર્શાવવા સાથે હસ્તમાં પડેલા ગ્રહો અને રાશિબળ આંગળી-ના વેઢામાં રાશિનાં સ્થાન, કુંડળીની સંશોધન પદ્ધતિ વગેરેનો પણ વિગતે પરિચય કરાવ્યો છે. ઉપરાંત વિદ્વાનોની હસ્તછાપ અને તેનો પરિચય તેમજ લગભગ ૩૦૦ જેટલાં માર્ગ-દર્શક ચિત્રોથી ગ્રંથ વધારે વિશદ બન્યો છે. આ ગ્રંથનાં કુલ ૧૨ પ્રકરણમાં જીવનરેખા, મસ્તિક-રેખા, હૃદયરેખા, ભાગ્યરેખા અને સૂર્યરેખા ઉપરાંત બીજી કેટલીક ઉપયોગી રેખાઓનો અનુભવસિદ્ધ ખયાલ આપવામાં આવ્યો છે. (પાકું પૂઠું; પૃ. ૫૬૪; રૂ. ૧૫.)

નીરજ પ્રકાશન

પ્રતાપપરા, જિન પાસે, વાંકાનેર (સૌરાષ્ટ્ર)

સંકેત : છેલ્લા લગભગ બે દાયકાથી યુગાન્ડા-ના શિક્ષણક્ષેત્રે સેવાઓ આપી રહેલા ભાનુ-શંકર ઓધવજી વ્યાસના આ બીજા કાવ્યસંગ્રહ-માં ગીતો, મુક્તકો અને પરંપરિત રચનાઓ છે. કેટલીક કૃતિઓમાં, કવિએ સ્વીકાર્યું છે તેમ, ટાગોર, પાસ્તરનાક અને પુશ્કિનની અસર જણાશે. સ્વતંત્ર હૃદયભાવોને અભિવ્યક્ત કરવા મથતી આ રચનાઓ કાવ્યગુણ કરતાં એની સચ્ચાઈનો અંશ વધારે પ્રગટ કરે છે. (કાચું પૂઠું; પૃ. ૧૨૨ : કિંમત જણાવી નથી.)

સમીર : 'સંકેત' પછીના એમના આ ત્રીજા કાવ્યસંગ્રહમાં સંચિત ૮૯ કૃતિઓમાં મુક્તકો, ગઝલો ને સૉનેટ મુખ્ય છે. સહજ સ્ફુરણાથી હૈયામાં જે કંઈ ઊગ્યું તેને નિખાલસપણે નિરૂપવાનો કવિનો અગાઉના સંગ્રહમાં છે તેવો **પ્રયાસ** અહીં પણ આગળતરી આવે છે. ભાષા અને લય પરના કાબૂ સાથે અભિવ્યક્તિની અપરિપક્વતા પણ જણાયા વગર રહેતી નથી. પ્રેમ, પ્રભુ અને પ્રકૃતિની સાથે સાથે જીવનની અસારતા, સુખની ક્ષણભંગુરતા, નિરાશા, માતૃભૂમિનો પ્રેમ વગેરે ભાવો પણ કવિએ **અહીં** નિરૂપ્યાં છે. (કાચું પૂઠું; પૃ. ૮૬; રૂ. ૩-૫૦.)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૩૮] — કરાવનાર · **જલન માતરી**



ખલીલ ભાવનગરી

ઠ, ઠમઠમઠમ, ઠ, ઠમઠમઠમ બજાયા બેસ-ડ્રમ હમને,
પરમ પમપમ, કભી સાઈડ-ડ્રમ બજાઈ હેડ ક્વાર્ટર મેં;
કભી તો ગાર્ડ ડ્યૂટી એસ.પી. ઑફિસ પે કી હમને,
ચડે પહેરે પેં ઔર રૈફલ ઉઠાઈ હેડ ક્વાર્ટર મેં.

મુલાયમ હૈયું ધરાવતા માનવીને કડોરોની જમાતમાં સ્થાન મળે એ એક ભાગ્યની કરામત જ કહેવાય. ઉપર્યુક્ત પંક્તિઓના કવિ પોતે અઢાર વરસ સુધી કઈ નોકરી કરતા હતા એનો જવાબ એમની જ ઉપર ટાંકેલી પંક્તિઓમાંથી મળી આવે છે.

જામ રણજિતસિંહના દરબારના રાજ ગાયક પિતાના પુત્રને નોકરી મળી તો પોલીસ ખાતાના બૅન્ડમાં! ઉર્દૂ અને ફારસી શાયરીનો સારો અભ્યાસ ધરાવતા. પિંગળના નિયમોનું ચુસ્ત પાલન કરવામાં માનનારા, જામનગરની ધરતી ઉપર જન્મ્યા હોવા છતાં પોતાને જામનગરીને બદલે ભાવનગરી તરીકે ઓળખાવતા સ્વ. ઈબ્રાહીમ સુલેમાન સમેજા એટલે 'ખલીલ' ભાવનગરી.

મુશાયરાના મંચ ઉપરથી પહાડી અવાજ અને સુરીલા કંઠે જ્યારે ખલીલ ગઝલ સંભળાવતા ત્યારે સભા મસ્ત બનીને ઝૂમી ઊઠતી. મૂળ ઊર્દૂના શાયર, પણ પાછળથી ગુજરાતી ગઝલોનું ખેડાણ કર્યું. નિધન થયું તા. ૨૧-૪-૧૯૫૩ના રોજ. એમના અવસાન પછી ખલીલ સ્મારક સમિતિ-ભાવનગર તરફથી 'ખલીલની શાયરી' નામે નાનકડું પુસ્તક ઈ. ૧૯૫૬માં પ્રસિદ્ધ થયું છે. એ સ્વર્ગસ્થ શાયરના શે'રોને વાંચીને એમની યાદને તાજી કરીએ:

ખરેખર એજ દિલ છે, યાદ જે દિલમાં તમારી છે,
પ્રણયહીણ માનવીની જિંદગીએ બોજભારી છે.
વિફળતામાં સહનશક્તિ હું પામ્યો એટલી કે મેં
પ્રણયપંથે હજારો આફતોને આવકારી છે.

કો'દી દુભાવતો ના કો'ના 'ખલીલ' દિલને,
સ્મરણો રહી જવાનાં જગમાં ભલા-બૂરાનાં.
જીવનમાં શેખજી, મરવા પ્રથમ મરી જોજો,
એ કાર્ય સ્હેલ કે દુર્ઘટ છે આદરી જોજો,
પ્રથમ કોઈની મોહબ્બતના દમ ભરી જોજો,
વિરહવ્યથાઓ હૃદયમાં તો સંઘરી જોજો,
ને બંદગીની પછી શેખીઓ કરી જોજો.

વસંત આવીને મ્હેકી ત્યાં તો સત્વર પાનખર આવી.
ખીલેલા ચારદિનના એ ચમન પર શું હશે વીત્યું?
પ્રણય સંગ્રામ ખેલી કત્લ થઈ મેદાને કંઈ વીરો,
પડેલા બેકફન ને બેદફન પર શું હશે વીત્યું!
વમળમાં સાગરે રહીને ઝીલ્યું છીપે જે વર્ષોથી,
થતાં સર્જન એ બિંદુથી રતન પર શું હશે વીત્યું?

કોઈની ખુશીને માટે અસ્તિત્વ પરહરે છે.
એ માનવી સમયનાં મનસૂર થઈ ફરે છે.

વદનથી પર્દો સરકાવી અચાનક,
ગગનથી વીજ ચમકાવી અચાનક,
સુગંધી કેશ વિખરાવીને આજે,
હૃદય દુન્યાને મહેકાવી અચાનક.
મિલન-આશા હજી બાકી છે દિલમાં
ખલીલ! ત્યાં તો કઝા આવી અચાનક!

અમારી શી હતી હાલત અને
શી થઈ ગઈ ભગવન!
'ન જાણે પામવા કોને
અમે મોંઘું જીવન ખોયું'.

રૂપ એનું વિશ્વે હર સૂરત મહીં દેખાય છે.
આંખ ખોલીને જુવો તો ક્યાં નજરથી દૂર છે.
પ્રેમપુષ્પો ખીલીખીલીને ન કરમાશે કદી;
મુજ હૃદય-ઉપવન હમેશાં પાનખરથી દૂર છે.

વૈકુંઠ-આશે વ્યર્થ જીવનભર કરી ભક્તિ,
શીશ એના પાય પર કદી ધરતાં ન આવડ્યું.
જન્મીને માનવી ન મર્યો માનવી રીતે,
'તેજસ્વી તારલા! તને ખરતાં ન આવડ્યું,.'

ના વિરહમાં આહ, રુદન કે પુકારો જોઇએ,
દર્દને પ્રેમી સદા અપનાવનારો જોઈએ.
પુણ્યશાળીથી પતિતપાવન! પરખ શું આપની?
કોઈ પાપી પાપપંથે ચાલનારો જોઈએ!

આપો ના દર્શન ભલે, પણ હા, જરા મુખથી કહો,
જીવવા માટે મને કંઈ તો સહારો જોઈએ.

માગવાની રીતથી માગે જો કોઈ પણ 'ખલીલ'!
આપનાર આપે જ છે પણ માગનારો જોઈએ.

માનવી છે તો જગતમાં કંઈક તો પુરુષાર્થ કર;
કાં દબાએલો રહે છે અન્યના આભારમાં?
પ્રેમીઓ વિણ કોણ વ્યાકુળતા તણી જાણે કદર;
જે મજાઓ છે વિરહમાં એ નથી અભિસારમાં.
લેશ પણ પરવા નથી કરતા 'ખલીલ' ઉપચારની;
પ્રેમીઓ આનંદ માને છે વિરહ-આજારમાં.

જીવનમાં યે એના અનોખું અમન છે,
મરણમાં યે એના નિરાળું પતન છે,
તમારા વિરહ કેરા આજારીઓનું
જીવન પણ અમર છે, મરણ પણ અમર છે.

ફક્ત એક દિલ હતું તે પણ તમારું થઈ ગયું ચાહક,
રહ્યું ના કોઈ પણ મારું હવે વિશ્વે સ્વજન જેવું.
તમોને દિલ તો શું અસ્તિત્વ પણ
અર્પણ કરી દીધું,
હવે મુજ પાસ ક્યાં છે, કંઈ
મરણ જેવું, જીવન જેવું!

મોત, તેં ફળવા ન દીધી હાય આશા એક પણ;
દિલની આશાઓ બધી દિલમાં સમાવી જાઉં છું.
ગમ નથી ડૂબ્યો કિનારે આવીને મઝધારથી,
હર પતનને ધ્યેયપ્રાપ્તિ હું બનાવી જાઉં છું.
ના ચઢાવે કોઈ પુષ્પો કબ્ર પર આવી 'ખલીલ'!
વિરહ-ઝખ્મોથી હૃદય-ઉપવન ખિલાવી જાઉં છું.

સંનિવેશ: ઉપર્યુક્ત કવિનો આ ચોથો નાનકડો કાવ્યસંગ્રહ ૭૭ રચનાઓ લઈને આવે છે. મુખ્યત્વે પરંપરિત લયની રચનાઓ અને સૉનેટ અહીં ધ્યાનપાત્ર બન્યાં છે. અગાઉના કાવ્યસંગ્રહોને મુકાબલે અભિવ્યક્તિ પરની કવિની હથોટી અહીં પકવ બનવા તરફ છે એમ લાગ્યા વગર રહેતું નથી. ગીતોમાં લયસાફલ્ય છે, તો ભાવ-નજાકતની ઊણપ ખટકે છે. (કાચું પૂઠું; ૧૯૪; કિંમત જણાવી નથી.)

નિર્ઝર: કવિના ૧૫ લેખોના આ વિવેચન-સંગ્રહમાં મુખ્યત્વે કેટલીક કૃતિઓના એમણે લખેલા આમુખો તથા અવલોકનોનો સમાવેશ છે. વિવેચનની પરિભાષાથી મુક્ત અને સમતુલિત આ લેખોમાં ગુણગ્રાહી દૃષ્ટિ ને પ્રોત્સાહન-પ્રશસ્તિની વૃત્તિ આગળ તરી આવે છે. (કાચું પૂઠું; પૃ. ૧૦૪; કિંમત જણાવી નથી.)

અમર દાર્શનિકો: જગતની વિચારધારામાં ત્રણ મૌલિક પ્રવાહો વહેતા કરનાર ગ્રીસના ત્રણ દાર્શનિકો સોક્રેટીસ, પ્લેટો ને ઍરિસ્ટોટલનાં જીવન અને વિચારણાને નાણવાનો લેખકે અહીં નમ્ર પ્રયાસ કર્યો છે. રસભરી શૈલી અને વિશદ છણાવટ આ સંક્ષિપ્ત ચરિત્રરેખાઓને સુવાચ્ય બનાવે છે. (કાચું પૂઠું; પૃ. ૪૩; કિંમત જણાવી નથી.)

કલાવાર્તા

હૉબી સેન્ટર—વડોદરા

રોજિંદા વ્યવહાર અને વ્યવસાયમાં ડૂબી રહેતા પીઢ માણસને કળાના પ્રકારોમાં બહુ રસ કે આકર્ષણ ન હોય એ સ્વાભાવિક છે, પણ બાળકોમાંથી તો કોઈક જ, મધુર સ્વરો, રમણીય રંગો કે ઉલ્લાસમય તોફાનની અસરોથી મુક્ત રહી શકશે. કલાકારોએ સંગીત કે સ્વરનાં જે અનુપમ સ્વરૂપો સરજ્યાં છે તે સઘળાં બાળકોને સુલભ હોતાં નથી, પણ કુદરત અને વાતાવરણ તેમની પાસે જે કંઈ ધરે છે તેનો રસાસ્વાદ માણવા તેમનો જીવ હમેશાં તલપાપડ થતો જણાય છે.

મોટેરાંને મન રોજિંદાં અને નજીવાં બની ગએલાં વૃક્ષો, રંગબેરંગી ફૂલો, પશુપક્ષીઓની બોલી ને લાક્ષણિકતાની વિવિધતા, આકાશમાં વાદળોના પળેપળે બદલાતા આકારો, ચાંદની કે તારા, ઘરમાં ગવાતાં ગીતો, પૂજા-આરતી, ભાતભાતનાં વસ્ત્રો ને વસ્તુઓ બાળકોને કોઈ અજબ માનસિક આનંદ ને તૃપ્તિ આપે છે. પુખ્ત વયે પણ જેમનામાં એ આનંદ ને તૃપ્તિ ટકી રહ્યાં હોય તેઓ કવિ, કલાકાર કે શોધક બને છે.

આવી સ્વાભાવિક મનોદશા ભોગવવાની શિશુવયમાં મળતી તક જીવનની એક અનેરી બક્ષિશ છે. પણ મોટેરા જીવ જ્યારે આ સમજી શકતા નથી ત્યારે બાળકના જીવનમાં વિસંવાદ પ્રકટે છે. વડીલોના વારંવારના વિરોધોથી બાળકોમાં સ્વાભાવિક જ પ્રકટતી રસિકતા અને અવનવું સમજવાનું કુતૂહલ કુંઠિત થતું જાય છે.

ઘરમાં માંડ કરીને ગોઠવેલી રંગબેરંગી ને અવનવી ચીજો લઈને રમવાની બાળકની ઈચ્છા પૂરી થતી નથી; ઘર બહારની વિશાળ દુનિયા જોવા માટે એને અગાશી પર કે ઘર બહાર જવાની મના હોય છે; ઘરમાં કંઈ કામ કરી બતાવવાનું મન થાય તો મોટેરાં એને રોકે છે, જ્યાંથી એના મુક્ત જીવનના અંતનો આરંભ થઈ જાય છે.

પણ સહજ ભાવે બાળક જે કંઈ કરવા પ્રેરાય તેમાં સહાનુભૂતિપૂર્વક થોડી સહાય, વિવિધ સાધનો અને માધ્યમોના વપરાશની થોડી તાલીમ આપી એને મુક્ત મને એના મનમાં ઊઠતા તરંગો કે ખયાલોને વ્યક્ત કરવાની સાનુકૂળતા કરી આપી શકાય તો એથી એનું મન, આંખ, સ્નાયુઓ બધાંને તાલીમ મળશે. નિષ્ક્રિયતાથી એ બચી જશે અને અન્યથા જ્યાંત્યાં ઝાવાં નાખતું એનું મન ઉદ્યમી બનશે.

સ્ફૂર્તિ અને ઉત્સાહથી થનગનતા બાળકને શિસ્તના ગુલામ બનાવવાને બદલે આનંદભર્યા






△ 'હૉબી સેન્ટર'માં ચિત્રકામ અને બાટિક કરતાં બાળકો · નીચે: એમનાં બાટિક, ચિત્રકામ અને પેપર પેઇન્ટિંગના નમૂના ▽















હૉબી સેન્ટરનાં બાળકોનું કલાકૌશલ દર્શાવતી કેટલીક કૃતિઓ. ઉપર (ડાબી બાજુ): 'મોબાઈલ.' વિવિધ માધ્યમ અને રીત દ્વારા બનાવેલા જુદાજુદા આકાર-આકૃતિઓનું સમતોલ ઝૂલતું શોભન. વચ્ચે તથા જમણી બાજુ મથાળે: માટીકામની વિવિધ કૃતિઓ. જમણી બાજુ વચ્ચેના ત્રણ ફોટોમાં વાંસ અને લાકડાનાં રમકડાં. જુદાજુદા આકારના ટુકડા જોડી તેના પર રંગ કે રંગીન કાગળના કાપલા લગાડી કરેલી આ કૃતિઓ બાળકોની કલ્પના અને નિરીક્ષણશક્તિની દ્યોતક છે. છેક છેડે: 'સ્ટેબાઈલ'.—વાંસની ચીપોને રંગીન દોરા વડે વિવિધ આકારે બાંધી તથા અમુક પાસાં પર દોરા ભરીને કરેલી ત્રિપરિમાણ આકારલીલા. બાળકોની આ પ્રવૃત્તિનો ઉદ્દેશ કલાસર્જનનો નહિ, પણ એમનાં આંગળાં, આંખ અને કલ્પના-શક્તિને કંઈક રચનાત્મક માર્ગે વાળી, એમની સુષુપ્ત શક્તિને બહાર આણી એમનામાં આત્મવિશ્વાસ પ્રકટાવવાનો છે.

વાતાવરણમાં અનેક વસ્તુ અને વિષયથી પરિચિત બનાવવામાં આવે તો પોતાના માનસિક વિકાસની ક્ષમતા એ મેળવી શકે. એની શક્તિઓને ખીલવવા ને કેળવવાનો એક ઉપાય તે એને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો છે. એથી એણે પોતે જ કંઈક કર્યાનો એને આનંદ મળે છે; પોતાની અનેકવિધ કલ્પનાને મૂર્ત કરવાની એને તક મળે છે; અનેક રંગ, આકાર, ઘાટ ને રચનાનું એને તુલનાત્મક જ્ઞાન મળે છે. સૂક્ષ્મતાથી જોવાનું અને વિચારવાનું એ શીખે છે; પોતે જાતે જ કંઈક કરી શકે છે એવો આત્મવિશ્વાસ પ્રકટે છે; અને આમ, એના ભવિષ્યના શારીરિક ને માનસિક વિકાસને સરળ બનાવતા સાનુકૂળ સંયોગો પેદા થાય છે.

અવનવી ચીજોમાંથી, જુદાંજુદાં સાધનો વડે, વિવિધ રંગોની સહાયથી કંઈક કરવાની આવી તક બચપણમાં જેટલી કલાકૌશલ દ્વારા મળે છે તેટલી કદાચ અન્ય કોઈ માધ્યમથી લભ્ય નથી. બાળકોને આવી સગવડ પૂરી પાડવાના આશયથી, એની વિકાસલક્ષી સર્જકતામાં સહકારરૂપ બની રહેવાની એક સદ્પ્રવૃત્તિરૂપે વડોદરામાં એક 'હૉબી સેન્ટર' ચાલે છે. શ્રી અને શ્રીમતી કાન્તિ રાણા તરફથી સંચાલિત આ કેન્દ્રમાં કલાભ્યાસંગના માધ્યમ દ્વારા બાળકો મુક્ત મને પોતાની કલ્પનાઓને અભિવ્યક્ત કરવા સાથે વિકાસ સાધી શકે છે. અહીં, એ કેન્દ્રનાં બાળકોએ વિવિધ માધ્યમોમાં કરેલી કેટલીક કલાકૃતિઓ રજૂ કરી છે.

ડિસેમ્બર અંક

વધેંતનો હોઇ મોટા કદનો થવાથી આઠેક દિવસ મોડો બહાર પડશે. ધીરજ ધરવા વિનંતી.

શતરંજના વિશ્વવિજેતાઓ........................ સુરેશ મોદી

શતરંજના વિશ્વવિજેતામાં એન્ડરસન પછી સ્વાભાવિક રીતે જ મૉર્ફીનું નામ યાદ આવે તેવું છે. ઈ. ૧૮૫૭માં એ અમેરિકાનો ચૅમ્પીઅન થઇને, વિશ્વવિજેતા બનવા યુરોપ આવ્યો. તે વખતના જે મોટા ખેલાડીઓ ગણાતા હતા તેમને હરાવ્યા, જેમાં એન્ડરસનનો પણ સમાવેશ થાય છે. પછી તેણે ત્યારના સૌથી મહાન ગણાતા અંગ્રેજ ખેલાડી હાવર્ડ સ્ટૅાન્ટનને આહ્વાન આપ્યું. સ્ટૅાન્ટન તે વખતે શેક્સપીઅરનાં નાટકો વિષે પુસ્તક લખવામાં વ્યસ્ત હોઈ એણે એ પડકાર ન ઝીલ્યો. આથી નિરાશ થઈ ૧૮૫૯માં મૉર્ફી અમેરિકા ચાલ્યો ગયો અને પછી ફરી શતરંજમાં રસ જ લીધો નહિ.

આટલા ટૂંકા સમયમાં પણ મોર્ફીએ ઘણી ઊંડી છાપ પાડી. એના સમયમાં જ નહિ પણ છેક અત્યાર સુધીના સૌથી મહાન શતરંજખેલાડીઓમાં તેનું નામ મોખરે આવે છે. ફિશર પણ તેને શતરંજનો સૌથી મહાન ખેલાડી ગણે છે. મહોરાંઓના વિકાસ ઉપર જોર મૂકવાનું મૉર્ફીએ જ શરૂ કર્યું. તે પહેલાંના ખેલાડીઓ હુમલો કરી જાણતા પણ મહોરાંના વિકાસથી હુમલા માટે અનુકૂળ સ્થિતિ સર્જવાની મોર્ફીની શક્તિ અનોખી જ હતી.

જાણીતા અંગ્રેજ લેખક સી. એચ. ઓ. ડી. ઍલેક્ઝાંડરના શબ્દોમાં કહીએ તો, 'રમતમાં મૉર્ફી ભલે એન્ડરસન જેટલો તેજસ્વી ન હતો, પણ શતરંજમાં ઝમક આણે એવી સ્થિતિ લાવવાની ક્ષમતા એનામાં વધારે હતી.

એ મૉર્ફીની એક સુંદર રમત આપણે જોઈએ.


1 P–K4, P–K4; 2 N–KB3, N–QB3; 3 B–B4, N–B3; 4 P–Q4, P×P; 5 N–N5, P–Q4; 6 P×P, N×P; 7 O-O, B–K2; 8 N×BP!

મૉર્ફીએ એક પ્યાદાનો ભોગ તો આપ્યો જ હતો, હવે તે એક મહોરું આપે છે અને કાળા રાજાને ઉઘાડો પાડે છે.

8..., K×N; 9 Q–B3ch, K–K3; નહિ તો સફેદને ઘોડો પાછો મળી જાય અને સફેદનો હુમલો ચાલુ રહે.

10 N–B3!, P×N; 11 R–K1ch, N–K4; 12 B–B4, B–B3;

બીજા ઘોડાનો પણ ભોગ આપીને હુમલા માટે



સાનુકૂળ સ્થિતિ સર્જે છે. (જુઓ આકૃતિ)

13 B×KN, B×B; 14 R×Bch, K×R; બે મહોરાં પછી હવે ઊંટના બદલામાં હાથી પણ આપે છે. કાળાને તે સ્વીકાર્યા સિવાય છૂટકો નથી, કારણ તે સિવાય બીજી જ ચાલે Q×Nથી તે મ્હાત થાય તેમ છે.

15 R–K1ch, K–Q5;

15... K–Q3; પછી પણ 16 Q×Nથી મ્હાત છે. 16 B×N, R–K1

અહીં 16 ..., Q×B, પછી 17 Q×P મ્હાત છે. વળી, 16..., R–K1થી કાળો 17 ..., R×R ની ધમકી આપે છે. પણ તેનું પરિણામ આવે તે પહેલાં તો સફેદ મ્હાત કરે છે.

17 Q–Q3ch, K–B4; 18 P–QN4ch, K×P; અહીં 18 ..., K–Q3 પછી 19 B–B3થી મ્હાત છે. વળી 18 ..., K–N3 પછી 19 Q–Q4ch, K–N4; 20 Q–B5-ch અને 21 Q–R5 મ્હાત અથવા 19 ..., K–R3; 20 Q–B4ch, P–N4; 21 Q–B6 મ્હાત અથવા 20 ..., K–N3; 21 Q–B5ch. K–R3; 22 Q–R5 mate.

19 Q–Q4ch, K–R4; 20 Q×BPch K–R5; 21 Q–QN3ch, K–R4; 22 Q–QR3ch, K–N3; 23 R–N1 mate.

બોર્ડ જોયા વગર એક સાથે રમાયેલ છ રમતમાંની આ એક હતી. બધા વિકલ્પ જોવા અશક્ય છે. છતાં મહોરાંનો વિકાસ જોતાં હુમલો સફળ થશે એમ જાણી એક પછી એક મહોરાનો ભોગ આપી મૉર્ફીએ એક યાદગાર રમત સર્જી.



ટિકિટસંગ્રહ: આ વર્ષ-૧૯૭૨-ના ક્રિસ્ટમસ તહેવારો પર બહાર પડનારી બ્રિટિશ ટપાલટિકિટો પર, ચીતરેલાં ડિઝાઈનની છાપને બદલે પોશાક તરીકે વિવિધ ભાતના કાપડના ટુકડા અને વાળને સ્થાને સોનેરી તંતુઓ મૂકીને બનાવેલી દેવદૂતોની આકૃતિઓનો ઉપયોગ થયો છે. ટિકિટ માટે આ એક નવતર પ્રયોગ છે. કલાકાર કુ. સેલી સ્ટિફની કલ્પનાશક્તિની એ દ્યોતક છે. ☾ ખાસ ટિકિટોનાં આલેખનની સ્પર્ધામાં ભાગ લેનાર દરેક કલાકારને ૧૫૦ પાઉન્ડ અપાય છે અને જેનાં ડિઝાઈન સ્વીકારાય એને બીજા ૧૫૦ પા. મળે છે. (રમણિકલાલ સોલંકી-લંડન)

વૃક્ષ-વેલ-પરિચય : ૩
આમલી



'ભૂતનું ઘર આમલી.' ઘેરી ઘટા અને અદો-દરા, ધીંગા, કદરૂપા થડથી અંધારે બિહામણું લાગે એવું આ વૃક્ષ મૂળ તો એની તળે સદા ફેલાએલી રહેલી અનારોગ્યકર ખટાશથી અળખામણું બન્યું છે.

ટચૂકડી ડાંખળી પર સામસામે ગોઠવાએલાં એનાં ઝીણાં લીલાં પાન, એ ડાંખળીને છેડે છૂટાંછવાયાં ને લાલ-પીળા ચટાપટાવાળાં પાંચ પાંખડીનાં ફૂલનાં ઝૂમખાં પછી વેંતવેંત જેવડા વધતા વાંકડિયા કાતરા, તથા એ બધાંની ખટાશ તો સૌને પરિચિત છે. કાતરા પાકે ત્યારે તેમાંનો રેસા સાથેનો ગર ખટમધુરો લાગે છે. કાળી કરતાં રાતી આમલીનો ગર વધુ રુચિકર છે. આ ગર વચ્ચેનાં બીજ—કચૂકા યે જાણીતા છે. ઘણા એને શેકીને મુખવાસ તરીકે વાપરે છે. અમુક પ્રકારની ચીકાશ માટે પણ કચૂકા વપરાય છે. ફૂલ, પાન ને કાચા કાતરાની ચટણી જાણીતી છે. અને પાકી આમલીની દાળશાકમાં ઉમેરાતી કે વાસણ ઉજાળતી ખટાશ પણ પરિચિત છે.

માર્ચ-અપ્રિલમાં આમલીનાં બી રોપાય છે. અઠવાડિયામાં એને ફણગો ફૂટે છે. પાંદડે વરસાદે એને સ્થાયી સ્થાન પર રોપ્યા પછી, શરૂનાં વર્ષોમાં ઢોરી સામે રક્ષણ મળી રહે તો, જતે દહાડે એનું વૃક્ષ જામી જાય છે. શરૂમાં સીધું ને ઘાટદાર એ વૃક્ષ વય વધતાં, જાળવણી ન હોય તો, ચોતરફ એની ઘટા ફેલાઈ એનું થડ બહુ કદરૂપું અને મોટા ઘેરાવાવાળું બની રહે છે. આમલીનું વય પણ ઘણું મોટું ગણાય છે. એનું લાકડું કઠણ અને ઘડવામાં મુશ્કેલ હોઈ લાકડાના મોગરા, સાંબેલા વગેરે બનાવવામાં વપરાય છે. □



માધુકરી

પ્રકાશ રવિરાજ : આજ અદકો દિગંતો ભરી,
ખડી છ અણમોલ આજ ભોગવા તણી જો ઘડી.
કસુંબલ ઝળેળતો ધ્વજ વિમુક્ત ને ઉન્નત,
પ્રતાપ પ્રસરાવતો શહુર પ્રેમથી અંકિત.
ગભાર ગરજ સમુદ્ર ભરતી ઉછાળે ચઢ્યો,
વિદાય યુગઅંધકાર થઈ જાય આદિત્ય જ્યાં.

- બાલમુકુન્દ દવે

હરિભાઉ ઉપાધ્યાય

જૂના આશ્રમવાસી અને લગભગ ત્રીસ વર્ષ સુધી ગાંધીજીના સંપર્કમાં રહેલા તથા હિંદી 'નવજીવન'ના આરંભનાં વર્ષોમાં એના સંપાદનકાર્યમાં જોડાએલા શ્રી હરિભાઉ ઉપાધ્યાયનું ૮૦ વર્ષની પ્રૌઢ વયે ગઈ ૨૫મી ઑગસ્ટે અજમેરમાં અવસાન થયું. ઉત્તર જીવનમાં રાજસ્થાનમાં રચનાત્મક ને શિક્ષણક્ષેત્રે લાંબી સેવાઓ આપનાર હરિભાઉજીને સાહિત્યકાર, શિક્ષક, રાજદ્વારી નેતા, આશ્રમવાસી સાધક કે સંત. એમાંથી કયું વિશેષણ પ્રથમ મૂકવું એ ઝટ સમજાય તેવું નથી. અહિંસાધર્મને વરેલો મનુષ્ય નમ્ર હોય, સ્વભાવે શીતળ હોય છતાં ઢીલો પોચો કે કાયર ન જ હોય. એની શાંતિ અને માધુર્યમાં પરાક્રમ અને પુરુષાર્થ ઝળકતાં હોય. દર્શાવેલા એ આદર્શને સાકાર થએલો જે વ્યક્તિઓમાં પ્રત્યક્ષ જોઈ શકાય એવું સ્વચ્છ પારદર્શી વ્યક્તિત્વ હરિભાઉજીનું હતું. ભરજુવાનીમાં એમની વાણીમાં જે શૌર્ય. માધુર્ય અને સરળતા હતાં એ બધું છેવટ લગી એવું ને એવું કાયમ રહ્યું.

લખવામાં તેઓ મહારથી હતા એમ કહી શકાય. હિંદીમાં ચોક્કબંધ પુસ્તકો લખ્યાં છે. અને તે પણ સત્ય, અહિંસા તથા સર્વોદય વિચારનો મર્મ સમજાવવા માટે લખ્યું છે. છતાં પોતે કંઈક છે, બીજાને ઉપદેશ આપે છે એવો ધ્વનિ ભાગ્યે જ એમનાં લખાણ કે ઉદ્ગારોમાં જોવા મળે.

સત્યાગ્રહ આશ્રમનાં અગિયાર વ્રતો તથા ગાંધીજીએ આંકી આપેલ સમાજ-નિર્માણના અઢાર કાર્યક્રમો, એ બધાં પર હરિભાઉજીનું ચિંતન-મનન ચાલતું અને જીવનમાં ઉતારવા માટે તેઓ સતત જાગ્રતપણે પ્રયત્નશીલ રહેતા.

જ્યારે હરિભાઉજી આશ્રમવાસી બન્યા અને આશ્રમમાં આભડછેટનો ત્યાગ કર્યો ત્યારે એમના પિતાશ્રી એ સાધુવેડા તથા ભેળીસાળો જોઈ અત્યંત ક્રોધે ભરાયા. વરસો સુધી એ વયોવૃદ્ધ, હરિભાઉજી, એમના નાના ભાઈઓ અને બાળકોને ખૂબ જ કડવાં વેણ સંભળાવતા રહ્યા. પણ પિતાના આકરા ક્રોધ સામે ય હરિભાઉજીએ શાંતિ, પ્રસન્નતા અને દૃઢતાપૂર્વક પોતાના શુભ સંકલ્પને જાળવી રાખ્યા અને પિતાની સેવામાં આંચ આવવા ન દીધી.



સાબરમતી આશ્રમમાં અનેક વર્ષ અનુભવ લઈને તેઓ આશ્રમની એ જ્યોત રાજસ્થાનમાં લઈ ગયા. ત્યાં ગાંધીજીના પ્રતિનિધિ તરીકે આશ્રમજીવનનો તંતુ જાળવી રાખવા માટે એમણે પત્ની ભાગીરથીબહેનને ગાંધીજીના વર્ધા મહિલા આશ્રમમાં મૂક્યાં, અને પોતે, બે નાના ભાઈ માર્તંડ અને બૃહસ્પતિ તથા અન્ય કુટુંબીઓ આશ્રમજીવનના રંગે રંગાયાં ને સમાજનું કામ કરવામાં જ એમનું જીવન ગયું. હરિભાઉજીના રહસ્યમંત્રી શ્રીબાપુરાવ જોશીએ એમના સંસ્મરણરૂપે 'નવભારત ટાઈમ્સ'માં આપેલા પરિચયમાંથી એમના જીવનની થોડી વિગતો જોઈએ.

છાલો-પાલો-મરી-મસાલો] ૩ [હિંગ

'હિંગના હડાકા' વિનાની રસોઈ ફિસ્સી લેખાય છે. દાળશાકના વઘારમાં હિંગનું ઘણું મહત્ત્વ હોઈ એને 'વઘરાણી' પણ કહે છે. ઈરાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન વગેરે દેશોમાં થતા એક વિશિષ્ટ છોડનો એ સુકાએલો રસ તેની લાક્ષણિક વાસ અને સ્વાદને કારણે વિખ્યાત છે. આપણે ત્યાં ઉત્તરના પર્વતીય પ્રદેશોમાં એનું વાવેતર અજમાવવા જેવું છે. વસંત ઋતુમાં હિંગના છોડ આસપાસની માટી ખસેડી, તેનાં મૂળ ઉઘાડાં કરી, તેના પર છેદ મૂકીને એનો રસ એકઠો કરવામાં આવે છે, જેની સૂકવણી તે હિંગ. 'બાલ્હીક' અને 'રામઠ' એવા એના બે મુખ્ય પ્રકાર છે. તીવ્ર વાસવાળી ચમકદાર હિંગ સારી ગણાય છે. બાળતાં એ કપૂરની પેઠે સળગે છે. તેનો સ્વાદ તીખો, તૂરો ને કડવો છે, અને ઉષ્ણતામાં એ કસ્તૂરી જેટલી તીવ્ર ગણાય છે. શુદ્ધ હિંગને પાણીમાં ઘોળવાથી પાણી દૂધ જેવું સફેદ થઈ જાય છે. 'હીરા હિંગ' નામે ઓળખાતી એની એક મુખ્ય જાત ઉત્તમ ગણાય છે. હિંગની ઓછી તીવ્ર એવી એક કાળી જાત પણ થાય છે. જો કે આપણા સુધી પહોંચવા દરમિયાન તો એમાં અનેક પ્રકારના ભેગ થઈ જાય છે, એટલે એના અનેક ઔષધીય ગુણો એટલા પ્રમાણમાં મંદ પડી જાય છે.

ઔષધ રૂપે હિંગને વાપરતાં પહેલાં એને ઘીમાં તળીને શુદ્ધ કરવી જરૂરી છે. ચરકે હિંગને શ્વાસહર, દીપન, ચેતના સ્થાપક અને વાત-કફ શમાવનાર ગણી છે. સુશ્રુતે આ ઉપરાંત તેને શૂળ, અજીર્ણ અને અધોવાયુની કબજિયાત દૂર કરનાર ગણી છે. રાજનિઘંટુકાર તેને આંખો માટે પણ હિતકારી લેખે છે. આયુર્વેદમાં તો હિંગનો ઉપયોગ પ્રાચીન કાળથી થતો હોઈ એનાં અનેક ઔષધોમાં તે એક મુખ્ય ઘટક તરીકે વપરાય છે. ઍલોપથીમાં પણ હિંગના અર્ક, ચૂર્ણ વગેરેનો ઉપયોગ થાય છે. યુનાની મત પ્રમાણે હિંગ રુક્ષ અને ઉષ્ણ હોઈ કૃમિનાશક, ઋતુસ્રાવ નિયામક તથા તાણ મટાડનાર છે અને અર્ધાંગ વાયુ, સંધિવા, શિરોભ્રમ, કાનની બહેરાશ, શ્વાસ, કાસ, કફપ્રકોપ, નેત્રરોગ, ગળાના રોગ અને યકૃતપ્લીહાનો નાશ કરે છે. હિંગમાં વાત નાડીઓને ઉત્તેજવાનો ગુણ હોઈ એ કામોત્તેજક ગણાય છે તેમજ એ શોણિતોત્કલેશક હોઈ અન્ય ઔષધો સાથે યા સ્વતંત્ર રીતે તિલારૂપે પણ વપરાય છે.

પણ હિંગ ગરમ હોઈ પિત્ત પ્રકૃતિવાળાએ એનું સેવન સંભાળપૂર્વક કરવું જોઈએ. ઘીમાં શેકેલી હિંગ, સૂંઠ, મરી, પીપર, સિંધવ, અજમો, જીરું અને શાહજીરું, એ આઠે ચીજો સમાન ભાગે લઈ બનાવેલું 'હિંગાષ્ટક ચૂર્ણ' તો જાણીતું છે. અનેક રીતે ગુણકારી આ ચૂર્ણ ઘરમાં રાખવું હિતાવહ છે. ભોજન પહેલાં ઘી અને ભાત સાથે ભેળવીને લેવાથી અજીર્ણ, વાયુ, પેટપીડ, આફરો, ગોળો વગેરેમાં ગુણ કરે છે. અજીર્ણ કે વાયુથી થતી ઊલટી પણ એનાથી મટે છે. સંગ્રહણી કે અતિસારમાં તાજા દહીંની છાશ સાથે હિંગાષ્ટક ઘણું ફાયદાકારક છે.

હિંગના સેવનથી ભેજજન્ય તાવ મટે છે. નવસાર કે ગૂગળ સાથે હિંગ લેવાથી ટાઈફૉઈડમાં પણ રાહત થાય છે. એક રતીથી એક માસો શેકેલી હિંગ નવશેકા પાણીમાં મેળવીને પીવાથી પડખાંનું શૂળ, સ્વરભેદ, જૂની ઉધરસ, સળેખમ અને મળાવરોધ વગેરેમાં ફાયદો થાય છે.

હિંગને દારૂમાં ખરલ કરી સૂકવીને બે રતી જેટલી માખણ સાથે ખાવાથી ગોળો, શૂળ, વાતવિકાર, ઉધરસ, શ્વાસ અને દૂષિત કફવિકારમાં લાભ થાય છે. આકડાનાં ફૂલનાં રવૈયાં સાથે હિંગને પીસીને બનાવેલી નાની નાની ગોળી ગરમ પાણી સાથે લેવાથી ઉધરસ મટે છે. હિંગને ઉંબરાનાં સૂકાં ફળ સાથે ખરલ કરી ખાવાથી કમળો મટે છે.

હિંગ અર્ધો તોલો, કપૂર એક તોલો, કાથો એક તોલો અને લીમડાનાં કૂમળાં પાન ત્રણ માસા લઈ તુલસીના રસમાં ઘૂંટીને બનાવેલી ચણા જેવડી ગોળી દિવસમાં ત્રણ ચાર વાર ગુલાબના અર્કમાં આપવાથી કૉલેરામાં અને જાંબુડીની છાલના રસમાં આપવાથી આમાતિસારમાં ફાયદો થાય છે. કૉલેરાની તો ઘણી દવામાં હિંગ વપરાય છે.

વરિયાળીના અર્કમાં હિંગ આપવાથી મૂત્રાવરોધમાં ફાયદો થાય છે. સિંધવ અને ઘી સાથે સમાન ભાગે હિંગ લઈને બાર ગણા ગાયના મૂત્રમાં મેળવી માત્ર ઘી બાકી રહે એટલું ઉકાળીને આપવાથી અપસ્માર (વાઈ) મટે છે. ઘીમાં શેકેલી હિંગ ઘી સાથે ખાવાથી પ્રસૂતાને આવતાં ચક્કર અને શૂળ મટે છે. હિંગના સેવનથી ગર્ભાશયનું સંકોચન થાય છે, અટકાવ સાફ આવે છે અને સ્ત્રીની ઉદરવેદના શમે છે.

હિંગનું ચાર માસા ચૂર્ણ, વીસ તોલા દહીંમાં મેળવી સવારે પીવાથી અને બપોરે માત્ર દહીંભાત કે માત્ર દહીં પર રહેવાથી ત્રણેક દિવસમાં શરીરમાંથી વાળો બહાર નીકળી જાય છે કે બળી જાય છે.

હિંગને પાણીમાં ઘોળી નાકમાં ટીપાં પાડવાથી આધાશીશીમાં ફાયદો થાય છે; અને તેને પાણીમાં ઉકાળી કોગળા કરવાથી દંતપીડા શમે છે. દુખતા દાંતના પોલાણમાં હિંગ ભરવાથી દંતકૃમિ મરી જઈ પીડા મટે છે. બાળકોને પેટમાં ચૂંક આવતી હોય તો, ડૂંટી પર હિંગ ચોપડવાથી વાછૂટ થઈ આરામ થાય છે.

હિંગ અને અફીણ સરખે ભાગે તલના તેલમાં કે મીણ સાથે સારી રીતે ઘૂંટીને બનાવેલો મલમ લગાડવાથી નહિ પાકતી કંઠમાળ પાકીને ફૂટે છે. અર્શ-મસા પર પણ આ મલમ ફાયદો કરે છે. હિંગ અને લીમડાનાં પાન લસોટી લેપ કરવાથી વ્રણ (ઘા)માં પડેલા કીડા મરી જાય છે.

હિંગને પાણીમાં પીસી-ઘૂંટીને હડકાયા કૂતરાએ બેસાડેલી દાઢ પર લગાડવાથી ફાયદો થાય છે. વીંછીના ડંખ ઉપર હિંગને ગાયના દૂધમાં કે આકડાના દૂધમાં ઘસીને લગાડવાથી ઝેર ઊતરે છે.

હિંગ, સિંધવ અને એરંડિયા તેલની વર્તી (દિવેટ) ગુદામાં રાખવાથી વાયુનું અનુલોમન થઈ મળશુદ્ધિ થાય છે.

હિંગ મધમાં મેળવી રૂની દિવેટ બનાવી તેને પેટાવીને પાડેલું કાજળ આંખમાં આંજવાથી નેત્રસ્રાવ બંધ થઈ આંખોનું તેજ વધે છે. હિંગને તલના તેલમાં પકાવી એ તેલનાં ટીપાં કાનમાં પાડવાથી કર્ણશૂળ મટે છે. હિંગ અને અડદના ચૂર્ણને અંગારા પર નાખી તેની ધૂણી લેવાથી હેડકી શમે છે. હિંગની ધુમાડી આપવાથી પ્રસવ સરળતાથી થાય છે. આમ, આપણા ઘરમાં જ હાજર રહેતી હિંગ મસાલા ઉપરાંત ઔષધ તરીકે પણ અનેક રીતે ઉપયોગી છે.

માધવ મો. ચૌધરી

મધ્ય પ્રદેશમાં હવે જે દેવાસ જિલ્લો કહેવાય છે ત્યાંના ભૌરાસા ગામમાં તા. ૯મી માર્ચે ૧૮૯૩માં એમનો જન્મ થયો. નાનપણથી જ તેઓ ટિળક અને ગાંધીની આંધીમાં ખેંચાયા. હિંદી 'નવજીવન' અંગે તેઓ ગાંધીજીના નિકટના સંપર્કમાં આવ્યા અને ઠેઠ સુધી અંગ્રેજી સામ્રાજ્યવાદ સામે ઝઝૂમ્યા. આ પછી સામાજિક અસમાનતા, અન્યાય, અજ્ઞાન, સાંપ્રદાયિક વેર અને હિંસા સામે જીવનભર ઝઝૂમતા જ રહ્યા. છેલ્લે દસ મહિના મૃત્યુની સામે પણ તેમનો સંઘર્ષ જારી રહ્યો. સંઘર્ષશીલ આ મહાપુરુષે નિરાશા, શિથિલતા અને પરાજય સામે માથું નમાવવાનું જાણ્યું જ ન હતું. ભારોભાર શિસ્ત અને નિયમિતતા એમના જીવનનાં અંગ બની ગયાં હતાં. પોતે કહેતા કે હું કામ લેવામાં કસાઈ છું; અને એમના અંગત સચિવ તરીકેની ફરજ બજાવતાં મારે બહુ સખત મહેનત કરવી પડી. પણ મેં જોયું કે તેઓ પોતાની જાત પ્રત્યે તો મારા કરતાં યે વિશેષ કઠોર હતા. ઈ. ૧૯૪૪ પછી એમને શરદી, સંગ્રહણી, અનિદ્રા વગેરે માંદગીઓ ભોગવવી પડી, છતાં સવારના સાડા ચારથી રાતના સાડા

લ ઘુ ક થા

કિટ્ટા

અશ્વિન મ. વસાવડા

'પપ્પા! પપ્પા! મમ્મીએ મને મને માર્યું.' રડતાં રડતાં કેતુએ મને ફરિયાદ કરી.

'મમ્મી ગાંડી છે. મારા કેતુને માર્યો, તો આપણે મમ્મી સાથે કિટ્ટા કરી નાખીએ, બસ!'

અને મેં શીખવ્યું તેમ નાના કેતુએ સુચિતા સાથે કિટ્ટા કરી નાખી.

બાલમંદિર જવાના સમયે કેતુએ રોજની જેમ સુચિતાને ચુંબન કરવા ન દીધું. સાંજનો નાસ્તો પણ સુચિતાએ આપેલો તે ન લીધો—મેં આપ્યો ત્યારે મારી પાસેથી જ લીધો. કોઈ મોટું માણસ રાખી શકે તેટલા ટેકીલા અબોલા આજે એણે રાખ્યા.

મારા અને સુચિતા માટે આ મીઠી મૂંઝવણનો પ્રશ્ન બન્યો. સુચિતાએ મારી ઉપર મીઠો ગુસ્સો પણ કર્યો: 'ચડાવો હજુ લાડકા દીકરાને!'

રાત્રે જમવા વખતે મેં કેતુને ફોસલાવ્યો: 'ચાલ કેતુ, હવે મમ્મી જોડે સંચા કરી નાખ જોઉં!' પણ આજે તે અડગ રહ્યો. 'ના; હું મમ્મી જોડે નથી જ બોલવાનો. મને માર્યું'તું.'

સુચિતાએ પણ અનેક લાલચો આપી જોઈ. છેલ્લે પોતાની પાસેનું અંતિમ શસ્ત્ર અજમાવ્યું: 'બાવા, બાવા, કેતુની મમ્મીને ઉપાડી જા!'

ધમાલ કરતો હોય કે રડતો હોય, સુચિતા આવું કહે ત્યારે કેતુ છાનો રહી જતો અને સુચિતા પાસે હઠાગ્રહપૂર્વક એ શબ્દો પાછા ખેંચાવતો: 'ના બાવા, કેતુની મમ્મીને ન ઉપાડી જતો...' પરંતુ આજે એ શસ્ત્ર પણ નકામું ગયું. બોલ્યો: 'ભલે ઉપાડી જાય!'

—અને સુચિતા ઝંખવાણી પડી ગઈ. ક્રોધમાં મરાઈ ગયેલા એક તમાચાની શિક્ષા સુચિતાને કેટલી મોટી મળી તે હું વિચારી રહ્યો.

પથારીમાં જતી વેળાએ કેતુએ મને ચુંબન આપ્યું. પછી તે સુચિતા તરફ વળ્યો અને અટકી ગયો. કેતુ ઊંઘી ગયો.

સુચિતા મારી ઉપર ખૂબ ગુસ્સે થઈ. મમ્મી સાથે કિટ્ટા કરવાનું મેં તો માત્ર રડતો બંધ રહે તે માટે ફોસલાવવા પૂરતું જ કહેલું. કેતુ આટલો બધો જડ બનશે તે ધાર્યું નહોતું બાળકના માનસ ઉપર વિકૃત અસર લાવવા માટે મેં મનોમન દુઃખ અનુભવ્યું. સુચિતા પણ ઊંઘી ગઈ.

કેતુ ઝબકીને જાગી ગયો: 'બાવાને ભગાડી મૂકોને પપ્પા...' અને 'મમ્મી'ના નામની રડતી બૂમ સાંભળી સુચિતા પણ જાગી ગઈ.

—અને ફ્સકાં ભરતો કેતુ સુચિતાને વળગીને ફરી ઊંઘી ગયો.

અગિયાર સુધી એમનું કામ તો ચાલ્યા જ કરતું હોય. દિવસના અર્ધો કલાક માંડ તેઓ આડે પડખે થતા.

ઉપાધ્યાયજીની અહિંસા કાયરની અહિંસા ન હતી. એક વાર મુંબઈના કોંગ્રેસ અધિવેશનમાં જુદા જુદા શિબિરોમાં લોકોનો ઉતારો હતો ત્યારે રાજસ્થાનના ઉતારામાં હરિભાઉજી ઊતર્યા હતા. અચાનક એમનાં ધર્મપત્ની ભાગીરથીદેવીએ પડખેના શિબિરમાં ગુપચુપ વાતો સાંભળી કે સારો લાગ છે—અહીં તક મળી છે; હરિભાઉજીને ગોળીથી વીંધી નાખીએ. આવું કહેનારા એક પ્રસિદ્ધ ક્રાંતિકારી સજ્જન હતા. એમની ક્રાંતિકારી પ્રવૃત્તિ ભાગીરથીબહેન જાણતાં હતાં. એટલે તેઓ ભારે વિમાસણમાં પડ્યાં. તેમણે એક વિશ્વાસુ ભાઈને એ વાત કહી. એ ભાઈ ભાગીરથીબહેનને ગાંધીજી પાસે લઈ ગયા. બધી વાત સાંભળીને ગાંધીજીએ કહ્યું કે હરિભાઉને કહો કે તેઓ શિબિર છોડીને શહેરમાં કોઈ મિત્રને ઘેર રહે. ભાગીરથબહેન શિબિરમાં પાછાં આવ્યાં અને હરિભાઉજી બહારથી આવ્યા ત્યારે એમને આખા કાવતરાની તથા બાપુજીની સલાહની વાત કરી.

હરિભાઉજીએ તરત જ કહ્યું: બાપુએ આ સલાહ કેમ આપી? હું જાતે જઈને બાપુજીને મળું છું. તેઓ ગાંધીજી પાસે પહોંચ્યા અને પૂછ્યું: બાપુ, આપે આ ભાગી જવાની સલાહ કેમ આપી?

ગાંધીજીએ કહ્યું કે મને વાત કરી તે પરથી મને લાગ્યું કે તમે ભયભીત છો. ભયભીત વ્યક્તિનો ધર્મ છે કે એ ભાગી જાય, એટલે મેં આ સલાહ આપી. પણ જો તમે ભયભીત ન હો તો હું સલાહ આપું છું કે તમે એ લોકોની પાસે જાઓ અને કહો કે મને શોધવાની અને ગોળી મારવાની મહેનત તમને ન પડે એટલા માટે હું જાતે અહીં આવી ગયો છું. આજ રાત્રે હું તમારી સૌની વચ્ચે જ સૂઈશ. હરિભાઉને આ સલાહ ગમી ગઈ અને સાંજે એમણે એ લોકો વચ્ચે જઈને ગાંધીજીએ કહ્યા પ્રમાણે કહ્યું તથા એ જ તંબૂમાં પથારી કરી સૂતા. પેલા સાથીઓ શરમાયા.

ઈ. ૧૯૫૨માં તેઓ અજમેર રાજ્યના મુખ્ય મંત્રી બન્યા; ૧૯૫૭માં અજમેર રાજ્યનો રાજસ્થાનમાં વિલય થતાં ત્યાંના વિત્તમંત્રી અને શિક્ષણમંત્રી થયા; ૧૯૬૫માં એમણે મંત્રીપદેથી રાજીનામું આપ્યું અને કબીરજીના ભજન પ્રમાણે 'કશા ય લાંછન વિના બહાર આવ્યા.' જ્યારે તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારની વાત છે કે ચપરાસીઓ અને નોકરિયાતો તેમને 'સાહેબ' કહેવા લાગ્યા. એ સાંભળીને હરિભાઉજીએ એમને કહ્યું કે તમે બધાએ મારું માન નાનકડું કરી દીધું: મને આજ સુધી તમે 'દાદાસાહેબ' કહેતા આવ્યા છો તે જ ચાલુ રાખો. મને તેમાં જ પોતાપણું લાગે છે; 'સાહેબ' કહેવામાં એવી આત્મીયતા નથી. એ તો ઊંચાપણું અને છેટાપણું દર્શાવે છે. આપણને જનતાના સેવકને એવું ન શોભે.

બે વર્ષ પહેલાં મારા પિતાશ્રીનાં અસ્થિ લઈને હું હરદ્વાર ગયો ત્યારે સવારની આકરી ટાઢમાં અજમેર સ્ટેશને ભાગીરથીબહેન સાથે હરિભાઉજીએ આવી અસ્થિકળશ પર આંસુભીની આંખે ફૂલ ચડાવ્યાં અને બાપુજીનું સાહિત્ય લોકોને મળે એ માટે એકધારો પરિશ્રમ કરનાર એ તેજસ્વી દીપક હોલવાઈ ગયા પછી તે કામ આપણે ચાલુ રાખવું એવો વડીલ બંધુ સમ આશીર્વાદ હરિભાઉજીએ મને આપેલો. આજે બે વર્ષ પછી એ જ ઑગસ્ટ માસમાં બાપુજીના રહ્યારહ્યા દીપકમાંના હરિભાઉજીનો દીપ પણ બુઝાઈ ગયો છે. છતાં ગાંધી-વાણીના ચિંતન-મનનના એ પ્રકાશને બુઝાવા ન દેવો એ ગાંધીજીનું સ્મરણ કરનારા સૌનો ધર્મ છે.
(લોકજીવન) —પ્રભુદાસ ગાંધી

ગણિતગમ્મત

૩, ૧૨, ૩૩ આ ત્રણ સંખ્યાઓમાં અનેરું રહસ્ય સમાએલું છે. એ ત્રણે સંખ્યાઓમાં ૩ ઉમેરવાથી બધી સંખ્યાઓ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર આવે છે. જેમ કે—

$૩ + ૩ = ૬ = (૧ + ૨ + ૩)$

$૧૨ + ૩ = ૧૫ = (૧ + ૨ + ૩ + ૪ + ૫)$

$૩૩ + ૩ = ૩૬ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮)$

વળી ૩, ૧૨, ૩૩ એ ત્રણ સંખ્યાના જૂથમાંની કોઈ પણ બે સંખ્યાઓનો સરવાળો કરવાથી જુદી જુદી ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર હોય એવી સંખ્યાઓ આવે છે. જેમ કે—

$(૩ + ૧૨) = ૧૫ = (૧ + ૨ + ૩ + ૪ + ૫)$

$(૩ + ૩૩) = ૩૬ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮)$

$(૧૨ + ૩૩) = ૪૫ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮ + ૯)$

ગણિતમાં રસ લેનારને હરેક સંખ્યામાં આવાં વિવિધ રહસ્યો દેખાશે. પરંતુ રહસ્યો જાણવા પ્રયત્નની જરૂર છે. —મ. ના. ખત્રી

માર્જન મંડળ

ઈ. ૧૯૧૭માં હું સત્યાગ્રહ આશ્રમમાં જોડાયો ત્યારે ખાસ કરીને જાજરૂઓ અને એની આસપાસની સફાઈ કરવામાં, તથા રસોઈ કરવામાં હું પૂરતો ભાગ લેતો. પીરસવા અને વાસણો ઊટકવામાં બધા સૌ કરતાં મારો ઉત્સાહ કંઈક વધારે હશે. ભણાવવામાં સંસ્કૃત શીખવવાનું કામ મારે ભાગે આવ્યું હતું. પ્રાર્થનામાં મણિલાલ ગાંધી ને હું વધારે રસ લેતા.

હું જ્યારે શાંતિનિકેતનમાં હતો અને બાપુજી ત્યાં આવ્યા હતા ત્યારે વાસણ ઊટકવા માટે બંગાળી છોકરાઓને મેં રાજી કર્યા હતા. એ બાપુજીએ જોયું હતું. એટલે આશ્રમની પ્રાર્થનામાં એનો ઉલ્લેખ કરી બાપુજીએ કહ્યું હતું કે વાસણ ઊટકવાં પણ એક કળા છે જે બધા આશ્રમવાસીઓએ કાકા પાસેથી શીખી લેવી જોઈએ.

આશ્રમમાં વાસણ ઊટકવા માટે પહેલેથી નોકરો ન હતા. અમે બધા જ વાસણો માંજીએ. દરેક જણ પોતપોતાની થાળી, વાટકો, લોટો વગેરે પોતે માંજે. રસોડાનાં વાસણો અમુક લોકો વારાફરતી માંજીને મૂકી દે.

મેં એમાં સુધારો કર્યો. બધાંને પીરસ્યા પછી દાળભાતનાં એંઠાં વાસણો સુકાઈ ને સખત થતાં હતાં. મેં નક્કી કર્યું કે બધા જમવા ભેગા થાય એટલે રાંધેલા વાસણમાંથી ભાત બીજા વાસણમાં લઈએ અને ઢાંકી દઈએ અને રાંધેલા વાસણમાં પાણી રેડી બાજુ પર રાખીએ. દાળનાં વાસણોનું પણ એમ જ. આ રીતે ઘણી મહેનત ઓછી થઈ ગઈ. છતાં મોટાં મોટાં વાસણો માંજવાનું કામ તો રહેતું જ.

એક દિવસે પ્રાર્થના પછી મેં જાહેર કર્યું કે 'આજથી વાસણ માંજવાની વ્યવસ્થાને અમે નામ આપીએ છીએ 'માર્જન મંડળ'. જ્યારે વાસણો મંજાતાં હશે ત્યારે શિક્ષકોમાંથી અમે વારાફરતી, કોઈ સારી ચોપડીમાંથી મજાનો ભાગ વાંચી સંભળાવીશું. અને જો એમાંથી ચર્ચા ઊપડે તો માંજનારાઓ ચર્ચામાં ભાગ લઈ શકે છે.' અને મેં ઉમેર્યું: 'કોઈ પણ ભાઈ કે બેન જોશમાં આવી જોરજોરથી દલીલ કરે તો એ જ જોરથી વાસણ પણ સાફ કરાશે એટલે સરવાળે લાભ જ છે.' (આ યુક્તિ મેં શાંતિનિકેતનમાં અપનાવી હતી એટલે એની બધી વિગતો હું ઉત્તમ જાણતો.)

પછી તો પૂછવું જ શું? નરહરિભાઈ, કિશોરલાલભાઈ, દેવદાસ વગેરે બધા જ ચર્ચામાં ભાગ લે. જેમનો વારો ન હોય એવા લોકો પણ માગી માગીને વાસણ લઈને બેસે અને ચર્ચા કરતા જાય અને રાખ કે માટી લઈને વાસણો માંજતા જાય અને ધોતા જાય. સત્યાગ્રહીઓ માટે ચર્ચાના વિષયો ખૂટે જ શાના? 'માર્જન મંડળ'નું કામ ધીકતું ચાલ્યું.

આગળ જતાં જૂના લોકોને બહારનાં નવાં નવાં કામો લેવાં પડ્યાં. અમે વેરવિખેર થયા. પછી માર્જન મંડળનું શું થયું એ હું જાણતો નથી.

(ગુજર-ભારતી) —કાકા કાલેલકર

ભૂલાતું ઔષધ: મૂત્ર

મહર્ષિ ચરકે પ્રથમ અધ્યાયમાં જ કેટલાંક પ્રશંસાપાત્ર ઔષધોનો નિર્દેશ કર્યો છે. તેમાં સોળ મૂલિની, ઓગણીસ ફલિની, ચાર મહાસ્નેહો, પાંચ લવણ, આઠ જાતનાં દૂધ અને શોધન માટેનાં છ વૃક્ષો સાથે આઠ મૂત્ર પણ કહ્યાં છે. એ આઠ મૂત્ર તે ઘેટીનું, બકરીનું, ગાયનું, ભેંશનું, ઊંટનું, ઘોડાનું અને ગધેડાનું: આપણે માત્ર તેમાંથી ગૌમૂત્ર વિષે જોઈશું.

ગાયના મૂત્રના ગુણો દર્શાવતાં પંડિત ભાવમિશ્ર કહે છે કે 'ગૌમૂત્ર તીખું, તીક્ષ્ણ, ગરમ, ખારું, કડવું, તૂરું, હલકું, અગ્નિને પ્રદીપ્ત કરનાર, પવિત્ર, પિત્ત કરનાર અને કફ, વાયુ, ગોળો, શૂળ, પેટનો આફરો, ચળ, નેત્રના રોગ, મોંના રોગ, બધા કોઢ, આમવાત, બસ્તિના રોગ, ઉધરસ, શ્વાસ, સોજા, કમળો તથા પાંડુ રોગને મટાડનાર છે. ગૌમૂત્ર એકલું પીધું હોય તો તે ચળને, લગાર ગુલાબી જણાતા કોઢને, શૂળને, નેત્રનાં દરદોને, ગોળાને, અતિસારને, વાયુ સંબંધી રોગોને, મૂત્રના અટકાવને, ઉધરસને, પેટના રોગને, તેમજ કૃમિઓને મટાડે છે. સઘળાં મૂત્રોમાં ગૌમૂત્ર અધિક ગુણોવાળું છે. ગૌમૂત્ર કાનમાં રેડવાથી કાનના શૂળને મટાડે છે.

વળી મહર્ષિ સુશ્રુત કહે છે કે 'માનુષં ચ વિષાપહમ્' અર્થાત્ મનુષ્યનું મૂત્ર વિષનો નાશ કરે છે. તેનો એક અનુભવ:

વહેલી સવારે એક મિત્ર કાન ઉપર હાથ ઢાંકી, ગભરાએલી સ્થિતિમાં મારા રૂમમાં આવ્યા. કહે: 'કાનમાં કંઈક પેસી ગયું છે. અંદર ખોતરે છે. ખૂબ દુઃખાવો થાય છે.' મેં કાનની દર્શનપરીક્ષા કરી. કોઈ જંતુ ન દેખાયું, પણ કાન થોડો સૂજી ગયો હતો. તે મિત્રને કહ્યું: 'સૂઓ, હમણાં દવા લઈ આવું છું.' વિચાર્યું; ગરમ તેલ નાખું? તેલ તો શૂળ મટાડે, પણ જીવડું અંદર ગયાનું કહે છે તેનું શું? એકાએક વિચાર આવ્યો: માનુષં ચ વિષાપહમ્. તર્ત જ મેં એક વાટકામાં મૂત્રત્યાગ કરીને મિત્રના કાનમાં નાખ્યું. એક મિનિટમાં તો કાનમાંથી એક મોટી લાલ કીડી મૂત્ર ઉપર તરવા લાગી, તે મિત્રને બતાવી. થોડી વાર રહી કર્ણમાંથી મૂત્ર નિષ્કાસન કર્યું. મિત્રના ચહેરા ઉપર પ્રસન્નતા જોવા મળી.

(નિરામય) —મધુકાન્ત ઉપાધ્યાય

ટિકિટ-સંગ્રહ

(પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર અમદાવાદ)





એશિયા ૭૨ના નામે હાલ રાજધાનીમાં ચાલી રહેલા 'તૃતીય આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળા' નિમિત્તે ૩જી નવેમ્બરે બહાર પડેલી ભારતની બે ખાસ ટિકિટો. તેમાંની એક પર સમસ્ત માનવની કલ્યાણકામના દર્શાવતી ૯મી સદીની એક બુદ્ધ મૂર્તિની અભયમુદ્રાનો હસ્ત છે, બીજી પર આ મેળાની સંકેતમુદ્રા. (ડાબી-બાજુ) ૧૯મી ઑક્ટોબરે બહાર પડેલી ચાર સ્મારક ટિકિટો. આંધ્રના એક મહાન વકીલ, પત્રકાર ને રાષ્ટ્રવાદી ટંગુટૂરિ પ્રકાશમ, પંજાબના મહા કવિ અધ્યેતા ને સમાજસુધારક સંત ભાઈ વીરસિંહ તથા વિશ્વશાંતિના સ્વપ્નદ્રષ્ટા બર્ટ્રાંડ રસેલની આ વર્ષે જન્મશતાબ્દી છે. ચોથી આંધ્રના કિસાનકવિ વેમનાની ત્રીજી શતાબ્દીની છે.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

૧ (૧૯૫૪) ૧૪૦ વર્ષ પછી ભારતમાંની ફ્રેંચ વસાહતો—પોંડિચેરી અને ચંદ્રનગર મુક્ત બનીને ભારતમાં ભળી ગઈ.

૨ (૧૮૩૩) વિજ્ઞાનશિક્ષણનો ખયાલ હિંદમાં પહેલી વાર લોકપ્રિય કરનાર ડૉ. મહેન્દ્રલાલ સરકારનો હાવડા (બંગાળ)ના પેકપુરા ગામમાં



એક ખેડૂત કુટુંબમાં જન્મ. બચપણથી જ માતાપિતાની છાયા જતાં કલકત્તામાં મોસાળમાં અભ્યાસ કર્યો. વિજ્ઞાનના જ્ઞાનની તીવ્ર પિપાસાથી પ્રેરાઈ એમણે કૉલેજની ઊજળી કારકિર્દી છોડી મૅડિકલ કૉલેજમાં પ્રવેશ લીધો અને ત્યાં દરેક વિષયમાં ઈનામો જીતતા જઈ એમ. ડી. થઈને ૩૦ વર્ષની વયે કલકત્તા ભરમાં પ્રખ્યાત તબીબ બની રહ્યા. હોમીઓપથીના વિરોધી તેમણે પાછળથી એ ચિકિત્સાપદ્ધતિની સત્યતા પ્રમાણતાં એનો નીડર પક્ષ લેવા માંડતાં તબીબોમાં તેમનો તિરસ્કાર થયો ને ધંધો પણ પડી ભાંગ્યો. પણ પોતાની માન્યતાને ચુસ્તપણે વળગી રહી એમણે ધીરે ધીરે હોમીઓપથીમાં પણ પહેલાં જેવી જ પ્રતિષ્ઠા જમાવી દીધી.

'કલકત્તા જર્નલ ઑવ મેડિસિન' નામે એક પત્ર કાઢી જ્ઞાનપિપાસુ મિત્રો અને વિદ્યાર્થીઓનું મંડળ જમાવ્યું, જેમાંથી વિજ્ઞાનના પ્રયોગો, સંશોધનો અને વિસ્તરણ માટે કાર્ય કરતું 'વિજ્ઞાન વિકાસ મંડળ' રચાયું. આગળ જતાં એ એક અગ્રગણ્ય સંશોધક-મંડળ બની રહ્યું. એમની વિજ્ઞાન-સેવાઓ બદલ સરકાર તથા પ્રજાએ એમનું બહુમાન કર્યું હતું. વિજ્ઞાનસેવામાં આજીવન એક સરખી ધગશ દાખવતા રહી. ઈ. ૧૯૦૩માં તેઓ અવસાન પામ્યા.

૬ (૧૮૬૦) જેની ઝુંબેશમાંથી અમેરિકાનાં સંયુક્ત રાજ્યો (યુ. એસ. એ.)ના રીપબ્લિકન પક્ષનો જન્મ થયો, એ ગુલામીની પ્રથા બંધ કરવાના મુદ્દા પર, પ્રમુખપદ માટેની બીજી વારની ઉમેદવારીમાં અબ્રાહમ લિંકનની ૧૬મા પ્રમુખ તરીકે જીત થઈ. પણ એ પ્રમુખપદ સંભાળે એ પહેલાં ગુલામીના પક્ષકાર દક્ષિણનાં છ રાજ્યોએ સંઘમાંથી નીકળી જઈ જેફરસન ડેવિડના પ્રમુખપદ નીચે પોતાના અલગ 'કૉન્ફીડરેટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા'ની જાહેરાત કરી. પાર્લમેન્ટમાં પણ લિંકનની સામે ઠીકઠીક વિરોધ હતો. છતાં આ બધાં સામે પોતાનું શાંતિભર્યું પણ દૃઢ વલણ જારી રાખી લિંકને



પ્રમુખપદની ઉમેદવારી વખતે પોતાનું વલણ સ્પષ્ટ કરતા લિંકન

જાગી ઊઠેલા આંતરયુદ્ધમાં રાતોરાત લશ્કરની પુનર્રચના કરી દક્ષિણને યુદ્ધ આપ્યું અને એમાં જીત પણ મેળવી. આ પછી પણ પરાજિત રાજ્યો સામે કશી આકરી શરતો રાખ્યા વિના એણે એને ફરી સંઘમાં સમાવી લઈ અમેરિકાના રાજ્યસંઘની અખંડિતતા દૃઢ કરી દીધી અને ગુલામીની પ્રથા તો અમેરિકામાંથી કાઢી જ. યુદ્ધની સમાપ્તિ બાદ થોડા જ દિવસોમાં એનું ખૂન થયું. પણ એનાં કાર્યોને કોઈ મિટાવી શક્યું નહિ. અમેરિકાના ઇતિહાસમાં એણે એક અનોખું ગૌરવયુક્ત પ્રકરણ રચ્યું છે.

૭ (૧૯૩૧) પીઅરી ગૅસેન્ડી દ્વારા બુધના સંક્રમણનું પહેલી વાર



દર્શન થયું. વિરાટ સૂર્યની સરખામણીમાં, આટલાંટિક મહાસાગરમાં ડૂબી શકે એવડા બુધનું, સૂર્યબિંબ પરથી પસાર થતા એક ટપકા જેવું દર્શન એક સદીમાં માત્ર તેરેક વખત જ જોવા મળે છે. છેલ્લે ૧૯૭૦ના મેની ૯મી તારીખે આ સંક્રમણ થયું હતું. (અમદાવાદના 'કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરે' લીધેલી તેની એક છબિ અહીં આપી છે.) ફરી ઈ. ૧૯૭૩માં ૧૧મી નવેમ્બરે આવી તક પ્રાપ્ત થશે.

૯ (૧૯૧૮) ત્રીસ વર્ષ સુધી એક મહારાજ્ય પર એક ચક્રે રાજ્ય કર્યા બાદ, બીજાં ત્રેવીસ વર્ષ લગી કેવળ અંધકારમાં રહી વિરક્ત શાંતિથી જગતના ઝંઝાવાતો નીરખનાર જર્મન સમ્રાટ કેસર (=સીઝર=સમ્રાટ)નો પહેલા વિશ્વયુદ્ધને અંતે ગાદીત્યાગ. હકીકતે જેનો એ જવાબદાર નહોતો એ વિશ્વયુદ્ધ સળગાવવાનો એના પર આરોપ હતો, જે નાપાયાદાર ઠરેલો. ગાદી છોડ્યા પછી હોલૅન્ડમાં ડૂર્ન મુકામે રાજકારણથી બિલકુલ અલિપ્ત બની એ દુનિયાના અને પોતાના જ દેશના છેક બીજા વિશ્વયુદ્ધ સુધીના અનેક ઐતિહાસિક પલટાઓનો તિતિક્ષામય અદ્ભુત શાંતિથી કેવળ મૂક નિરીક્ષક બની રહ્યો. ૧૯૪૧માં એનું અવસાન થયું.

અને આ જ માસ નવેમ્બરમાં—

૧૨ (૧૯૩૦) હિંદી સ્વાતંત્ર્યની વિચારણા માટે લંડનમાં પહેલી ગોળમેજી પરિષદ યોજાઈ.

૧૩ (૧૯૧૩) કવિવર ટાગોરના 'ગીતાંજલિ'ને નોબેલ પુરસ્કાર મળ્યો.

૧૭ (૧૮૬૯) પૂર્વપશ્ચિમના જલમાર્ગને ટૂંકાવતી સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું. આ નહેરની યોજનાને સાકાર કરનાર વિખ્યાત ફ્રેંચ ઈજનેર ફર્ડિનાન્ડ દ લેસેપ્સનો જન્મ પણ ૧૮૦૫માં આ જ માસની ૧૯મી તારીખે થયેલો. આ નહેર અંગેના બ્રિટન સાથેના ઈ. ૧૯૩૬ના કરાર રદ કરી એનો કબજો લેવાની ઇજિપ્તની જાહેરાત પણ ઈ. ૧૯૫૧માં આ જ માસની ૯મી તારીખે થયેલી.

૨૪ (૧૮૫૯) ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાંતિ વિષેનો પોતાનો સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો.

૨૭ (૧૦૦૧) હિંદોસ્તાંની સમૃદ્ધિ લૂંટવા આવેલા તુર્ક ગુલામ સબક્તગીનને કાબુલથી પાછો વાળ્યા બાદ એના પુત્ર મહમદ ગઝનીના આક્રમણનો પણ પેશાવરમાં લાહોરના હિંદુ રાજા જયપાલે સામનો કર્યો, પણ સૈન્યની અશિસ્તથી એની હાર થતાં એણે આત્મહત્યા કરી. મુસ્લિમ આક્રમકો સામે થનાર એ છેલ્લો હિંદુ રાજા હતો.

વેર, વ્યસન, વૈભવ ને વ્યાજ વહાલાં થઈ કરશે તારાજ;
વધારશો તો ખોશો લાજ, ઘટાડશો તો કરશો રાજ.

ભોજન પતાવી અબોટ કરી રહેલી એક ગૃહિણીને આંગણે ભિક્ષા માગવા ગએલા સમર્થ સ્વામી રામદાસની કુ-સમયની ટેલથી ખિજાએલી ગૃહિણીએ બહાર આવી અબોટનું લૂગડું સ્વામીજી પર ફેંક્યું. આથી જરા પણ રોષે ન ભરાતાં એ કપડાને કમંડળમાં નાખી લઈ, નદી-કિનારે જઈ, તેને સાફ કરી સૂકવીને પોતાની કુટિરે આવ્યા, અને સાંજે તેમાંથી વણેલી દિવેટ વડે આરતી પ્રકટાવી પ્રાર્થના કરી: 'હે પ્રભુ! જે વડે આપની આરતી આ પ્રકાશ રેલાવી રહી છે તે કપડાની માલિક પેલી બાઈના હૃદયને પણ આપ આવું પ્રકાશમાન બનાવો.'

ગણિત ગમ્મત: કોઈ પણ પાસેપાસેની બે રકમોના ક્યૂબ (ઘન)નો તફાવત, તે મૂળ બે રકમોના વર્ગના સરવાળા તેમજ, તે બે રકમોના ગુણાકાર જેટલો વધારે છે. દા. ત. $૪^૩ - ૩^૩ = ૪^૨ + ૩^૨ + (૪ \times ૩)$. (નૌતમ વખારિયા)

કહેવતોના અર્થ: 'ડાહીબાને તેડાવો, ને ખીરમાં મીઠું નંખાવો.'–અક્કલનો છાંટો ય ન હોય છતાં શેખીમાંથી હાથ કાઢતાં ન હોય એવાં માણસોને માટે વપરાતી આ કહેવતનો વાચ્યાર્થ સ્પષ્ટ તેટલો જ સચોટ છે, કે એવાં માણસોના સંગ, સલાહ કે કાર્યોજન મૂર્ખાઈ ભર્યાં, નુકસાનકારક કે વિપરીત જ હોવાનાં.

અનેકાર્થી શબ્દ: **માષ** = અરધી ચણોઠી જેટલું વજન—માસો; તોલાનો બારમો ભાગ; હેમંત ઋતુમાં પાકતું કઠોળ; મઠ તથા અડદ; પાણિનિના સમયમાં વપરાતો એક સિક્કો; મૂર્ખ માણસ; બાફેલું ચૂલું.

એવી ગણતરી કરવામાં આવી છે કે દરેક માણસના શરીર પર લગભગ ૨૦ લાખ છિદ્રો હોય છે. સરાસરી દર ચોરસ ઈંચે ૫૦૦ છિદ્રો થાય; પણ હાથ અને પગ ઉપર દર ઈંચે ૨૦૦૦ છિદ્રો છે. આ દરેક છિદ્ર નીચે પરસેવાની એક એક ગ્રંથિ હોય છે. ઉનાળાના સાધારણ દિવસમાં સામાન્ય માણસનું શરીર એક ક્વાર્ટ પરસેવો ઉત્પન્ન કરે છે.

કેટલાક હીરાઓ આકાશમાંથી પૃથ્વી પર પડ્યા છે. આકાશમાંથી ખરતા તારા (ઉલ્કા)માંનું પીગળેલું લોખંડ એકદમ જો ઠંડું પડે તો તેમાંના કાર્બન તત્ત્વની ઘનતામાં મોટો ફેરફાર થાય છે ને તેથી હીરા બને છે. દક્ષિણ આફ્રિકામાં કિમ્બર્લીની હીરાની ખાણો આવા ખરતા તારાને આભારી છે એમ વૈજ્ઞાનિકો માને છે.




પનીર (ચીઝ)ની ૫૦૦થી યે વધુ જાત બને છે. ઊંટ, ઘેટાં, લામા અને રેઈનડીઅરના દૂધમાંથી પણ એ બનાવાય છે.

કપડામાં આજકાલ બટનને બદલે ઝિપ વધુ વપરાય છે. કેટલીક વાર તે સજ્જડ થઈ જતાં ઉઘાડવાસ કરવામાં મુશ્કેલી પડે છે. એમ ન થાય એ માટે એના દાંતા પર મીણબત્તી ઘસી રાખવાથી એ સરળતાથી કામ આપશે.

દરેક ઘરને નંબર આપવાની પદ્ધતિ સૌપહેલી નેપોલિયને અમલમાં આણી.

હિટલર, મુસોલિની અને નેપોલિયન ધૂમ્રપાન કરતા નહોતા.

હિંદુસ્તાનમાં રવિવારે રજા પાળવાનો રિવાજ ૧૮૪૩માં અંગ્રેજોએ દાખલ કર્યો.



કલાકણિકા: બેગ્રામ (અફઘાનિસ્તાન)માંથી મળેલું સ્ત્રી-આકારનું એક જલપાત્ર.



આકાશદર્શન-૧૨ · નવેમ્બર-ડિસેમ્બર

બાર માસના આકાશદર્શન સાથે આપણે જ્યાંથી આરંભ કરેલો ત્યાં લગભગ આવી પહોંચ્યા છીએ. બાર રાશિ કે અભિજિત સાથે ગણતાં ૨૮ નક્ષત્રોમાં વહેંચાએલા આકાશના આ દષ્ટિપર્યટનનું એક ચક્ર આપાંગ્ અહીં મીન રાશિ અને રેવતી નક્ષત્રના દર્શન સાથે પૂરું કરીશું. નકશાના આધારે આકાશમાં આ મીન રાશિ અને રેવતી નક્ષત્રને ઓળખી શકાશે. મીન (Pisces) એ બારમાંની છેલ્લી રાશિ અને રેવતી એ છેલ્લું નક્ષત્ર છે. આના પછી મેષ રાશિ કે અશ્વિની નક્ષત્રથી આપણા રાશિ કે નક્ષત્રચક્રનો આરંભ લેખાય છે. મીનથી અગ્નિ દિશામાં 'તિમિ' (Cetus) મંડળમાં 'મિરા' (Mira) એ રૂપવિકારી તારાનું એક ફમદા દષ્ટાંત છે. આ જ અરસામાં 'યયાતિ' મંડળમાં દેખાતો 'અલ્ગોલ' એ ઉત્તરના આવો જ રૂપાધિકારી તારો છે. પણ અલ્ગોલના તેજની વધઘટ અલ્પકાલિક અને નિયમિત છે, જ્યારે મિરાના તેજની વધઘટનું ચક્ર મોટું તથા અનિયમિત છે. લગભગ અગિયાર માસ જેટલા સમય દરમિયાન બીજા વર્ગથી માંડી નવમા વર્ગના અતિશય ઝાંખા (નરી આંખે તો અદશ્ય એવા) તારા જેટલું તે થઈ જાય છે, ને આમ, ક્યારેક એ તેજસ્વી દેખાતો તારો અમુક સમયે તદ્દન અદશ્ય બની જાય છે. તિમિથી અગ્નિએ, મૃગ નક્ષત્ર પાસેથી આરંભાઈ છેક દક્ષિણ ક્ષિતિજ સુધી વાંકાચૂકા વળાંકા લેતી 'વૈતરણી'ના તારા પણ ઝાંખા દેખાય છે, છતાં પચાસેક તારાઓનું એ મંડળ ઓળખી તો શકાશે. એમાંનો છેલ્લો 'નદીમુખ' તારો છેક દક્ષિણ ક્ષિતિજ પર છે પણ પ્રથમ વર્ગનો હોઈ સહેલાઈથી જોઈ શકાય છે. આપણાથી એ ૧૫૦ પ્રકાશવર્ષ દૂર છે.